
# તોહફ-એ-દુરૂદ વ દુઆ



-: સંપાદક :-

ખલીફ-એ-શેખુલ-ઇસ્લામ હાજી ઇબ્રાહીમભાઇ વડીયાવાલા


(અહમદાબાદ)

-: પ્રકાશક :-

મોહદ્દિસે આઝમ મિશન (ગુ.પ્ર) હેડ ઓફિસ

(અહમદાબાદ)

# તોહફ-એ-દુરૂદ વ દુઆ



-: સંપાદક :-

ખલીફ-એ-શૈખુલ-ઇસ્લામ

હાજી ઇબ્રાહીમભાઈ વડીયાવાલા

(અહમદાબાદ)

આ કિતાબ સંપાદક-પ્રકાશકની પરવાનગીથી કોઈ પણ સંસ્થા કે ટ્રસ્ટ છપાવી શકે છે.

કિતાબનું નામ : તોહફ-એ-દુરૂદ વ દુઆ

સંપાદક : ખલીફ-એ-શૈખુલ-ઇસ્લામ હાજી ઇબ્રાહીમભાઈ વડીયાવાલા

ટાઇપ સેટીંગ : ઇસ્હાકભાઈ (અલીણા ગ્રાફિક્સ, અહમદાબાદ)

પ્રિન્ટેડ બાય : હસનૈન ગ્રાફિક્સ એન્ડ ઓફસેટ પ્રિન્ટીંગ (પાદરા)

પ્રકાશક : મોહદ્દિસે આઝમ મિશન (ગુ.પ્ર.) હેડ ઓફિસ

હદિયો : દુઆએ ખૈર

પ્રથમ આવૃત્તિ : રમઝાન ૧૪૩૯ હિ. (૨૦૧૮ ઇ.)

નંગ : ૩૦૦૦

## -: પ્રાપ્તિસ્થાન :-

મોહદ્દિસે આઝમ મિશન (ગુ.પ્ર.) હેડ ઓફિસ

મસ્જિદે શૈખુલ-ઇસ્લામની બાજુમાં, અલિફ કિરાણાની સામે,

રસૂલાબાદ, શાહેઆલમ, અહમદાબાદ, ગુજરાત.

મો. : ૯૬ ૨૪ ૨૨ ૧૨ ૧૨

તથા મોહદ્દિસે આઝમ મિશનની તમામ બ્રાન્ચો

# અનુક્રમણિકા (INDEX)

બે બોલ ....................................................૫
અઝમતે મુસ્તફા (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) ..............૭
એક નસીહત ..................................................૧૪
હમ્દે બારી તઆલા ............................................૧૫
શાને સરકારે દો આલમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)
અલ્લાહની બારગાહમાં ..........................................૧૯
દરૂદ શરીફની ફઝીલતમાં અહાદીષે કરીમા ...........................૨૦
ગુલ્દસ્ત-એ-દુરૂદ ..............................................૨૫
તોહફ-એ-દુઆ .................................................૭૯
પ્રસ્તાવના ....................................................૮૦
અલ્લાહ દૂર નથી તેનાથી સવાલ કરો, દુઆ માંગો ! ..................૮૩
અલ્લાહ તઆલા જેને ચાહે ઇઝ્ઝત આપે. ..........................૮૫
રસૂલનાં વસીલાથી ઉમ્મતીની દુઆ કબૂલ થશે. ......................૮૬
અલ્લાહની બારગાહમાં વસીલો શોધો ! ............................૮૮
ધીમા અવાઝે અને રડી રડીને દુઆ કરો. ..........................૮૯
અલ્લાહનાં મકબૂલ બંદાઓથી દુઆ કરાવવી ........................૯૦
તકલીફ અને રાહત બન્ને હાલતમાં દુવા તથા શુક્ર કરવો જોઈએ. ....૯૪
માત્ર અલ્લાહથી જ ફરિયાદ, સૈયદના યાકૂબ અલયહિસ્સલામ .......૯૬
બુઝુર્ગોથી દુઆ કરાવવી ........................................૯૭
દુઆએ સૈયદના યૂસુફ અલયહિસ્સલામ ............................૯૭
સૂરએ ફાતિહાની બરકતો .......................................૯૮
ઇન્સાન પોતાનાં માં-બાપ માટે દુઆ કરે ..........................૧૦૦
અલ્લાહ તઆલા ફરમાવે છે મારાથી ઇલ્મ માંગો ....................૧૦૧
અલ્લાહ ઈમાનવાળાઓની દુઆ તથા તૌબા કબૂલ કરે છે. .........૧૦૬
મુસાફરીનાં સમયની દુઆ ......................................૧૦૭
અય નબી ! મુસલમાનોનાં ગુનાહોની માફી માંગો ..................૧૦૮

ફાતેહાની અસલ / દુઆ કઈ રીતે માંગવી? ........................૧૦૯
તૌબા કરવા / માફી માંગવાનાં ફાયદા ........................૧૧૧
નમાઝ બાદ દુઆ કરે. ........................૧૧૩
માફી માંગવાનાં ફાયદા ........................૧૧૩
નબીઓ તથા નેક લોકોની માંગેલ દુઆ ........................૧૧૫
સૈયદના હઝરત આદમ અલયહિસ્સલામની દુઆ કબુલ થવાનો બનાવ ..૧૧૫
બની ઇસરાઈલનું નબીએ કરીમનાં વસીલાથી દુઆ કરવું. ........................૧૧૮
હઝરત સઅદ ઇબ્ને વકાસને સરકારની નસીહત ........................૧૧૯
હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામની દુઆ મુર્દા સાંભળે છે. ........................૧૨૦
હઝરત ઝકરિય્યા અલયહિસ્સલામની ઔલાદ માટેની દુઆ ........................૧૨૧
હઝરત ફારૂકે આઝમ રદિયલ્લાહ અન્હુની દુઆ ........................૧૨૨
મક્કાનાં મઝલૂમ અને કમઝોર મુસલમાનોની દુઆ ........................૧૨૪
સૈયદના હઝરત મૂસા અલયહિસ્સલામની દુઆ ........................૧૨૫
હઝરત ઈસા અલયહિસ્સલામની દુઆ ........................૧૨૬
દુઆએ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ ........................૧૨૮
હઝરત મૂસા અલયહિસ્સલામની દુઆ ફિરઔનીયો માટે ........................૧૨૯
દુઆએ હઝરત યૂસુફ અલયહિસ્સલામ ........................૧૩૧
દુઆએ ઇબ્રાહીમ અલયહિસ્સલામ મૂર્તિપૂજાથી બચવાના બારામાં ........૧૩૧
દુઆએ હઝરત ઝકરિય્યા અલયહિસ્સલામ ........................૧૩૩
દુઆએ સૈયદના મૂસા અલયહિસ્સલામ ........................૧૩૫
દુઆએ હઝરત ઐયૂબ અલયહિસ્સલામ ........................૧૩૬
દુઆએ સૈયદના યૂનુસ અલયહિસ્સલામ ........................૧૩૮
દુઆએ હઝરત ઝકરિય્યા અલયહિસ્સલામ ........................૧૪૦
હઝરત નૂહ અલયહિસ્સલામની દુઆ, કાફિરોથી ઇન્તેકામ માટે ........૧૪૨
દુઆએ હઝરત સુલૈમાન અલયહિસ્સલામ ........................૧૪૪
ફરિશ્તાઓની દુઆ મુસલમાનોનાં હકમાં ........................૧૪૫
આલે ફિરઔનની દુઆ ........................૧૪૮
દુઆએ સૈયદના સિદ્દીકે અકબર રદિયલ્લાહુ અન્હુ ........................૧૪૯
દુઆએ હઝરત નૂહ અલયહિસ્સલામ ........................૧૫૦
રબ્બના અને મસ્નૂન દુઆઓ (કુરઆની દુઆઓ) ........................૧૫૧

# બે બોલ

## નહ્-મ-દુહુ વ નુસલ્લી અલા રસૂલિહિલ કરીમ.

## અમ્મા બાદ

તમામ તારીફ, હમ્દ, શુક્ર એ અલ્લાહ જલ્લ શાનુહુનાં માટે, જેણે આપણા સહુની ઈમાન અને ઈસ્લામની તરફ રહેનુમાઈ ફરમાવી. અને આ દૌલત તેણે માત્ર પોતાના ફઝલ અને કરમથી અતા ફરમાવી (આપણા કોઈ અમલનાં નતીજામાં નહીં). કારણકે બ-કૌલ હઝરત શૈખુલ-ઈસ્લામ સૈયદ મોહમ્મદ મદની અશરફી જીલાની (આપે ફરમાવ્યું), અય અલ્લાહનાં બંદા ! તૂ ગૌર કર કે જયારે તૂ પૈદા જ નહોતો થયો અને તારૂ વજુદ, તારૂ અસ્તિત્વ જ ન હતું, જયારે તૂ જ ન હતો, તો તારો એ કયો અમલ? જેણે તને ઈમાનો ઈસ્લામ અતા કર્યા. એ ચાહતો, તો તને પશુ, પક્ષી, પ્રાણી કંઈ પણ બનાવતો. પરંતુ તેણે તને અશરફુલ-મખ્લૂકાત ઈન્સાન બનાવ્યો. તને લૂલો, લંગડો, આંધળો, બહેરો બનાવી શકતો હતો. તેણે સહી સલામત જિસ્મ અતા ફરમાવ્યું. તને કાફિર બનાવી શકતો હતો, પંરતુ તને મોમિન બનાવ્યો અને સહુથી મોટું ઈનામ, કે તને પોતાના અંતિમ નબી, મહેબૂબ કે જેના સદકે દુનિયા બની, તેવા મુહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમની ઉમ્મતમાં પૈદા કર્યો.

અલ્લાહનો કરમ બાલાએ કરમ તો એ, કે આદમની ઔલાદને પૈદા કર્યા પછી તેણે પોતાના નબીઓને આપણી રહેનુમાઈ માટે પૈદા ફરમાવ્યાં. અને જયારે પોતાના અંતિમ નબી સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ(સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)ને દુન્યાથી બોલાવી લીધાં, તો ઔલિયાએ કિરામનાં ઝરીયે આપણી હિદાયતનો સામાન કરતો રહ્યો. બેશક તે પોતાના બંદાઓ ઊપર ખૂબ જ દયાળુ, કૃપાળુ છે. અને તેણે મુસલમાનોની મદદ કરવાનું પોતાના ઝિમ્મે

કરમ પર લીધુ છે. તેની રહેમત, તેના ગઝબ પર ગાલિબ છે. તે કદી કોઈ નફસ પર તેની તાકત કરતાં વધારે બોજ નથી લાદતો.

દુરૂદો સલામ એ નબી-એ-રહેમત પર અને તેમની ઔલાદ પર, જેમના તુફૈલ આ કાઈનાત વજૂદમાં આવી. જેમના માટે ખુદ રબ્બે કદીર ફરમાવે છે : **અય મહેબૂબ ! અગર હૂં તને પૈદા ન કરતો, તો ઝમીન, આસ્માન, અર્શ, કુર્સી, લૌહ-કલમ, જન્નત, દોઝખ કંઈ જ ન બનાવતો.**

દુરૂદો સલામ એ નબી પર અને તેમની આલ પર, જેમના તુફૈલ અલ્લાહ તઆલાએ આપણને ઝૂઠા અને બાતિલ મઅબૂદો, મુર્તિયો વગેરેથી બચાવ્યાં. અને જન્નત તરફ જવાનો રસ્તો બતાવ્યો. અને જેમની મોહબ્બતે આપણને બદઅકીદા, ગુમરાહ અને બાતિલ ફિર્કાવાળા, જેઓએ મુસલમાનોનાં ઘરમાં પૈદા થઈને ઈસ્લામ છોડી દીધો, જેમના અકીદા ગુમરાહ, અને ઈમાન ખરાબ થઈ ગયા, તેવા લોકોનાં ગિરોહથી બચાવ્યાં.

હમ્દે બારી તઆલા અને નઅતે સરકાર (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ) બાદ આ કિતાબ લખવાનું કારણ એ, કે આજે જયારે બદઅકીદા લોકોની સોહબતનાં લીધે મુસલમાનો દીનો સુન્નિયતથી દૂર જઈ રહ્યાં છે, ત્યારે સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહિ વસલ્લમ)ની બારગાહમાં સલાતો સલામ પેશ કરવા અને વીરાન દિલોમાં ઈશ્કે રસૂલની શમા રૌશન કરવી અને જેના લીધે લોકોને સરકારની બુલંદો બાલા શાન અને અલ્લાહનાં નઝદીક સરકારનો જે મકામ છે તેનો અંદાઝ આવે અને એ પણ ખ્યાલ આવે કે આપણાથી અગાઉનાં લોકોનાં શા અકીદા હતા? તે સમજાવવાનો નાનકડો અને નમ્ર પ્રયાસ છે, અને ખાકસારની આખિરતનો ઝરીયો બને તે માટેની એક કોશિશ માત્ર છે.

# અઝમતે મુસ્તફા સલ્લલ્લાહો અલૈહિ વસલ્લમ

અઝ : શિબ્લીએ દૌરા, નવાસ-એ-શૈખુલ-ઇસ્લામ સૈયદ અબૂબક્ર
શિબ્લી મિયાં અશરફી જીલાની કિછૌછવી

વ અજ્-મ-લ મિન્ક લમ્ ત-ર-કત્તુ-ઐની,
વ અક્-મ-લ મિન્ક લમ્ તલિદિન્નિસાઅ.
ખુ-લિક્-ત મુબ્બર્-અમ્ મિન્ કુલ્લિ ઐબિન્,
ક-અન્ન-ક કદ્ ખુ-લિક્-ત કમા તશાઅ.

(આપસે ઝિયાદા હુસ્નો જમાલવાલા મેરી આંખને કભી દેખા હી નહીં. ઔર આપસે ઝિયાદા કમાલવાલા કિસી ઔરતને જના હી નહીં. યા રસૂલલ્લાહ ! આપ હર ઐબસે પાક પૈદા કિયે ગએ હૈં. ગોયાકે આપ અપની મરઝીકે મુતાબિક પૈદા કિયે ગએ હૈં).

(હઝરત હસ્સાન બિન સાબિત રદિયલ્લાહુ તઆલા અન્હુ)

અલ્લાહ તઆલાકી મુકદસ કિતાબ કુર્આને પાકને મુકમ્મલ તૌરસે અઝમતે મુસ્તફા, શાને રિસાલતકો આશ્કારા કર દિયા હૈ. સબસે બડી બાત તો યેહ હૈ કે ૨૩ બરસોંમેં કુર્આને પાકકા નુઝૂલ ખાતિમુલ્ અમ્બિયાકે હસ્બે શાન વ ઝરૂરત નાઝિલ હુવા. આપ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ અગર મક્કામેં રહે તો મક્કામેં, મદીનામેં રહે તો મદીના શરીફમેં, હત્તા કે બઝ્મે સહાબામેં હોં તો વહાં ઔર અગર મૈદાને જંગમેં હોં તો મૈદાને જંગ, હત્તા કે અગર આપ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ હુજરએ આઇશા સિદીકા વ ઉમ્મહાતુલ્ મોઅમિનીનમેં હોં તો વહાં કુર્આન નાઝિલ હો રહા હૈ.

કુરઆને પાકને ભી બારગાહે મુસ્તફાકે આદાબ વ ઝાતે મુસ્તફાકી મઅરેફતકા બેહતરીન ઉસ્લૂબ ઇનાયત ફરમાયા હૈ. ચુનાંચે કુર્આન વિલાદતે મુસ્તફાકો જબ બયાન કરતા હૈ, તો ફરમાતા હૈ,

قَدْ جَآءَكُمْ مِّنَ اللّٰهِ نُوْرٌ وَّ كِتَابٌ مُّبِيْنٌ ○

(આ ગયા તુમ્હારે પાસ અલ્લાહકી જાનિબસે એક નૂર ઔર રૌશન કિતાબ).

ઔર વોહી નૂર જબ લિબાસે બશરમેં જલ્વાગર હો કર મક્કા ઔર મદીનાકી આબાદિયોંમેં ઈન્સાની મુઆશરાકી તશ્કીલ કર રહા થા ઔર જબ ચાલીસ બરસકે બઅદ વહીએ ઈલાહી કે ઝરીયે અપની નુબુવ્વતકે એઅ્લાનકે સાથ મઅરેફતો તૌહીદકા એક અઝીમ તોહફા પેશ કર રહા થા, તો ઝરૂરત ઈસ બાતકી થી કે એલાન કરનેવાલા હૈ કોન ? તો કુર્આને પાકને ઉનકી શનાખ્ત વ બયાન કરનેકે લિયે ફરમાયા,

اِنَّاۤ اَرْسَلْنٰكَ شَاهِدًا وَّ نَذِيْرًا وَّ دَاعِيًا اِلَى اللّٰهِ بِاِذْنِهٖ

وَ سِرَاجًا مُّنِيْرًا ○

(અય મહબૂબ ! હમને આપકો ગવાહ, હાઝિરો-નાઝિર, ખુશખબરી દેનેવાલા ઔર ડર સુનાનેવાલા ઔર અલ્લાહકી તરફ દઅવત્ દેનેવાલા બના કર ભેજા ઉસકે હુક્મસે ઔર રૌશન આફતાબ બનાકર ભેજા).

સેગએ " **અરસલ્ના** "સે હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમકી રિસાલત પર નસ્સે કતઈ હૈ. ઈસ લિયે હુઝૂરકી રિસાલતકા મુન્કિર કાફિર ઔર ખારિજે ઈસ્લામ હૈ.

ઔર દૂસરી જગહ શાને રિસાલતકો બયાન કરનેકે લિયે કુર્આન ફરમાતા હૈ,

وَمَاۤ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ○

(અય મહબૂબ હમને આપકો પૂરી દુનિયાકે લિયે રહમત બનાકર ભેજા).

ઔર રિફઅત વ બુલંદીકા ઝિક્ર આયા, તો બયાન હુવા,

وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ○

(અય મહબૂબ ! હમને આપકે લિયે આપકા ઝિક્ર બુલંદ કર દિયા).

કબ તક યેહ બુલંદી હે? તો વાઝેહ બયાન હુવા,

وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى ○

(હર આનેવાલા દિન આપકે લિયે પહલેસે બેહતર હૈ).

અતાએ ખુદાવંદીકી બાત આઈ, તો કુર્આનને ફરમાયા,

اِنَّاۤ اَعْطَيْنٰكَ الْكَوْثَرَ ○

(અય મહબૂબ ! હમને આપકો કૌષર અતા કિયા).

મહબૂબકો ખુશ કરનેકી બાત આઈ, તો કુર્આન ફરમાતા હૈ,

وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى ○

(અય મહબૂબ ! અન-કરીબ હમ આપકો ઈતના દેંગે કે આપ રાઝી હો જાઓગે).

ઔર ઉનકે દેખનેકે લિયે કુર્આન ફરમાતા હૈ,

مَا زَاغَ الْبَصَرُ وَمَا طَغٰى ○

(ન ફિરી આંખ ઔર ન હદસે બાહર ગઈ).

ઔર બોલનેકી બાત આઈ, તો ફરમાયા,

وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى اِنْ هُوَ اِلَّا وَحْيٌ يُّوْحٰى ○

(ઔર યે નબી અપને ખ્વાહિશે નફસાનીસે નહીં બોલતે. બલ્કે વો વો જો કુછ કહતે હૈં, વો વહીએ ઈલાહી હોતી હૈ).

ઔર જબ મુસ્તફાકી સૈરકી બાત આઈ, તો કુર્આનને ફરમાયા,

سُبْحٰنَ الَّذِىْۤ اَسْرٰى بِعَبْدِهٖ لَيْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ اِلَى الْمَسْجِدِ الْاَقْصَا ○

(પાક હૈ વો ઝાત, જો લે ગઈ બંદેકો રાતો રાત મસ્જિદે હરામસે મસ્જિદે અકસા તક).

ઈસી તરહ નબી-એ-પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમકી બારગાહકા અદબ ભી કુર્આનને બતાયા હૈ. ચુનાંચે કુર્આનમેં હૈ,

يَاۤيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَ رَسُوْلِهٖ

وَاتَّقُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ ۝

(અય ઈમાનવાલો ! અલ્લાહ ઔર ઉસકે રસૂલસે આગે ન બઢ્હો. અલ્લાહસે ડરો. બેશક અલ્લાહ સુનતા ઔર જાનતા હૈ). યઅની તુમ્હેં લાઝિમ હૈ કે અસ્લન તુમસે તકદદુમ વાકેઅ ન હો, ન કૌલમેં, ન ફેઅલમેં. ઈસી તરહ બારગાહે મુસ્તફામેં આવાઝ બુલંદ કરનેકે બારેમેં આયત નાઝિલ હૂઈ,

يَاۤيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْۤا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ وَلَا تَجْهَرُوْا لَهٗ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَاَنْتُمْ لَا تَشْعُرُوْنَ ۝

(અય ઈમાનવાલો ! અપની આવાઝેં ઉંચી ન કરો ઉસ ગૈબદાં નબીકી આવાઝસે, ઔર ઉનકે હુઝૂર બાત ચિલ્લા કર ન કહો, જૈસા આપસમેં એક દૂસરેકે સામને ચિલ્લાતે હો. કહીં તુમ્હારે આમાલ અકારત ન હો જાએં ઔર તુમ્હેં ખબર ન હો).

કુરઆને પાકમેં ફેઅલે નબીકો ફેઅલે ખુદાસે તઅબીર કિયા ગયા. ચુનાંચે ઈર્શાદ હુવા,

وَمَا نَقَمُوْۤا اِلَّاۤ اَنْ اَغْنٰهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ ۝

(ઔર ઉન્હેં ક્યા બુરા લગા? યહી ન કે અલ્લાહ ઔર ઉસકે રસૂલને ઉન્હેં અપને ફઝ્લસે ગની કર દિયા).

યેહ નિહાયત દર્જાકી બુલંદી હૈ કે ખુદ ખુદાએ તઆલા નબીકે

કામકો અપના કામ ઔર નબીકે હાથકો અપના હાથ ફરમાયા. ચુનાંચે કુરઆને પાકમેં હૈ,

إِنَّمَا يُبَايِعُونَ اللّٰهَ... يَدُ اللّٰهِ فَوْقَ أَيْدِيهِمْ ○

(વોહ જો તુમ્હારી બૈઅત કરતે હૈં, વોહ તો અલ્લાહ હીસે બૈઅત કરતે હૈં. ઉનકે હાથ પર અલ્લાહકા હાથ હૈ).

હકીકતમેં અલ્લાહ આઝાએ જવારેહ સે પાક હૈ. લેકિન યહાં સિર્ફ કુર્બતે ખુદાવંદી મુરાદ હૈ કે રસૂલસે વાદા કરના અલ્લાહસે વાદા કરના હૈ. રસૂલકી ઈતાઅત ખુદાકી ફરમાં બરદારી હૈ. જૈસા કે કુર્આને પાકમેં હૈ,

مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ ○

(જિસને રસૂલકી ઈતાઅત કી, તો ઉસને અલ્લાહકી ઈતાઅત કી). મઅલૂમ હુવા કે નબી અલ્લાહકે નાઈબ ઔર મઝહરે કામિલ હૈં. યેહી વજહ હૈ કે આલમ પર તસર્રૂફ વ ઈખ્તિયાર હાસિલ હૈ.

નબી મુખ્તારે કુલ હૈં, જિસકો જો ચાહે અતા કરદેં,
ઝમીંકો આસમાં કર દે, સુરય્યાકો સરા કરદેં.

શાને મહબૂબકા આલમ યેહ હૈ કે ખુદા અપને મહબૂબ પર સલાત ભેજતા હૈ. કુર્આનને પાકમેં હૈ,

إِنَّ اللّٰهَ وَ مَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ ط

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا ○

(બેશક અલ્લાહ ઔર ઉસકે ફરિશ્તે દુરૂદ ભેજતે હૈં નબી પર. અય ઈમાનવાલો ! ઉન પર ખૂબ દુરૂદો સલામ ભેજો).

દુરૂદ શરીફ અલ્લાહકી તરફસે નબીએ કરીમ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમકી તકરીમ હૈ. ઓલમાને અલ્લાહુમ્મ સલ્લે

અલા મોહમ્મદકે મઅના યેહ બયાન કિયે હૈં, યા રબ મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમકો અઝમત અતા ફરમા. દુન્યામેં ઉનકા દીન બુલંદ ઔર ઉનકી દઅવત ગાલિબ ફરમા કર ઔર ઉનકી શરીઅતકો બકા અતા ફરમા કરકે આખિરતમેં ઉનકી શફાઅત કુબૂલ ફરમાકર ઔર ઉનકા ષવાબ ઝિયાદા કરકે ઔર અવ્વલીન વ આખેરીન પર ઉનકી ફઝીલતકા ઈઝહાર ફરમાકર ઔર અમ્બિયા વ મુરસલીન વ મલાઈકા ઔર તમામ ખલ્ક પર ઉનકી શાન બુલંદ કરકે.

**-: ફઝાઇલે દુરૂદ શરીફ :-**

દુરૂદ શરીફકી બહુત ફઝીલતેં ઔર બરકતેં હૈં. મુસ્લિમ શરીફકી હદીષ શરીફમેં હે કે સૈયદે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમને ફરમાયા કે જબ દુરૂદ ભેજનેવાલા મુઝ પર દુરૂદ ભેજતા હૈ તો ફરિશ્તે ઉસકે લિયે મગ્ફેતરકી દુઆ કરતે હૈં. ઉસીમે હૈ કે જો મુઝ પર એક બાર દુરૂદ ભેજતા હૈ અલ્લાહ તઆલા ઉસ પર દસ બાર દુરૂદ ભેજતા હૈ. તિર્મિઝી શરીફમેં હૈ કે બખીલ હૈ વોહ, જિસકે સામને મેરા ઝિક્ર કિયા જાએ ઔર વો મુઝ પર દુરૂદ ન ભેજે. હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમકી હદીષ હૈ કે રોઝે કયામત તીન શખ્સ પર અર્શકા સાયા હોગા, અર્ઝ કિયા ગયા, યા રસૂલલ્લાહ ! વોહ તીન શખ્સ કોન હૈ? હુઝૂરને ફરમાયા,

(૧) વોહ શખ્સ, જો મેરે કિસી ઉમ્મતીકી પરેશાની દૂર કરદે,

(૨) મેરી સુન્નતકો ઝિન્દા કરનેવાલા, ઔર

(૩) મુઝ પર કષરતસે દુરૂદ પઢનેવાલા.

મઅલૂમ હુવા કે કષરતે દુરૂદ અફઝલ ઈબાદતસે હૈ. ચુનાંચે હઝરત ઈબ્રાહીમ બિન અલી બિન અતિય્યહ રહમતુલ્લાહિ અલયહને ફરમાયા કે મૈંને ખ્વાબમેં સરકારે મદીના સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમકી ઝિયારત કી, તો અર્ઝ કિયા, યા રસૂલલ્લાહ ! મૈં આપકી શફાઅતકા સવાલી હૂં. તો સરકારને ઈર્શાદ ફરમાયા,

اَكْثِرُوْا مِنَ الصَّلٰوة

યઅની મુઝ પર કષરતસે દુરૂદે પાક પળ્હા કરો.

બિહમ્દેહિ તઆલા ઝેરે નઝર રિસાલ-એ-તામ્મહ બનામ **"તોહફ-એ-દુરૂદ વ દુઆ"** જો અપની નૌઈય્યતમે નિહાયત ઉમ્દહ ઔર મુફીદે ખાસ વ આમ હૈ, દેખ કર તબીઅત ખુશ હૂઈ, અઝમતે મુસ્તફા ઔર ફઝીલતે દુરૂદ પર તસ્નીફ- કર્દા યેહ કિતાબ બારગાહે અકદસમેં મકબૂલ હૂઈ હૈ. દુઆગો હૂં કે રબ તઆલા ઈસે ભી શર્ફે કુબૂલસે નવાઝે. આમીન બેજાહે સય્યેદિલ- મુરસલીન વ આલેહી વ અસ્હાબેહી અજમઈન.

ખૈર અંદેશ
ફકીરે અશરફી, ગદાએ જીલાની
સૈયદ અબૂ બકર શિબ્લી અશરફ અશરફીયુલ્ જીલાની કિછૌછવી
ગુ-ફિ-ર લ-હુ
સરબરાહે આલા દારૂલ-ઉલૂમ મોહદ્દિષે આઝમ અરેબિક કોલેજ,
ભાવનગર

# એક નસીહત

સૈયદુલ મુફસ્સિરીન રઈસુલ મુહક્કિકીન ઇમામુલ મુતકલ્લિમીન શહઝાદએ ગૌષે આઝમ સૈયદી વ મૌલાઈ ઈમામે હુમામ શૈખુલ-ઇસ્લામ વલ મુસ્લિમીન સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની ઈર્શાદ ફરમાવે છે :

તાલિબે ઝાત બનો ! તાલિબે લઝઝાત નહીં. !

અમલનાં બદલામાં દુન્યા ન ચાહો, ન આખિરત ચાહો, પરંતુ તેની રિઝા ચાહો, તેની ઝાત ચાહો અને તેનાથી દુઆ કરો, અય અલ્લાહ જલ્લ શાનુહુ ! અમારા આમાલને તારા અદલનાં તરાઝૂમાં ન રાખ ! બલ્કે અમારા પર ફઝલ ફરમાવ ! અને તારા ફઝલ અને કરમથી અમારા નાકિસ અમલને કબૂલ ફરમાવ !

બિસ્મિલ્લાહિર્ રહમાનિર્રહીમ
હમ્દે બારી તઆલા

☆

ઝર્રે ઝર્રેસે નુમાયા હૈ, મગર પિન્હા હૈ,
મેરે મઅબૂદ તેરી પર્દાનશીની હૈ અજીબ.
દૂર ઇતના કે તખય્યુલકી રસાઇ હૈ મુહાલ,
ઔર કુર્બતકા યે આલમ કે રગે જાં સે કરીબ.

અઝ : હઝરત શૈખુલ ઇસ્લામ

☆

કયા નિસ્તી હસ્તનુમાકી હસ્તી,
ધોકેસે ભરી હૈ માસિવાકી હસ્તી,
આસી ઈસ ધોકેમેં ન આના હરગિઝ,
હસ્તી હૈ તો બસ ખુદાકી હસ્તી.

- હઝરત આસી
રહમતુલ્લાહિ અલૈહિ

☆

બ-લ-ગલ્ ઉલા બિ ક-મા-લિહી,
ક-શ-ફદ્-દુજા બિ જ-મા-લિહી,
હ-સુ-નત્ જમીઉ ખિ-સા-લિહી,
સલ્લૂ અલૈહિ વ આલિહી.

- હઝરત શૈખ સઅદી
રહમતુલ્લાહિ અલૈહિ

(પોતાના કમાલથી બુલંદી પર પહોંચ્યાં. પોતાના જમાલથી અંધકારને દૂર કરી દીધો. આપની તમામ ખસ્લતો નેક છે. દુરૂદ પઢો આપ પર અને આપની આલ પર).

☆

યા સાહિબલ-જમાલિ વ યા સૈયિદલ-બશર,
મિંવ્ વજ્હિકલ-મુનીરિ લ-કદ્ નવ્વરલ્ કમર,
લા યુમ્કિનુષ્ષનાઉ કમા કા-ન હક્કુહુ,
બઅદ અઝ ખુદા બુઝુર્ગ તુઈ કિસ્સા મુખ્તસર.

- હઝરત મૌલાના અબ્દુર્રહમાન જામી
રહમતુલ્લાહિ અલૈહિ

(અય હુસ્નો જમાલવાળા અને અય તમામ ઈન્સાનોનાં સરદાર ! ચાંદ પણ આપના જ નૂરાની ચહેરાથી રૌશન અને મુનવ્વર છે. આપની એવી તારીફ, જેવો કે હક છે, કદી શક્ય જ નથી. ટૂંકમાં, ખુદા પછી સૌથી બુઝુર્ગ અને બુલંદો બાલા આપ જ છો).

☆

અજમ હનૂઝ ન દાનદ રમૂઝે દીં વરના,
ઝ-દેવબંદ હુસૈન એહમદ ઈચે બૂ લહબીશ્ત,
ચે ખબરે મકામે મુહમ્મદે અરબી અસ્ત
( સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ )
- શાયરે મશ્રિક ડૉ. ઈકબાલ
રહમતુલ્લાહિ અલૈહિ

તર્જમા : અજમીઓ હજી સુધી દીન (મઝહબ) નાં રાઝને સમજી જ નથી શક્યાં. દેવબંદનાં મૌલવી હુસૈન એહમદ મદનીએ જે કહ્યું કે વતન દીનથી વધીને છે. આ તો કેવી અજબ જેવી વાત છે કે આ માણસ (હુસૈન એહમદ દેવબંદી) મુહમ્મદે અરબીનાં મકામને જાણતો જ નથી. તૂ પોતાની ઝાતને હુઝૂરની ગુલામી સુધી પહોંચાડ, કે એ જ અસ્લ દીન છે. અને જો તૂ એ ન કરી શકે, તો હવે તૂ જે કંઈ કરે છે, તે અબૂ લહબી છે.

દેવબંદીઓના મૌલવી હુસૈન એહમદ મદનીએ દિલ્હીની જામે મસ્જિદમાં બેસીને જયારે અંગ્રેઝોની ખુશામત કરવા માટે કહ્યું કે વતનની ઈઝઝત ધર્મ કરતા વધીને છે, ત્યારે તેના જવાબમાં અલ્લામા ઈકબાલે ઊપર મુજબ કહ્યું.

☆

બજૂઝ યાદે દોસ્ત હરચે કુની ઉમ્ર ઝાએય અસ્ત,
બજૂઝ સિર્રે ઈશ્ક હરચે બખ્વાની બાતિલ અસ્ત,
સઅદી બશવ તૂ લૌહે દિલ, અઝ નકશે ગૈરે હક્ક,
ઈલ્મ કે રાહે હક્ક ન નુમાયદ જહાલત અસ્ત.

- હઝરત શૈખ સઅદી
રહમતુલ્લાહિ અલૈહિ

**ભાવાર્થ :** દોસ્ત(અલ્લાહ)ની યાદ સિવાય તૂ જે કંઈ કરે છે, તે ઉમ્ર બરબાદ કરવા બરાબર છે.

તૂ જે કંઈ પઢે છે, તે તમામ બેકાર બાતિલ છે.

અય સઅદી ! તૂ તારા દિલની પાટી પરથી ગૈરનાં નકશને મિટાવી દે.

કારણ કે જે ઈલ્મ તને રાહે હક્ક સુધી ન પહોંચાડે, એ ઈલ્મ નથી, જિહાલત છે.

☆

યા રસૂલલ્લાહિ ઉન્-ઝૂર્ હા-લ-ના,
યા હબીબલ્લાહિ ઈસ્મઅ્ કા-લ-ના,
ઈન્નની ફી બહરિ ગમ્-મિંમ્ મુગ-ર-કુન્,
ખુઝ યદી સહ-હિલ-લના અશ્કા-લ-ના.

દરેક નમાઝ પછી અગ્યાર (૧૧) વખત પઢો.

તર્જમા : હે અલ્લાહનાં રસૂલ ! અમારા હાલ પર નઝરે કરમ ફરમાવો.
હે અલ્લાહનાં હબીબ ! અમારી બોલી સાંભળો !
બેશક હું ગમ અને મુસીબતનાં દરિયામાં ડૂબી રહ્યો છું.
મારો હાથ પકડો અને મારી મુશ્કિલો આસાન કરો !

# શાને સરકાર
# (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)
# અલ્લાહ કરીમની બારગાહમાં

**(૭) શફાઅતે રસૂલ અને ગુનાહોની બખ્શિશ :**

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ
وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا ﴿۶۴﴾

અય મહબૂબ ! જયારે તેઓ (ગુનાહ કરીને) પોતાની ઊપર ઝુલ્મ કરે, તો તમારી પાસે આવે અને અલ્લાહથી પોતાના ગુનાહોની માફી માંગે, અને જો રસૂલ પણ તેમની સિફારિશ, શફાઅત કરે, તો અલ્લાહને તૌબા કબૂલ કરનાર, રહેમ કરનાર પામશે. (અલ્લાહ તેમના ગુનાહ માફ કરી દેશે). (પારા ૫, નિસા-૬૪)

# દરૂદ શરીફની ફઝીલતમાં

# અહાદીષે કરીમા

(૧) અલ્લાહ જલ્લ શાનુહુનાં રસૂલ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની ખિદમતમાં અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! અમે જોઇએ છીએ કે એક મોમિન આજિઝી કરે છે અને બીજો મોમિન આજિઝી નથી કરતો. તેનું શું કારણ? ફરમાવ્યું, જે ઈમાનની મિઠાશ મેળવે છે, તે આજિઝી કરે છે, અને જે ઈમાનની મિઠાશ નથી મેળવતો, તે અક્કડ રહે છે. અર્ઝ કરવામાં આવ્યું, તે મિઠાશ કેમ કરીને નસીબ થાય છે? ફરમાવ્યું, અલ્લાહ અઝ્ઝ વ જલ્લની સાથે સાચી મોહબ્બત કરવાથી. અર્ઝ કરવામાં આવી, અલ્લાહ અઝ્ઝ વ જલ્લની મોહબ્બત કેવી રીતે હાસિલ થાય છે? ફરમાવ્યું, તેના રસૂલથી સાચી મોહબ્બત કરવાથી. યાદ રહે, **અલા લા ઈમાન લે મન્ લા મુહબ્બત લહુ** યઅની જેના દિલમાં હુઝૂરની મોહબ્બત નથી, તેનું ઈમાન જ નથી.

(દલાઈલુલ-ખૈરાત શરીફ)

(૨) આકા કરીમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું, કોઈનાં બખીલ (કંજુસ) હોવા માટે એટલુ જ કાફી છે કે તેની સામે મારો ઝિક્ર કરવામાં આવે અને તે મારા પર દુરૂદ ન પઢે.

(૩) નબીએ રહમત ફરમાવે છે, જેણે મારા પર દુરૂદ કિતાબમાં લખ્યું, ફરિશ્તાઓ તે લખનાર પર ત્યાં સુધી દુરૂદ પઢતા રહેશે, જયાં સુધી મારૂ નામ તે કિતાબમાં લખાયેલ રહેશે.

(૪) હઝરત અનસ બિન માલિક (રદિઅલ્લાહો અન્હુ) હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની બારગાહમાં હાઝર થયાં. આપે જોયું કે હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) અત્યંત ખુશી અને પ્રસન્નતા સાથે તશરીફ ફરમા હતાં. હઝરત અબૂ તલ્હા (રદિઅલ્લાહો અન્હુ) એ પ્રસન્નતાનું કારણ પુછયું, તો આપ

(સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું, અય અબૂ તલ્હા ! હૂં શા માટે ખુશ ન થાઊં, જયારે કે હમણાં જ જિબ્રઈલ (અલૈહિસ્સલામ) એ મને બશારત આપી કે જે વ્યકિત મારા ઊપર એક વખત દુરૂદે પાક મોકલશે, અલ્લાહ તબારક વ તઆલા તેના માટે (૧૦) નેકીઓ લખશે, દસ (૧૦) દરજાત બુલંદ કરશે અને તેને સલામતીની નવાઝિશ કરશે અને તેના ઊપર રહેમતો મગ્ફિરત ફરમાવશે.

(૫) જે વ્યકિત એક વખત દુરૂદ શરીફ પઢશે, અલ્લાહ તબારક વ તઆલા પોતાની રહેમતથી એક ફરિશ્તાને પૈદા કરશે. તેની પાંખો પૂર્વ અને પશ્ચિમને ઘેરી લેશે. તેના પગ સાતમી ઝમીન સુધી અને તેનું માથુ અલ્લાહનાં અર્શના નીચે હશે. અલ્લાહ તબારક વ તઆલા તેને હુકમ ફરમાવશે કે મારા આ બંદા ઊપર તૂ પણ દુરૂદ મોકલ, જેણે મારા હબીબ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) ઊપર દુરૂદ શરીફ મોકલ્યું હતું. પછી તે ફરિશ્તો તે દુરૂદ શરીફ પઢવાવાળા ઊપર દુરૂદ પઢશે અને આ સિલસિલો કિયામત સુધી જારી રહશે.

(૬) "રૌઝતુલ-ઉલમા"માં લખેલ છે કે અબૂ કામિલે હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)થી રિવાયત કરી છે કે જે મારા ઊપર ત્રણ (૩) વખત દુરૂદ શરીફ પઢે, તો તે મોહબ્બતનાં કારણે મારા દીદારનો હકદાર થશે. જે દિવસે તે દુરૂદ શરીફ પઢશે, તે દિવસ અને રાતનાં તમામ ગુનાહ માફ કરી દેવામાં આવશે.

(૭) હઝરત અનસ બિન માલિક (રદિયલ્લાહુ તઆલા અન્હુ)એ બતાવ્યું કે એક દિવસ અલ્લાહનાં રસૂલ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) મિમ્બર શરીફ ઊપર તશરીફ લઈ જઈ રહ્યાં હતાં. જયારે આપે પહેલા ટપ્પા ઊપર કદમ મુબારક રાખ્યો, તો આપે ફરમાવ્યું "આમીન." બીજા ટપ્પા ઊપર કદમ મુબારક રાખ્યો, તો ફરમાવ્યું "આમીન." અને ત્રીજા ટપ્પા ઊપર કદમ મુબારક રાખ્યો, તો ફરમાવ્યું "આમીન".

સહાબાએ કિરામ(રિદવાનુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન) એ સવાલ કર્યો, યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) ! આ "આમીન" નો શો મતલબ છે? આપ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) એ ફરમાવ્યું, જયારે મેં પહેલા ટપ્પા ઊપર કદમ રાખ્યો, તો જિબ્રઈલ (અલૈહિસ્સલામ) આવ્યા અને કહેવા લાગ્યા, યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) ! તે વ્યકિત ઝલીલ થાય, જેણે આપનું નામ સાંભળ્યુ, પરંતુ દુરૂદ ન પઢયું. મેં કહ્યું, "આમીન", જયારે બીજા ટપ્પા ઊપર કદમ રાખ્યો, જિબ્રઈલ (અલૈહિસ્સલામ)એ કહ્યું, યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) ! તે વ્યકિત બરબાદ થાય, જે પોતાના માં-બાપ બન્નેને અથવા બન્નેમાંથી એકને વુધ્ધવસ્થામાં પામે, પરંતુ જન્નતથી મહેરૂમ રહ્યો. (એટલે કે તે પોતાના માં-બાપને રાઝી ન કરી શકયો અને બખ્શિશથી મહેરૂમ રહ્યો). મૈં કહ્યું "આમીન". ત્રીજા ટપ્પા ઊપર કદમ રાખ્યો, તો જિબ્રઈલ (અલૈહિસ્સલામ) એ કહ્યું, યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) ! તે વ્યકિત ઝલીલ થાય, જેણે રમઝાનનો મહીનો મેળવ્યો, પરંતુ તે બખ્શવામાં ન આવ્યો. (એટલે કે તેણે તે મુબારક મહીનામાં નેક કામ ન કર્યા, જેને વડે તેને બખ્શવામાં આવત). મૈં કહ્યુ "આમીન".

(૮) અબૂ સઈદ ખુદરી (રદિયલ્લાહુ તઆલા અન્હુ)થી રિવાયત છે કે હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું, જે મજલિસમાં લોકો એકઠા થાય અને મારા ઊપર દુરૂદ શરીફ ન મોકલે, તો તે મજલિસ ઊપર કિયામત સુધી હસરત વરસ્તી રહેશે. તે મજલિસનો કોઈ વ્યકિત જો કોઇ બીજી નેકીનાં કારણે જન્નતમાં દાખલ થઇ જશે, તો પણ તે વ્યકિત તે દરજ્જા અને સવાબથી મહેરૂમ રહેશે, જે દુરૂદ શરીફ પઢવાવાળાને પ્રાપ્ત થશે.

(૯) હઝરત અલી ઈબ્ને અબિ તાલિબ કર્રમલ્લાહુ વજ્હહુલ-કરીમથી

રિવાયત છે કે હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) એ ફરમાવ્યું, બધી જ દુઆઓને બારગાહે ખુદાવંદીમાં પહોંચવા માટે તે જ પડદાઓથી પસાર થવું પડે છે, કે જે આસ્માનોનાં દરમ્યાન છે. આ પડદાઓ દુરૂદે પાક સિવાય કોઈ વસ્તુથી નથી ખુલતા. જયારે દુરૂદ શરીફ પઢવામાં આવે છે, તો આ પડદા ઉંચકાઈ જાય છે અને આ દુઆ આસ્માનોથી બુલંદ થઈ જાય છે. જો દુરૂદ શરીફ પઢવામાં ન આવે, તો દુઆ પાછી આવી જાય છે.

(૧૦) હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) એ ફરમાવ્યું, જે વ્યકિત પોતાના જીવનમાં મારા ઊપર દુરૂદ અને સલામ મોકલશે, તો તેના મર્યા પછી અલ્લાહ તબારક વ તઆલા પોતાની બધી જ મખ્લૂકને હુકમ કરશે કે તેઓ આ વ્યકિત માટે દુઆએ રહેમત માંગે.

(૧૧) એક દિવસે હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) ઘરથી બહાર આવ્યાં અને ફરમાવ્યું, રાત્રે મને અજબ સ્વપ્ન આવ્યું. મેં મારી ઉમ્મતનાં એક વ્યકિતને પુલસિરાતથી પસાર થતાં જોયો. તે કાંપી રહ્યો હતો. તેવામાં દુરૂદ શરીફનો તોહફો, જે તેણે મારા ઊપર મોકલેલ, તે આવી ગયો અને તેનો હાથ પકડી તેને પુલસિરાત પાર કરાવી દિધો.

(૧૨) હુઝૂર(સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) એ ફરમાવ્યું, અલ્લાહ તબારક વ તઆલા એ એક ફરિશ્તો પૈદા કર્યો છે, જેનો એક હાથ પૂર્વમાં છે, તો બીજો હાથ પશ્ચિમમાં છે. તેના કદમ સાતેય ઝમીનનાં ઊપર છવાયેલ છે અને તેનું માથુ અર્શે અઝીમની નીચે છે. મારી ઉમ્મતમાંથી જયારે કોઈ વ્યકિત દુરૂદે પાક પઢે છે, અલ્લાહ તબારક વ તઆલા તે ફરિશ્તાને હુકમ કરે છે કે અર્શનાં નીચે આવેલ નૂરનાં દરિયામાં ડૂબકી મારે અને પછી બહાર આવી પોતાની પાંખો હલાવે. તે ફરિશ્તો એવુ કરે છે. તેમાંથી જેટલા કતરા પડે છે, તેટલા ફરિશ્તા અલ્લાહ તબારક વ તઆલા પૈદા કરે છે. અને તે તમામ ફરિશ્તાઓ

દુરૂદ શરીફ પઢનાર માટે કિયામત સુધી દુઆએ મગ્ફિરત કરે છે.

(૧૩) "રિયાઝુલ મુઝક્કિરીન"માં છે કે હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું, મારી ઉમ્મતમાં એક પણ વ્યકિત એવો નહી હોય, જે મને યાદ કરે અને મારા ઊપર દુરૂદ શરીફ પઢે અને તેના ગુનાહો માફ કરવામાં ન આવે. પછી ભલે તે ગુનાહોની સંખ્યા રેતીનાં કણોનાં બરાબર પણ કેમ ન હોય !

(૧૪) અલ્લાહ તબારક વ તઆલાએ હઝરત મૂસા(અલૈહિસ્સલામ)ની તરફ વહી મોકલી, અય મૂસા ! અગર તૂ ઈચ્છે કે હૂં તારાથી તેના કરતા પણ વધારે નઝદીક થાઉ, જે રીતે તારો બોલ તારી જીભથી નઝદીક છે, તારા દિલનું ધડકવું તારા દિલથી નઝદીક છે, તારી રૂહ તારા બદનથી નઝદીક છે, તારી આંખની રૌશની તારી આંખનાં નઝદીક છે, અને તારૂ સાંભળવું તારા કાનથી નઝદીક છે, તો હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) ઊપર દુરૂદ શરીફ પઢયા કરો.

(૧૫) અલ્લાહના પ્યારા હબીબ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) નું ફરમાન છે કે મારા ઊપર દુરૂદ શરીફ પઢવું પુલસિરાત ઊપર રૌશની છે, અને જે વ્યકિત જુમ્આનાં દિવસે મારા ઊપર એંસી (૮૦) વખત દુરૂદ શરીફ પઢશે, અલ્લાહ તબારક વ તઆલા તેના એંસી (૮૦) વર્ષનાં ગુનાહ મુઆફ કરી દેશે.

# -: ગુલદસ્તએ દુરૂદ :-

## -: દુરૂદે ગૌષિયહ :-

(ગૌષુલ આઝમ દસ્તગીર સૈયદી અશ્શૈખ સૈયદ અબ્દુલ કાદિર જીલાની લેખિત દુરૂદ શરીફ)

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુઅમિનીન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ બશ્શિરિલ મુઅમિનીન વ અન્નલ્લાહ લા યુદીઉ અજ-રલ મુઅમિનીન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિઝ્ ઝાકિરીન બિમા કાલલ્લાહુલ અઝીમુ ફઝ્ કુરૂની અઝ્ કુરકુમ્. ઉઝ્ કુરૂલ્લા-હ ઝિક્રન કસીરા. વ સબ્બિહ્-હુ બુક્રતંવ્ વ અસીલા. હુવલ્લઝી યુસલ્લી અલૈકુમ વ મલાઈકતુહુ લિ યુખ્રિજકુમ મિનઝ્ ઝુલુમાતિ ઈલન્નૂરિ વ કાન બિલ મુઅમિનીન રહીમા. તહિય્યતુહુમ યૌ-મ યલ્કવ્-ન-હુ સલામ વ અ-અદ્-દ-હુલ અજરન કરીમા.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ આલમીન બિમા કાલલ્લાહુલ અઝીમુ અન્ની લા ઉદીઉ અ-મ-લ આમિલિમ્ મિન્કુમ્ મિન ઝ-ક-રિન્ અવ્ ઉન્સા વ મન્ અ-મિ-લ સાલિહમ્ મિન્ ઝ-ક-રિન્ અવ્ ઉન્સા વ હુ-વ મુઅમિનુન્ ફ-ઊ-લા-ઈ-ક યદ્-ખુલૂ-નલ્ જન્ન-ત યુર્-ઝ-કૂ-ન ફીહા બિ-ગૈરિ હિસાબ.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ અવ્વાબી-ન બિમા

કાલલ્લાહુલ અઝીમુ ફ ઈન્નહુ કા-ન લિલ અવ્વાબી-ન ગફૂરા. લહુમ મા ચ-શા-ઊ-ન ઈન્દ રબ્બિહિમ્ ઝા-લિ-ક જ-ઝા-ઉલ્ મુહ્-સિ-ની-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિત્તવ્વાબી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ ઈન્નલ્લા-હ યુહિબ્બુત્તવ્વાબી-ન વ યુહિબ્બુલ-મુ-ત-તહ્-હિરી-ન વ હુવલ્લઝી યકબલુત્તૌ-બ-ત અન્ ઈબા-દિ-હી વ યઅફુ અનિસ્- સય્યિઆત.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુખ્લિસી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ ફ-મન્ કાન યર્-જૂ લિકા-અ રબ્બિહી ફલ-યઅમલ્ અ-મ-લન્ સાલિહંવ્ વલા યુશ્રિક્ બિ-ઈબાદતિ રબ્બિહી અ-હ-દા. મુખ્લિસી-ન લહુદ્દીન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુસલ્લી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ અ-કિ-મિસ્સલા-ત ઈન્નસ્સલા-ત તન્હા અ-નિલ્ ફહ્-શા-ઈ વલ્ મુન્કર. અ-કિ-મિસ્સલા-ત વઅમુર્ બિલ મઅ્-રૂ-ફિ વન્-હ અનિલ્ મુન્કરિ વસ્બિર્ અલા મા અસાબત્ ઈન્ન ઝાલિક મિન અઝ્મિલ ઉમૂર.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ્ બશીરિલ મુબશ્શિરિ લિલ ખા-શિઈ-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વસ્તઈનૂ બિસ્સબ્રિ વસ્સલાતિ વ ઈન્નહા લ-કબીરતુન્ ઈલ્લા અ-લલ્ ખા-શિઈ-ન. અલ્લઝીન યઝુન્નૂ-ન અન્નહુમ્ મુ-લા-કૂ રબ્બિહીમ્ વ અન્નહુમ્ ઈલૈહિ રાજિઊન. અલ્લઝીન યઝ્-કુરૂ-નલ્લા-હ કિયામંવ્ કુ-ઊ-દંવ્ વ અલા જુનૂબિહિમ્ વ ય-ત-ફક-કરૂ-ન ફી ખલ્કિસ્-સમાવાતિ વલ અર્દ. રબ્બના મા ખ-લક્-ત હાઝા બાતિલન્ સુબ્હાન-ક ફ-કિના અઝાબન્નાર.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિસ્સાબિરી-ન બિમા કાલલ્લાહુલ

અઝીમુ ઈન્નમા યુ-વફ-ફસ્સાબિરૂન અજ્-ર-હુમ્ બિ ગૈરિ હિસાબ ઉ-લા-ઈ-ક લ્લઝી-ન હદાહુમુલ્લાહુ વ ઉ-લા-ઈ-ક હુમ્ ઊલુલ-અલ્બાબ.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ ખાઈફી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ લિ-મન્ ખા-ફ મ-કા-મ રબ્બિહી જન્નતા-ન. વ અમ્મા મન્ ખા-ફ મ-કા-મ રબ્બિહી વ ન-હન્-નફ્-સ અ-નિલ્ હ-વા ફ ઈન્નલ-જન્ન-ત હિ-યલ્ મઅ્-વા.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ્ મુત્તકી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ રહમતી વ-સિ-અત્ કુલ્લ શય્-ઈન્. ફસ અક્-બુતુ-હા લિલ્લઝી-ન યત્તકૂ-ન વ યુઅ્-તૂ-નઝ્-ઝ-કા-ત વલ્લઝી-ન હુમ્ બિ આયાતિના યુઅમિનૂ-ન. અલ્લ-ઝી-ન યત્તબિઊનર્-રસૂ-લન્-નબિય્યલ ઉમ્મી. લ-હુમ્ જઝા-ઉ-દ્દિઅફિ બિમા અમિલૂ વ હુમ્ ફિલ ગુરુફાતિ આમિનૂ-ન

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુખ્-બિતી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ બશ્શિરિલ્ મુખ્-બિતી-નલ્લઝી-ન ઈઝા ઝુ-કિ-રલ્લાહુ વજિ-લત્-કુલૂ-બુ-હુમ વલ્લઝીન યુઅ્-તૂ-ન મા આ-તંવ્ વ-કુલૂ-બુ-હુમ્ વજિ-લ-તુન્ અન્નહુમ્ ઈલા રબ્બિહિમ્ રાજિઊન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિસ્સાબિરી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ બશ્શિરિસ્સાબિરી-ન. અલ્લઝી-ન ઈઝા અસા-બત્-હુમ્ મુસીબતુન્ કાલૂ ઈન્ના લિલ્લાહિ વ ઈન્ના ઈલૈહિ રાજિઊન. ઉ-લા-ઈ-ક અલૈહિમ્ સ-લ-વા-તુમ્ મિર્-રબ્બિહિમ્ વ રહમતું વ ઉ-લા-ઈ-ક હુમુલ્ મુહ્-ત-દૂ-ન. ઈન્ની જઝૈતુહુમુલ્ યૌ-મ બિમા સ-બ-રૂ અન્નહુમ્ હુમુલ્ ફા-ઈ-ઝૂ-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ્ કાઝિમી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વલ્ કા-ઝિ-મી-નલ્ ગૈ-ઝ વલ્ આ-ફી-ન અનિન્નાસિ વલ્લાહુ યુહિબ્બુલ્ મુહ્-સિની-ન. ફ-મન્ અફા વ અસ્લ-હ ફ-અજરુહુ અલલ્લાહિ ઈન્નહુ લા યુહિબ્બુઝ્-ઝાલિમી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ્ મુહ્-સિની-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ અહ્-સિ-નૂ ઈન્નલા-હ યુહિબ્બુલ મુહ્-સિની-ન. મન્ જા-અ બિલ્ હ-સ-ન-તિ ફ-લ-હુ અ-શ-રુ અમ્થા-લિ-હા વ મન્-જા-અ બિસ્સય્યિઅતિ ફલા યુજ્-ઝ ઈલ્લા મિસ્લ-હા વ હુમ્ લા યુઝ્લમૂ-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુ-ત-સદ્-દિ-કી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ અન્ ત-સદ્-દ-કુ ખૈરુલ્-લ-કુમ્ ઈન્ કુન્તુમ્ તઅ્-લ-મૂ-ન. ઈન્નલ્લા-હ યજ્-ઝિલ્ મુ-તસદ્-દિ-કી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુન્ફિકી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ મિમ્મા ર-ઝક્-નાહુમ્ યુન્ફિકૂ-ન. વ મા અન્ફક્તુમ્ મિન્ શય્-ઈન્ ફ-હુ-વ યુખ્લિફુહૂ.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિશ્શાકિરી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વશ્કુરૂ નિઅ્-મ-ત-લ્લાહિ ઈન્ કુન્તુમ્ ઈય્યાહુ તઅ્-બુ-દૂ-ન. લ-ઈન્ શ-કર્-તુમ્ લ-અઝી-દન્નકુમ્ વ-લ-ઈન્ ક-ફર્-તુમ્ ઈન્ન અઝાબી લ-શ-દીદ

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિસ્સાઈલીન બિમા કાલલ્લાહુલ અઝીમુ ફ ઈન્ની કરીબુ-ઉજીબુ દઅ્વતદ્દાઈ ઈઝા દઆનિ. ઉદ્ઊની અસ્તજિબ્ લકુમ.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સચ્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિસ્સાલિહી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ અન્નલ્ અર્દ ચ-રિ-સુ-હા ઈબાદિયસ્સાલિહૂન ઉ-લા-ઈ-ક હુમૂલ્ વા-રિ-સૂ-ન. અલ્લઝીન ચ-રિ-સૂ-ન-લ ફિર્-દૌ-સ હુમ્ ફીહા ખાલિદૂ-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સચ્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુહ્સિની-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ ઈન્નલ્લા-હ વ મ-લા-ઈ-ક-તહુ યુસલ્લૂન અલન્નબી. યા અચ્યુહલ્લઝી-ન આ-મ-નૂ સલ્લૂ અલૈહિ વસલ્લિમૂ તસ્લીમા. યુઅ્તિકુમ્ કિફ્-લૈનિ મિર્-રહ્-મ-તિહી વ યજ્અલ્-લ-કુમ્-નૂ-રન્ તમ્શૂ-ન બિહી વ યગ્ફિર્ લ-કુમ્ વલ્લાહુ ગફૂરુર્-ર-હી-મ.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સચ્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ્ મુબશ્શિરી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ બશ્શિરિલ્લઝી-ન આમનૂ વ અમિલુસ્સાલિહાત. લ-હુમુલ-બુશ્રા ફિલ્ હયાતિદ્-દુન્યા વ ફિલ આખિરહ. લા તબ્-દી-લ લિ કલિમાતિલ્લાહિ. ઝા-લિ-ક હુ-વલ્ ફવ્ઝુલ-અઝીમ.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સચ્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ ફાઈઝી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ મંચ્-યુ-તિ-ઈલ્લા-હ વ ર-સૂ-લ-હુ ફ-કદ્ ફા-ઝ ફવ્-ઝન્ અઝીમા.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સચ્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિઝ્ઝાહિદી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ અલ-માલુ વલ-બ-નૂ-ન ઝીનતુલ્ હ-યા-તિદ્-દુન્યા વલ બાકિયાતુસ્સાલિહાતુ ખૈરુન્ ઈન્દ રબ્બિ-ક ષ-વા-બંવ્ વ ખૈરુન્ અમલા.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સચ્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ ઉમ્મિચ્ચી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ કુન્તુમ્ ખૈ-ર ઉમ્મતિન્ ઉખ્રિજત્ લિન્નાસિ તઅ્-

મુરૂ-ન બિલ્ મઅ્-રૂ-ફિ વ તન્-હો-ન અનિલ્ મુન્કર.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુસ્તફીન બિમા કાલ્લાહુલ અઝીમુ ષુમ્મ અવ્-ર-સ-નલ્ કિતાબલ્લઝી-નસ્ત-ફૈ-ન મિન્ ઈબાદિના ફમિન્હુમ્ ઝાલિમુલ લિ-નફ-સિહી વ મિન્હુમ્ મુક-ત-સિદ્ વ મિન્હુમ્ સાબિકુમ્ બિલ ખૈરાતિ બિ ઈઝ્-નિલ્લાહિ ઝા-લિ-ક હુ-વલ્ ફદ્લુ-લ્ કબીર.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુઝ્-નિબી-ન બિમા કાલલ્લાહુલ અઝીમુ કુલ યા ઈબાદિયલ્લઝી-ન અસ્રફૂ અલા અન્ફુસિ-હિમ્ લા ત-ક્-ન-તુ મિર્-રહ્-મ-તિલ્લાહિ ઈન્નલ્લા-હ યગ્ફિરુઝ્-ઝુનૂબ જમીઆ. ઈન્નહુ હુવલ્-ગફૂરુર્રહીમ.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુસ્તગ્ફિરીન બિમા કાલલ્લાહુલ અઝીમુ વ મંય્-યઅ્-મલ્ સૂ-અ અવ્ યઝ્-લિમ્ નફ્-સ-હુ ષુમ્મ યસ્તગ્ફિરિલ્લા-હ ય-જિ-દિલ્લા-હ ગફુરર્-ર-હીમા.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુકર્રબીન બિમા કાલલ્લાહુલ અઝીમુ ઈન્નલ્લઝીન સ-બ-ક-ત્ લ-હુમ્ મિન્-નલ્ હુસ્ના ઉ-લા-ઈ-ક અન્હા મુબ્અ-દૂ-ન. લા યસ્મ-ઊ-ન હસી-સ-હા વહુમ્ ફી મશ્ત-હત્ અન્ફુ-સ-હુમ્ ખાલિદૂ-ન. લા યહ્-ઝુ-નુ-હુ-મુલ્ ફ-ઝ-ઉ-લ અકબરુ વ ત-ત-લક્કા-હુમુલ્ મલાઈકતુ હાઝા યૌમુકુમુલ્લઝી કુન્તુમ તૂ-અ-દૂ-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મુહમ્મદિનિલ બશીરિલ મુબશ્શિરિ લિલ મુઅ્-મિ-ની-ન બિમા કાલ્લ્લાહુલ અઝીમુ ઈન્નલ્ મુસ્લિમી-ન વલ મુસ્લિમાતિ વલ મુઅ્મિની-ન વલ મુઅ્મિનાતિ વલ કાનિતી-ન વલ કાનિતાતિ વસ્સાદિકી-ન વસ્સાદિકાતિ વસ્સાઈમી-ન વસ્સાઈમાતિ વલ હાફિઝી-ન ફુ-રૂ-જ-હુમ્ વલ હાફિઝાતિ વઝ્-ઝાકિરી-નલ્લાહ કસીરંવ્ વઝ-ઝાકિરાતિ અ-

અદ્-દલ્લાહુ લહુમ્ મગ્ફિરતંવ્ વ અજ્રન્ અઝીમા. વ લૈ-સ લિલ્ ઈન્સાનિ ઈલ્લા મા સઆ. વ અન્ન સઅ્-ય-હુ સૌ-ફ યુરા. સુમ્મ યુજ્ઝાહુ જ-ઝા-અલ્ ઔફા.

અલ્લાહુમ્મ સલ્લિ અલૈહિ સલાતન્ તુશ્-ર-હુ બિહિસ્સુદ્દૂ વ તહ્-વુ-નુ બિ-હલ્ ઉમૂરુ વ તન્કશિફુ બિહસ્સુદૂરુ વ સલ્લિમ તસ્લીમન કસીરન્ દાઈમન્ ઈલા યૌમિદ્-દીન. દઅ્-વા-હુમ્ ફીહા સુબ્હા-ન-ક-લ્લાહુમ્મ વ તહિય્યતુહુમ્ ફીહા સલામુન્ વ આખિરુ દઅ્-વાહુમ્ અનિલ્ હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમી-ન.

## -: પોતાની નેકીઓ(દુઆઓ)માંથી પુરો હિસ્સો મેળવવા માટે :-

અલ્લાહુમ્મજ્-અલ્ સલાતિ-ક વ રહ્મતિ-ક અલા મુહમ્મદિંવ્ વ અઝ્વાજિહી વ ઝુર્રિય્યાતિહી વ ઉમ્મહાતિલ મુઅમિનીન કમા સલ્લય્-ત અલા ઈબ્રાહી-મ ઈન્ન-ક હ-મીદુમ્ મજીદ.

**ફઝીલત :** હઝરત અલી-એ-મુર્તઝા કર્રમલ્લાહુ વજહહુલ કરીમ રિવાયત કરે છે કે હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) એ ફરમાવ્યું કે જે માણસ પોતાની નેકીઓ (દુઆઓ)માંથી પૂરો હિસ્સો લેવા ચાહે, તે આ દુરૂદ શરીફ પઢે.

હઝરત ગૌષુલ આઝમ પીરાને પીર દસ્તગીર (રદિયલ્લાહુ તઆલા અન્હુ) પણ આ જ દુરૂદ શરીફ પઢવાનો હુકમ આપતા હતાં.

આ દુરૂદ શરીફ ઈશાની નમાઝ પછી સો (૧૦૦) વાર પઢવામાં આવે, તો ઈન-શા-અલ્લાહ એક અઠવાડિયું પુરૂ ન થશે કે આકા-એ-કરીમ(સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની ખ્વાબમાં ઝિયારતનું બહુમાન નસીબ થશે.

## -: ૧૦૦૦ દિવસ સુધી સવાબ :-

અલ્લાહુમ્મ રબ્બ મુહમ્મદિન્ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ આલિ મુહમ્મદિંવ્ વ અઝ્વાજે મુહમ્મદિન્ સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વ-

સલ્લ-મ મા હુવ અહ્લુહ.

**ફઝીલત :** નુજહતુલ મજાલિસમાં તિબરાની રિવાયત કરે છે કે ફરમાવ્યું હઝરત જાબિર(રદિયલ્લાહુ તઆલા અન્હુ)એ કે ફરમાવ્યું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ, કે જે વ્યકિત આ દુરૂદ શરીફ સવાર -સાંજ પઢશે, તો સવાબ લખવાવાળા ફરિશ્તા એક હઝાર (૧૦૦૦) દિવસ સુધી સવાબ લખતા રહેશે.

**-: ૭૦ ફરિશ્તાઓ ૧૦૦૦ દિવસ સુધી નેકીઓ લખે છે :-**

જ-ઝલ્લા-હુ અન્ના સય્યિ-દ-ના વ મૌલાના મુહમ્મદન્ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) મા હુ-વ અહ્-લુહુ.

**ફઝીલત :** હઝરત ઈબ્ને અબ્બાસ(રદિયલ્લાહુ તઆલા અન્હુ)થી રિવાયત છે કે ફરમાવ્યું રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ, કે જે વ્યકિત આ દુરૂદ શરીફ એક (૧) વાર પઢશે, તો સિત્તેર ફરિશ્તાઓ એક હઝાર દિવસ સુધી નેકીઓ લખશે.

**-: ૮૦ વર્ષની ઇબાદતનો સવાબ :-**

**ફઝીલત :** હઝરત ઈબ્ને અબ્બાસ, હઝરત અબૂ હુરૈરા (રદિયલ્લાહુ તઆલા અન્હુ)થી રિવાયત કરે છે કે જે વ્યકિત જુમ્આનાં દિવસે અસરની નમાઝ પછી પોતાની જગ્યાએથી ઉઠતા પહેલા એંસી (૮૦) વખત આ દુરૂદ શરીફ પઢે, તો એંસી ૮૦ વર્ષનાં ગુનાહ માફ થશે અને એંસી (૮૦) વર્ષની ઈબાદતનો સવાબ લખાશે.

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિન્ અબ્-દિ-ક વ નબિય્યિ-ક વ રસૂલિ-ક નબિય્યિલ ઉમ્મી.

તેમની જ રિવાયતથી બીજુ દુરૂદ શરીફ આ મુજબ નકલ થયું છે. અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિન્ નબિય્યિલ ઉમ્મિય્યિ વ અલા આલિહિ વ સલ્લિમ તસ્લીમા.

## દુરૂદુલ-ફાતેહ (સલાતુલ-ફાતેહ)
## (૧૦,૦૦૦ દુરૂદ શરીફનો સવાબ)

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ્ વ બારિક્ અલા સય્યિદિના મુહમ્મદિ-નિલ ફાતિહિ લિમા ઉગ્લિ-ક વલ ખાતિમિ લિ-મા સ-બ-ક વન્નાસિરિ લિલ-હકિક બિલ હકિક વલ હાદી ઈલા સિરાતિ-કલ મુસ્તકી-મ સલ્લલ્લાહુ અલૈહિ વ અલા આલિહી વ અસ્હાબિહી હ-કક કદ્‌રિહી વ મિક-દારિહિલ અઝીમ.

**ફઝીલત :** દુરૂદુલ-ફાતેહ તે દુરૂદ શરીફ છે, જેનાથી દરેક બંધ વસ્તુ ખુલી જાય છે. અને દરેક કામમાં ફતેહ હાસિલ થાય છે. આથી જ તેને **"દુરૂદુલ ફાતેહ"** કહેવામાં આવે છે. આ દુરૂદ શરીફ મૌલાના અબ્દુલ મકારિબ શૈખ શમ્સુદ્દીન બિન અબ્દુલ હસન અબુલ બકરી (રદિયલ્લાહુ તઆલા અન્હુ)નું છે, જેઓ મિસ્રનાં વલીએ કબીર અને આલિમે શહીર હતાં. આ દુરૂદ શરીફ હઝરત સિદ્દીકે અકબર (રદિયલ્લાહુ તઆલા અન્હુ)નાં રોઝિંદા વઝાઈફમાં હતું, જેની બ-દૌલત આપે અલ્લાહ તઆલાની મઅરિફતનાં દરજજા તય કર્યા. અને તેની જ બ-દૌલત આપને **સિદ્દીકિયત** હાસિલ થઈ. કેટલાક બુઝુર્ગોએ ફરમાવ્યું છે કે આ દુરૂદ શરીફને એક (૧) વાર પઢવાથી દસ હઝાર (૧૦,૦૦૦) વાર દુરૂદ શરીફ પઢવાનો સવાબ નસીબ થાય છે. જ્યારે કેટલાક ઔલિયાનું બયાન છે કે આ દુરૂદ શરીફ એક(૧) વાર પઢવાથી ચાર હઝાર (૪૦૦૦) વાર દુરૂદ શરીફ પઢવાનો સવાબ નસીબ થાય છે, જે નિહાયત શકય છે.

હઝરત અબુલ મકારિબ (રહમતુલ્લાહિ તઆલા અલૈહિ) ફરમાવે છે કે જે વ્યકિત આ દુરૂદ શરીફ ચાલીસ (૪૦) દિવસ સુધી વિર્દ કરશે, અલ્લાહ તઆલા તેના બધા જ ગુનાહો બખ્શી દેશે.

શૈખુલ મશાઈખ હઝરત મુહમ્મદ બકરી (રહમતુલ્લાહિ તઆલા અલૈહિ) ફરમાવે છે કે સાચા દિલથી જીવનમાં એક વાર આ

દુરૂદ શરીફ પઢવાથી આખિરતમાં દોઝખની આગથી નજાત મળશે.

હઝરત સૈયદ હલાન (રહમતુલ્લાહિ તઆલા અલૈહિ) ફરમાવે છે કે આ દુરૂદ શરીફ ગૌષુલ આઝમ પીરાને પીર દસ્તગીર (રદિયલ્લાહુ તઆલા અન્હુ)ને બેહદ પસંદ હતુ અને આપનાં રોઝિંદા વઝાઈફમાં હતું. આ દુરૂદ શરીફ પઢવાથી અલ્લાહ તઆલાનાં ખાસ્સુલ-ખાસ અજાઈબાત અને રહસ્યોનાં પડદા ખુલી જાય છે. આ દુરૂદ શરીફને દરરોજ સો (૧૦૦) વાર પઢતા રહેવું જોઈએ.

આ દુરૂદ શરીફ પાબંદીથી પઢનાર દીન અને દુન્યામાં અમ્નથી રહેશે. આ દુરૂદ શરીફ તમામ ગુનાહોંના કફફારો તથા તમામ બલાઓં સામે મહફુઝ (સુરક્ષિત) કિલ્લા સમાન છે. સરકારે મદીના (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) એ પોતાની ઝુબાને પાકથી આ બાબતે ઈર્શાદ ફરમાવેલ છે કે જે વ્યકિત જુમેરાત અથવા જુમ્આ અથવા સોમવારની રાત્રે ચાર (૪) રકાત નફિલ નમાઝ પઢે. પહેલી રકાતમાં સૂરએ કદ્ર, બીજીમાં સૂરએ ઝિલ-ઝાલ, ત્રીજીમાં સૂરએ કાફિરૂન, ચોથીમાં મુઅવ્વઝતૈન (સૂરએ ફલક અને સૂરએ નાસ) પઢીને આ દુરૂદ શરીફનો એક હઝાર (૧૦૦૦) વાર વિર્દ કરશે, તો ઈન-શા-અલ્લાહ સરકારે મદીના (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની ઝિયારતથી ફૈઝયાબ થઇ જશે.

## દુરૂદે શાઝલી ( દુરૂદે નૂરિઝ્-ઝાતિ)

## (એક લાખ દુરૂદ શરીફ પઢવાનો સવાબ)

**અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિનિન-નૂરિઝ ઝાતિયિસ સારિ ફી જમીઇલ આસારિ વલ અરમાનિ વસ્સિફાતિ વ અલા આલિહિ વ-સહબિહી વ સલ્લિમ.**

**ફઝીલત :** આ દુરૂદ શરીફ હઝરત સૈયદ અલી અલ-હસન શાઝલી (રહમતુલ્લાહિ તઆલા અલૈહિ)નાં વઝાઈફમાંથી છે. જે કોઇ આ દુરૂદ શરીફને એક (૧)વાર પઢશે, તેને એક લાખ (૧,૦૦,૦૦૦) દુરૂદ શરીફનો સવાબ મળશે.

આ દુરૂદ શરીફને પઢતાં રહેવાથી બાતિની અન્વાર હાસિલ થાય છે. અને પુષ્કળ પ્રમાણમાં વિર્દ કરવાથી ઉચ્ચ કક્ષાનાં આલિમોનાં મુશાહિદા થાય છે. આથી જ તરીક-એ-શાઝલિયામાં આ દુરૂદ શરીફનો કસરતથી વિર્દ કરવામાં આવે છે.

પોતાની જાઈઝ હાજત પૂરી કરવા માટે આ દુરૂદ શરીફને પાંચસો (૫૦૦) વાર પઢવાથી ઈન્શાઅલ્લાહ તે હાજત પૂરી થશે. નૂરે મુહમ્મદી (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની હકીકતને જાણવાનાં તલબગાર ચાલીસ (૪૦) દિવસ સુધી રોઝા રાખીને એકાંતમાં બેસીને આ દુરૂદ શરીફ પુષ્કળ પ્રમાણમાં રાત અને દિવસ વિર્દ કરશે, તો ઈન્શાઅલ્લાહ તેના કલ્બ (દિલ) પર નુરે મુહમ્મદી (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની હકીકત રૌશન થઈ જશે.

## દુરૂદે નૂરૂલ કિયામિયા (સલાતે નૂરૂલ કિયામિયા)
## (૧૪,૦૦૦ દુરૂદ શરીફનો સવાબ)

અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિન્ બહરિ અન્વારિ-ક વ-મઅદિનિ અસ્રા-રિ-ક વ-લિસાનિ હુજ-જતિ-ક વ ઉરૂસિ મમ-લુકતિ-ક વ ઈમામિ હઝ-ર-તિ-ક વ-તિરાઝિ મુલ્કિ-ક વ ખઝાઈનિ રહમતિ ક વ તરીકિ શરીઅતિ-કલ્ મુતલજ્જિ-બિ-તવહિદિ-ક ઈન્સાનિ અયનિલ વુજૂદિ વસ્સ-બ-બિ ફી કુલ્લિ મૌજૂદિન્ અયનિ અઅ્યાનિ મુ-ત-કદ્-દિમિ મિન્ નૂરિ દિયાઈ-ક સલાતન્ તદૂમુ બિ-દવામિ-ક વ-ત-બ-ક બિ-બકા-મિક લા મુન્તહા લહા-દૂન ઈલ્મિ-ક સલાતન્ તૂરદિ-ક વ તૂરદિહી વ-તર-દા બિહા અન્ના યા રબ્બલ આલમીન.

**ફઝીલત :** હઝરત સૈયદ અહમદી સાદી (રહમતુલ્લાહિ તઆલા અલૈહિ) એ કહ્યું છે કે આ દુરૂદ શરીફનું નામ **સલાતે નૂરૂલ-કિયામત** એટલા માટે રાખવામાં આવ્યું છે કે આ દુરૂદ શરીફનો પુષ્કળ પ્રમાણમાં વિર્દ કરનારને પુષ્કળ પ્રમાણમાં નૂર હાસિલ થાય છે અને તેનો સવાબ ચૌદ હઝાર (૧૪,૦૦૦) દુરૂદ શરીફની બરાબર છે.

અલ્લાહ તઆલાએ દુરૂદ શરીફને પોતાની રઝા અને કુર્બનો ઝરિયો બનાવ્યો છે. તેથી જે વ્યકિત આ દુરૂદ શરીફનો જેટલો વિર્દ કરતો જશે, એટલો જ તે અલ્લાહની નઝદીક થઇ જશે, અલ્લાહનો દોસ્ત બની જશે, અને અલ્લાહની વધુ રહમતો હાસિલ કરવાનો હકદાર બનશે.

## -: દુરૂદે મલ્વાન :-

## (સુલ્તાન મહમૂદ ગઝનવીનું દુરૂદ શરીફ)

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિન્ મખ્-ત-લ-ફલ્ મલ્વાનિ વ-ત-આ-ક-બલ્ અસ્રાનિ વ કર્રલ જદીદાની વસ-તક-બલ ફર-ક-દાનિ વ બલ્લિગ રૂ-હ-હુ વ અરવા-હ અહાલે બેતિહિ મિ-નત તહિય્યતિ વસ્સલામિ વબારક વસલ્લમ અલૈહિ કસીરા.

**ફઝીલત :** આ દુરૂદ શરીફ એક (૧) વાર પઢવાથી દસ હઝાર (૧૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવાનો સવાબ મળે છે. આ દુરૂદ શરીફ સુલ્તાન મહમૂદ ગઝનવીનાં દુરૂદ શરીફ તરીકે પણ ઓળખવામાં આવે છે. આપ તેનો રોજ વિર્દ કરતાં હતાં. આ દુરૂદ શરીફ આપને તાજદારે અમ્બિયા (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) એ અતા ફરમાવ્યુ હતુ.

## -: બેહદ ફઝીલત અને રહમતે ઇલાહીવાળું દુરૂદ શરીફ :-

સલ્લલ્લાહુ અલા મુહમ્મદ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ
લા-ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ અલયક યા મુહમ્મદ
નૂરમ-મિન્ નૂરિલ્લાહ સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ

**ફઝીલત :** ઈમામ અબ્દુલ વહ્હાબ શઅરાની (રહમતુલ્લાહિ તઆલા અલૈહિ) ફરમાવે છે કે જે કોઇ વ્યકિત આ દુરૂદ શરીફનો વિર્દ કરે છે, તે પોતાની જાત પર રહમતે ઈલાહીનાં ૭૦,૦૦૦ દરવાજા ખોલી દે છે. અલ્લાહ તઆલા તેને લોકોની મોહબ્બતનો મર્કઝ અને મંઝૂરે

નઝર બુઝુર્ગ બનાવી દે છે. આ દુરૂદ શરીફનો વિર્દ કરનારથી વેરભાવ તે જ રાખશે, જેના દિલમાં મુનાફિકત છુપાયેલી હશે.

હાફીઝ સખાવી હઝરત અબુલ્લૈસ સમરકન્દીથી રિવાયત કરે છે કે આ દુરૂદ શરીફનાં વિર્દથી બની ઈસ્રાઈલનાં નબી શમવીલ (અલૈહિસ્સલામ) એ દુશ્મનો પર જબરદસ્ત કામિયાબી મેળવેલ છે અને દુશ્મનો પર હમેશા ગાલિબ રહેતાં.

## -: ૧૪૦૦૦ દુરૂદ શરીફનો સવાબ :-

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ વ બારિક અલા સય્યિદિના મુહમ્મદિવ્ વ અલા આલિહી અ-દ-દ કમાલિલ્લાહિ વ કમા યલીકુ બિ-કમા-લિહી.

**ફઝીલત :** હઝરત શૈખ અબ્દુલ બાકી અલ હમ્બલી (રહમતુલ્લાહિ તઆલા અલૈહિ)થી રિવાયત છે કે આ દુરૂદ શરીફને (૧) એક વાર પઢવાથી ચૌદ હઝાર (૧૪૦૦૦) વાર દુરૂદ શરીફ પઢવાનો સવાબ મળે છે. હઝરત સૈયદ અહમદ અસ્સાવી (રહમતુલ્લાહિ તઆલા અલૈહિ) ફરમાવે છે કે આ મુકમ્મલ દુરૂદ શરીફ છે. ખાસ કરીને તરીકતવાળાનું એહલે તરીકતનાં બુઝુર્ગોએ દરેક નમાઝ બાદ આ દુરૂદ શરીફને પઢયું છે. આ દુરૂદ શરીફનો સવાબ બે હિસાબ છે.

## -: દિવસ રાત દુરૂદ શરીફ પઢવાનો સવાબ :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના વ મૌલાના મુહમ્મદિન્ ફી અવ્વલિ કલામિના. અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના વ મૌલાના મુહમ્મદિન્ ફી અવ્-સ-તિ કલામિના. અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના વ મૌલાના મુહમ્મદિન્ ફી આખિરિ કલામિના.

**ફઝીલત :** શૈખ અબૂ અબ્બાસ (રહમતુલ્લાહિ તઆલા અલૈહિ) ફરમાવે છે કે જે વ્યકિત આ દુરૂદ શરીફને ત્રણ વાર દિવસમાં અને ત્રણ વાર રાત્રીમાં પઢે, તો તેને દિવસ-રાતભર દુરૂદ શરીફ પઢવાનો સવાબ મળશે.

## -: ૧૦,૦૦૦ દુરૂદ શરીફનો સવાબ :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિંવ વ અલા આલિહી સલાતન્ અન્ત લહા અહ-લુંવ્ વહુવ-લ-હા અહલુન્.

**ફઝીલત** : હાફિઝ સુયૂતી (રહમતુલ્લાહિ તઆલા અલૈહિ) એ ફરમાવ્યું કે આ દુરૂદ શરીફને એક વાર પઢવાનો સવાબ અગિયાર હઝાર (૧૧,૦૦૦) દુરૂદ પઢવા બરાબર છે.

## દુરૂદે કમાલિયહ

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ વ બારીક અલા સય્યિદિના મુહમ્મદિ નિન્-નબિય્યિલ કામિલી વ અલા આલિહી કમા લા નિહાયત લિ ક-મા-લિ-ક વ અદદ કમાલિહી.

**ફઝીલત** : આ દુરૂદ શરીફને એક (૧) વાર પઢવાથી સિત્તેર હઝાર (૭૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવા બરાબર સવાબ મળે છે. જે વ્યકિત બીમાર હોય, તેણે મગરિબ અને ઈશાની નમાઝ દરમિયાન આ દુરૂદ શરીફ સતત પઢવું જોઈએ. ઈન્શાઅલ્લાહ તેની બીમારી દૂર થઈ જશે. આ દુરૂદ શરીફનાં વિર્દથી યાદ શકિત વધે છે.

## -: ૭૦ ફરિશ્તાઓ ૧૦૦૦ દિવસ સુધી નેકીઓ લખે છે :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિંવ્ વ અલા આલિ સય્યિદિના મુહમ્મદિન્ કમા તુહિબ્બુ વ તર્દા લહુ.

**ફઝીલત** : "મિઝરઉલ-હસનાત" કિતાબમાં લખ્યું છે કે જે વ્યક્તિ આ દુરૂદ શરીફને એક વાર પઢશે, તો ૭૦ ફરિશ્તાઓ ૧૦૦૦ દિવસ સુધી તેના આમાલનામામાં સવાબ લખતા રહેશે.

## -: બેહદ સવાબ :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિ નિન્ નબિય્યિલ ઉમ્મિય્યિ વ અલા અહલિ બૈતિહિ ક-મા સલ્લૈ-ત અલા ઈબ્રાહી-મ વ અઝ્વાજિહી ઉમ્મહાતિલ્ મુઅમિનીન વ ઝુર્રિય્યાતિહી ઈન્નક હમીદુમ્ મજીદ.

**ફઝીલત** : જે વ્યક્તિ એવું ઈચ્છતી હોય કે તેના દુરૂદ શરીફનાં સવાબને

ખૂબ જ મોટા પ્રમાણમાં માપવામાં અથવા તોલવામાં આવે, તે વ્યક્તિ ઉપરોક્ત દુરૂદ શરીફ પઢયાં કરે.

### -: તમામ મખ્લૂકનાં આમાલ બરાબર સવાબ :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિ નિન્ નબિય્યિ અ-દ-દ મન્ સલ્લા અલૈહિ મિન્ ખલ્કિ-ક વ સલ્લિ અલા મુહમ્મદિ નિન્ નબિય્યિ કમા યમ્બગિ લના અન્ નુસલ્લિ-ય અલૈહિ વ સલ્લિ અલા મુહમ્મદિ નિન્ નબિય્યિ કમા અ-મર્-ત-ના અન્ નુસલ્લિ-ય અલૈહિ.

**ફઝીલત :** જે વ્યક્તિ આ દુરૂદ શરીફને રોજ સવારમાં દસ (૧૦) વાર પઢશે, તેને દુરૂદ શરીફની બરકતથી તમામ મખ્લૂકનાં આમાલ બરાબર સવાબ મળશે.

### -: વરસાદનાં સમયે પઢવાનુ દુરૂદ શરીફ :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના વ મૌલાના મુહમ્મદિંવ્ અલા આલિ સય્યિદિના વ મૌલાના મુહમ્મદિન્ અ-દ-દ કતરાતિલ્ અમ્તાર.

**ફઝીલત :** જયારે વરસાદ પડતો હોય, ત્યારે આ દુરૂદ શરીફનો વિર્દ કરવાથી વરસાદનાં દરેક ટીપાંનાં બરાબર નેકી લખવામાં આવે છે.

### -: દુરૂદે સઆદત (૬ લાખ દુરૂદ શરીફનો સવાબ) :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મુહમ્મદિન અદદ મા ફિ ઈલ્મિલ્લાહી તઆલા સલાતન દાઈ-મતમ બિ-દવામિ મુલ્કિલ્લાહ.

**ફઝીલત :** આ દુરૂદ શરીફને પઢવાથી દીન અને દુન્યામાં સઆદત નસીબ થાય છે. તેથી જ તેને **"દુરૂદે સઆદત"** કહે છે. અલ્લામા સૈયદ અહમદ ઘલાન (રહમતુલ્લાહિ અલયહ) એ ફરમાવ્યું છે કે જે વ્યક્તિ સાચા દિલથી આ દુરૂદ શરીફને એકવાર (૧) પઢશે, તેને છ લાખ (૬,૦૦,૦૦૦) દુરૂદ શરીફ પઢવાનો સવાબ મળશે.

જે વ્યક્તિ આ દુરૂદ શરીફ દરેક જુમ્આનાં દિવસે એક હજાર (૧૦૦૦) વાર પઢતો રહેશે, તેની ગણના બન્ને જહાંનાં સઆદતમંદ લોકોમાં થશે.

આ દુરૂદ શરીફનો વિર્દ કરનાર એવા નેક કામો કરશે કે તેના ઝરીએ તેનું નામ દીન અને દુન્યામાં કાયમ રહેશે, રૌશન થશે.

આ દુરૂદ શરીફને એકવાર પઢવાથી પૂરી "**દલાઇલુલ્ ખૈરાત**"ની તિલાવત કરવા જેટલો સવાબ મળે છે.

દુરૂદ શરીફની કેટલીક કિતાબોમાં આ દુરૂદ શરીફને "**દુરૂદે દવામી**" તરીકે લખવામાં આવ્યું છે.

### -: ૧૦,૦૦૦ દુરૂદ શરીફનાં બરાબર સવાબ :-

**અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ અ-દ-દ સલવાતિ-ક**

**ફઝીલત :** આ દુરૂદ શરીફ વિશે બતાવવામાં આવ્યું છે કે આ દુરૂદ શરીફને એકવાર પઢવું દસ હજાર (૧૦,૦૦૦) વાર દુરૂદ શરીફ પઢવા બરાબર છે.

### -: ઔલાદની ઇઝઝત :-

**અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિલ-આલમીન હબીબિ-ક મુહમ્મદિંવ વ આલિહિ સલાતન અન્ત લહા અહલુંવ વ બારિક વ સલ્લિમ કઝાલિક**

**ફઝીલત :** જે વ્યક્તિ સવાર-સાંજ સાત સાત વાર આ દુરૂદ શરીફ પાબંદી સાથે પઢશે, તો તેની બરકતથી અલ્લાહ તઆલા તેની ઔલાદને બાઇઝઝત રાખશે.

### -: તમામ દુરૂદ શરીફ બરાબર :-

**અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ બિ અ-દ-દિ કુલ્લિ ઝિક્રિહિ અલ્ફ અલ્ફ મર્ર-તિન્**

**ફઝીલત :** આ દુરૂદ શરીફ પઢવું સરકારે મદીના (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) પર તમામ દુરૂદ શરીફ પઢવા બરાબર છે.

### -: અર્શે અઝીમનાં બરાબર સવાબ :-

**અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિન્ મિલ-અસ્-સમાવાતિ વ મિલ-અલ-અર્દિ વ મિલ-અલ-અર્શિલ અઝીમ.**

**ફઝીલત :** આ દુરૂદ શરીફને એકવાર પઢનારને પૂરા આસ્માન ઝમીન

ભરીને તથા અર્શે અઝીમનાં બરાબર સવાબ મળશે.

## -: બેહિસાબ સવાબ, મોહતાજી દૂર થશે :-

સલ્લલ્લાહુ અલા સય્યિદિના મુહમ્મદિંવ આલિહિ વ-સલ્લમ.

**ફઝીલત :** આ દુરૂદ શરીફ પઢવામાં અને સવાબમાં સૌથી વધુ છે. જે વ્યક્તિ આ દુરૂદ શરીફ રોજ પાંચસો (૫૦૦) વાર પઢતો રહેશે, ક્યારેય કોઈનો મોહતાજ નહીં થાય.

## -: દુરૂદે હઝારી :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ વ અલા આલિ મુહમ્મદિમ બિ-અ-દ-દિ કુલ્લિ ઝર્રતિમ્ મિ-અ-ત અલ-ફિ અલ-ફિ મર્રતિંવ્ વ બારિક વ સલ્લિમ.

**ફઝીલત :** આ દુરૂદ શરીફ રૂહાનિયત હાસિલ કરવાવાળા માટે અફઝલ છે. આ દુરૂદ શરીફનાં ઝિક્રથી રસૂલે કરીમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની ખાસ શફકત હાસિલ થાય છે. તથા આપની તવજ્જોહ હાસિલ થાય છે. દરેક વ્યક્તિ માટે આ દુરૂદ શરીફ ઝિયારતે નબી (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) હાસિલ કરવાનો બેહતરીન ઝરીયો છે.

જે વ્યક્તિ ઝિયારતે નબી (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)નો તલબગાર હોય, તેણે રમઝાનુલ્ મુબારકમાં તહજ્જુદની નમાઝ વખતે આ દુરૂદ શરીફ એક હજાર (૧૦૦૦) વાર પઢવું. ઈન્શાઅલ્લાહ ટૂંક સમયમાં ઝિયારત નસીબ થશે. એકવાર (૧) પઢવાથી એક હજાર (૧૦૦૦) નેકીનો સવાબ મળે છે અને સો (૧૦૦) હાજત પૂરી થાય છે. દુન્યવી ખૈરો બરકત અને ફાયદાઓ હાસિલ કરવા દરેક નમાઝ પછી અગિયાર (૧૧) વાર પઢવું અફઝલ છે. ગમ-રંજ, મુશ્કેલીઓથી નજાત હાસિલ કરવા તેને ફજરની નમાઝ પછી સો (૧૦૦) વાર પઢવાથી ઈન્શાઅલ્લાહ દિલને સુકૂન મળશે અને દરેક મુશ્કેલીઓથી નજાત મળશે. ધંધો-રોજગાર, બરકત હાસિલ

કરવા તથા કર્ઝ અદા કરવા માટે નમાઝે ઈશા પછી ત્રણસો તેર (૩૧૩) વાર પઢવું અકસીર અને અજમાવેલું છે. જુમ્આનાં દિવસે એક હજાર (૧૦૦૦) વાર પઢનાર વ્યક્તિ ઈન્શાઅલ્લાહ જન્નતમાં જશે. આ દુરૂદ શરીફ ચિશ્તિયા ખાનદાનનાં બુઝુર્ગોનો રોજિંદો વિર્દ છે.

## દરેક મુસીબત આસાન કરવા માટે હઝરત અલી (કર્રમલ્લાહુ તઆલા વજહહુલ્ કરીમ)નું બતાવેલ દુરૂદ શરીફ

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના વ મૌલાના મુહમ્મદિવ્ અન્ ઝિલ્હુલ મક્-અ-દલ મુ-કર્રબ ઈન્દ-ક યૌમલ કિયામતિ

**ફઝીલત :** હઝરત અલી શેરે ખુદા (કર્રમલ્લાહુ તઆલા વજ્હહુલ્ કરીમ)એ ઈર્શાદ ફરમાવ્યું છે કે આ દુરૂદ શરીફ દરેક મુશ્કિલ હલ (આસાન) કરવા માટે ઈસ્મે આઝમ બરાબર છે.

હુઝૂર ગૌષે પાક સરકારે બગદાદ (રદિયલ્લાહો તઆલા અન્હો) ફરમાવે છે, કે હઝરત અલી (કર્રમલ્લાહુ તઆલા વજહહુલ્ કરીમ)થી રિવાયત છે કે ઉપરોક્ત દુરૂદ શરીફ દરરોજ ઈશાની નમાઝ પછી અગિયાર સો (૧૧૦૦) વખત પઢવું. તે જ રીતે ચાલિસ (૪૦) દિવસ તે જ સમયે પઢવું. ઈન્શાઅલ્લાહ તેનો આમિલ થઈ જશે. આમિલ થઈ ગયા પછી તેની તાસીર અજબ પ્રકારની જોવા મળશે. દા.ત. કોઈ કેસ ચાલતો હોય અથવા કોઈ હાકિમ પાસે જવું હોય, તો આમિલ થઈ ગયા પછી તે કામનાં દિવસે ફજરની નમાઝ પછી ઉપરોક્ત દુરૂદ શરીફ પાંચ સો (૫૦૦) વખત પઢીને જવું. ઈન્શાઅલ્લાહ કામ થઈ જશે.

કોઈ ભયંકર બિમારીથી ડોક્ટરે હાથ ધોઈ નાખ્યા હોય, તો ઉપરોક્ત દુરૂદ શરીફ દરરોજ ૨૧ વખત પઢવું. એ રીતે લગાતાર ૪૧ દિવસ પઢવું. દરરોજ ૨૧ વખત પઢી લો, ત્યારે પાણી દમ

કરીને તે બીમારને પાણી પિવડાવી દેવું. ૪૧ દિવસ આ રીતે કરવું. ઈન્શાઅલ્લાહ ઝરૂરથી બીમારી દૂર થઈ જશે.

દુશ્મનો અને ઝાલિમો પાછળ પડી ગયા હોય, જાનમાલ ખતરામાં હોય, ત્યારે ઉપરોક્ત દુરૂદ શરીફ અસરની નમાઝ પછી ૨૧ વખત પઢી લેવું. દરરોજ એ સમયે ૨૧ વખત પઢતા રહેવું. ઈન્શાઅલ્લાહ દુશ્મનોથી કશું જ નુકસાન નહીં પહોંચે અને જાનમાલનું રક્ષણ થઈ જશે.

## -: દુરૂદે ગૌષિયા :-

**અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના વ મૌલાના મુહમ્મદિમ્ મઅ્-દિ- નિલ્ જુદિ વલ ક-ર-મિ વ આલિહિ વ બારિક વસલ્લિમ.**

**ફઝીલત :** આ દુરૂદ શરીફ કાદરિયા સિલસિલાનાં બુઝુર્ગોનાં રોજિંદા વિર્દમાં છે. સિલસિલાનાં મુરીદોને રોજ પાંચ સો (૫૦૦) વાર દુરૂદ શરીફ પઢવાની તાકીદ કરવામાં આવે છે.

આ દુરૂદ શરીફ અલ્લાહ તઆલાની રહમતોનો ખઝાનો છે. જે વ્યક્તિ જીવનભર આ દુરૂદ શરીફને રોજ એક સો અગિયાર (૧૧૧) વાર પઢતો રહેશે, તે અલ્લાહ તબારક વ તઆલાની રહમતોથી માલામાલ થઈ જશે.

જે વ્યક્તિ રોજ આ દુરૂદ શરીફને ઓછામાં ઓછુ એક (૧) વાર પઢતો રહેશે, તો તેને સાત નેઅમતો નસીબ થશે.

(૧) રોઝીમાં બરકત,
(૨) દરેક કામમાં આસાની થવી,
(૩) સકરાતની હાલતમાં કલ્મો નસીબ થશે,
(૪) રૂહ કબ્ઝની તકલીફમાં રાહત નસીબ થશે,
(૫) પઢનારની કબર વિશાળ થઈ જશે,
(૬) પઢનાર કોઈનો મોહતાજ નહીં થાય, અને
(૭) લોકો તેનાથી મોહબ્બત રાખશે.

રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)નો કુર્બ હાસિલ કરવા તથા ઝિયારતે નબીએ કરીમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) કરવા માટે પણ આ દુરૂદ શરીફનો વિર્દ કરવામાં આવે છે.

## -: દુરૂદે કુર્આની :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા મોહમ્મદિંવ વ આલિહિ વ અસ્હાબિહિ બિ અ-દ-દિ મા ફી જમીઈલ કુરઆની હર-ફન્ હર-ફંવ વ બિ-અદદિ કુલ્લિ હર-ફિન્ અલ્ફન અલ્ફા.

**ફઝીલત** : આ દુરૂદ શરીફનાં શબ્દોમાં એવું કહેવામાં આવ્યું છે, કે યા અલ્લાહ ! નબીએ કરીમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) પર કુરઆન શરીફનાં દરેક શબ્દ બરાબર સલામ મોકલ. આથી તેને "**દુરૂદે કુર્આની**" કહે છે.

દુરૂદે કુર્આનીને પઢવાનાં બેશુમાર ફાયદાઓ છે. તેને પઢનાર પર અલ્લાહ તઆલાની જબરદસ્ત રહમત નાઝિલ થાય છે. આ દુરૂદ શરીફને ત્રણવાર સવારમાં અને ત્રણવાર સાંજે પઢવાથી ખૂબ જ કામિયાબી અને ખુશી હાસિલ થાય છે. કુર્આન શરીફની તિલાવત શરૂ કરતાં પહેલા અને પછી પઢવું ખૂબ જ અફઝલ છે.

જે વિસ્તારમાં વરસાદ ન પડતો હોય, ત્યાં વરસાદ હાસિલ કરવા માટે તે વિસ્તારનાં લોકો મસ્જિદમાં ભેગા થઈ ખજૂરનાં ઠળીયા અથવા કોડિયો દ્વારા એક લાખ પચ્ચીસ હજાર (૧,૨૫,૦૦૦) વાર દુરૂદ શરીફ પઢે, ત્યાર પછી બારગાહે ખુદાવંદીમાં ખૂબ જ આજિઝી પૂર્વક દુઆ કરે. ઈન્શાઅલ્લાહ રહમતે ઈલાહી જોશમાં આવી જશે અને પરવરદિગાર રહમતનાં વાદળાનાં ઝરીયે વરસાદ વરસાવશે. આ દુરૂદ શરીફ પઢનારને ઈશ્કે રસૂલ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) નસીબ થાય છે.

## -: દુરૂદે આલી કદ્ર :-

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ વ બારિક અલા સય્યિદિના મોહમ્મદિ

નિન-નબિય્યિલ ઉમ્મિય્યિલ હબીબિ આલિચીલ ક-દ-રિ અઝીમિલ-જાહિ વ અલા આલિહિ વ સહ-બિ-હિ વસલ્લિમ.

**ફઝીલત :** દુરૂદે આલી કદ્ર દીન અને દુન્યાની હાજતો પૂરી કરવા માટે તથા ઈઝ્ઝત અને અઝમત હાસિલ કરવા માટે ખૂબ જ અકસીર છે.

જે વ્યક્તિ કોઈ કામમાં કામિયાબી હાસિલ કરવા ઈચ્છતી હોય, તે ચાલીસ (૪૦) દિવસ સુધી રોજ ઈશાની નમાંઝ પછી આ દુરૂદ શરીફનો એક સો (૧૦૦) વાર વિર્દ કરે. ઈન્શાઅલ્લાહ તેની ઈચ્છા મુજબ કામમાં કામિયાબી મળશે.

જો વ્યક્તિ પર બીજી વ્યક્તિ દ્વારા ના-જાઈઝ મુકદમો દાખલ કરવામાં આવ્યો હોય, તો તેનાથી નજાત મેળવવા માટે મુકદ્દમાની દરેક તારીખે આ દુરૂદ શરીફ તહજ્જુદનાં સમયે સાત સો (૭૦૦) વાર વિર્દ કરે. ઈન્શાઅલ્લાહ કામિયાબી નસીબ થશે.

બુઝુર્ગોએ ફરમાવ્યું કે જે માણસ દર જુમેરાતે રાત્રે આ દુરૂદ શરીફને પાબંદી સાથે પઢશે, તો મરતી વખતે સરકારે મદીના (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની ઝિયારત કરશે. કબ્રમાં પણ રસૂલે પાકનાં ચહેરા મુબારકને જોતો રહેશે અને એ ખુશનસીબને હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) પોતાનાં નૂરાની હાથોથી કબ્રમાં ઉતારશે.

## -: દુરૂદે કલ્બી :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા શફી-ઈલ મુઝનિબીન સય્યિદિના વ મૌલાના વ મુર્શિદિના વ રાન્હ-ત કુલૂબિના વ તબીબિ ઝાહિરિના વ બાતિનિના મુહમ્મદિંવ વ અલા આલિહિ વ અસ્હાબિહી વ અઝ્-વાજિહિ વ અહ્લિ બૈતિહિ વ ઔલિયાઈ ઉમ્મતિહિ વ અહ્લિ તા-અતિ-ક અજમઈન ઈલા યૌમિદ-દીન.

**ફઝીલત :** આ દુરૂદ શરીફ બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં મકબૂલ બંદા બનવા માટે સૌથી અકસીર છે. જે વ્યક્તિ ઈચ્છે કે તેની દરેક દુઆ

કબુલ થાય, તો તેણે રાત-દિવસ આ દુરૂદ શરીફનો બા-વુઝૂ વિર્દ કરતા રહેવું. ઈન્શાઅલ્લાહ દુરૂદ શરીફની બરકતથી તેની દરેક દુઆ કબુલ થશે.

જે વ્યક્તિ હજનાં દિવસોમાં રોઝ-એ-અકદસ પર હાઝરી આપી આઠ (૮) દિવસ સુધી રોજ એકસો અગિયાર (૧૧૧) વાર આ દુરૂદ શરીફનો વિર્દ કરશે, તેને રસૂલે કરીમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની કુર્બત હાસિલ થશે.

બુરી આદતોથી નજાત મેળવવા રોજ એકસો અગિયાર (૧૧૧) વાર સવારે અને એટલી જ વાર સાંજે આ દુરૂદ શરીફ પઢવાથી બુરી આદતો છુટી જશે.

આ દુરૂદ શરીફનો કાયમી વિર્દ કરનારને સરકારે મદીના (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની શફાઅત નસીબ તશે.

## -: હજાર દિવસ સુધી સવાબ :-

જઝલ્લાહુ અન્ના સ-ય્યિ-દ-ના વ મૌલાના મોહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ મા હુ-વ અહ્-લુહુ

**ફઝીલત :** હઝરત જાબિર (રદિયલ્લાહુ તઆલા અન્હુ)થી "નુઝહતુલ મજાલિસ"માં હદીષ શરીફ મન્કૂલ છે કે હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ઈર્શાદ ફરમાવ્યું, કે જે વ્યક્તિ આ દુરૂદ શરીફ સવારે અને સાંજે પઢશે, તો સવાબ લખવાવાળા ફરિશ્તા હજાર દિવસ સુધી લખતા રહેશે.

## ત્રણ એઅ્જાઝ :-

હુવલ્લઝી યુસલ્લી અલૈકુમ વ મલાઇકતુહૂ.

(અલ્લાહ તઆલા તમો પર રહમત મોકલે છે અને તેના ફરિશ્તા પણ)

આ દુરૂદ શરીફ પઢવાવાળાને અલ્લાહ તઆલાનાં ખઝાનામાંથી ત્રણ અનમોલ તોહફા મળે છે. (૧) રહમત (૨) ફઝ્લો કરમ (૩) શફકત

આ જ રીતે ફરિશ્તા તરફથી દુરૂદ શરીફ પઢવાવાળાને ત્રણ તોહફા મળે છે. (૧) રહમત (૨) સલામ (૩) હિફાઝત.

## -: દુરૂદ : દુઆ અને દવા :-

અલ્લાહુમ્મ લકલ હમ્દુ કમા અન્ત અહ-લુહુ ફ-સલ્લિ અલા મોહમ્મદિન્ કમા અન્ત અહ્લુહૂ વફ્-અલ્ બિના મા અન્ત અહ્-લુહૂ ફ ઈન્ન-ક અન્ત અહ્લુત્ તક્વા વ-અહ્લુલ મગ્ફિરહ.

(અય અલ્લાહ ! તારા જ માટે હમ્દ છે, જે તારી શાનને લાયક છે. અય અલ્લાહ ! દુરૂદ મોકલ હઝરત મોહમ્મદ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) ઉપર, જે તારી શાનનાં મુનાસિબ છે અને મારી સાથે પણ એ મામલો કર ! જે તારી શાયાને શાન હોય. બેશક તૂ જ તેનો હકદાર છે કે તારાથી ડર રાખવામાં આવે. તૂ મગ્ફિરત કરવાવાળો છે).

**ફઝીલત :** અલ્લામા હઝરત ઈબ્નુલ મુશતહિર ફરમાવે છે કે જે વ્યક્તિ ઈચ્છે કે અલ્લાહ તઆલાની હમ્દ તે એવી રીતે કરે કે જે સૌથી અફઝલ હોય અને આજ સુધી કોઈ પણ મખ્લૂકે ન કરી હોય, જે અવ્વલીન અને આખિરીન અને મલાઈકાએ મુકર્રબીન આસ્માનવાળા અને ઝમીનવાળાથી અફઝલ હોય, તો ઉપરોક્ત દુરૂદવાળી દુઆ પઢે.

## અર્શનો સાયો

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના વ હબીબિના વ મહ્બૂબિના વ મૌલાના મુહમ્મદિવ્ વ બારિક વસલ્લિમ.

**ફઝીલત :** અલ્લામા સખાવી (રહમતુલ્લાહિ અલયહ) એક હદીષમાં હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)નો આ ઈર્શાદ નકલ કરે છે કે ત્રણ વ્યક્તિઓ કયામતનાં દિવસે અલ્લાહ તઆલાનાં અર્શનાં સાયામાં હશે, જે દિવસે તેના સિવાય કોઈ સાયો નહીં હોય.

(૧) જે વ્યક્તિ મુસીબતવાળાની મુસીબત દૂર કરે,

(૨) જે વ્યક્તિ સુન્નત જીવંત કરે, અને

(૩) જે વ્યક્તિ કસરતથી મારા ઉપર દુરૂદ શરીફ મોકલે.

## -: સાત ખાસ્સુલ-ખાસ જન્નતી દુરૂદ :-

(૧)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ્ વ અલા આલિ મુહમ્મદિન્ ફિલ-અવ્વલી-ન વલ-આખિરી-ન વ ફિલ-મ-લ-ઈલ્ અઅ્લા ઈલા યૌમિદ્-દીન.

રિવાયત છે કે એક દિવસ હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)ની ખિદમતમાં સહાબાએ કિરામ હાજર હતા, કે એક વ્યક્તિએ આવી સલામ કર્યા. હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ) તે વ્યક્તિને આપની અને હઝરત અબૂ બકર સિદ્દીક (રદિયલ્લાહુ તઆલા અન્હુ) દરમિયાન બેસાડયો. સહાબાએ કિરામને તે વ્યક્તિની તાઝીમથી નવાઈ લાગી અને તાઝીમનું કારણ પુછયું. અલ્લાહનાં હબીબ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે અ વ્યક્તિ મારા ઉપર એવુ દુરૂદ મોકલે છે, જેવું આજ સુધી કોઈએ મારા ઉપર નથી મોકલ્યું.

(૨)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિ નિન્ નબિય્યિ અ-દ-દ મન્ સલ્લા અલૈહિ મિન ખલ્કિ-ક વ સલ્લિ અલા મોહમ્મદિ નિન્ નબિય્યિ કમા યમ્બગી લના અન-નુસલ્લિ-ય અલૈહિ વ સલ્લિ અલા મોહમ્મદિ નિન્ નબિય્યિ કમા અમર્-ત-ના અન-નુસલ્લિ-ય અલૈહિ.

હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ દરરોજ સવારે દસ વખત આ દુરૂદ શરીફ પઢશે, તો તેના કારણે તમામ મખ્લૂકનાં આમાલનાં બરાબર સવાબ પ્રાપ્ત કરશે.

(૩)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મોહમ્મદિ નિન નબિય્યિલ ઉમ્મિય્યિ વ અહલી બૈતિહી કમા સ-લ્લૈ-ત અલા ઇબ્રાહી-મ વ અઝ્વાજિહી

ઉમ્મહાતિલ મુઅમિનીન વ ઝુર્રિયાતિહી ઈન્નક હમીદુમ્ મજીદ.

હઝરત અબૂ હુરૈરા (રદિયલ્લાહો તઆલા અન્હો) હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)નાં ઈર્શાદ મુબારકને નકલ કરે છે કે હુઝૂર (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે જે વ્યક્તિને એ વાત પસંદ હોય કે તેના દુરૂદનો સવાબ મોટા પાયે માપવામાં આવે તો આ દુરૂદ શરીફ પઢે.

(૪)

અલ્લાહુમ્મજ્-અલ્ સ-લ-વા-તિ-ક વ બ-ર-કા-તિ-ક અલા મુહમ્મદિ નિન્ નબિય્યિ વ અઝ્વાજિહી ઉમ્મહાતિલ મુઅ્-મિ-ની-ન વ ઝુર્રિય્યાતિહી વ અહ્લિ બૈતિહી કમા સ-લ્લૈ-ત અલા ઈબ્રાહી-મ ઈન્ન-ક હમીદુમ મજીદ.

હઝરત અલી (કર્રમલ્લાહુ વજહહુલ્ કરીમ)નાં હવાલાથી હઝરત અબૂ મસઊદ (રદિયલ્લાહો તઆલા અન્હો) ઝિક્ર કરે છે કે આકાએ નામદાર સરકારે દો આલમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ ઈચ્છે કે તેનું દુરૂદ બહુ જ મોટા પાયા ઉપર માપવામાં આવે તો તે એહલે બૈત ઉપર દુરૂદ શરીફ પઢે.

(૫)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મોહમ્મદિ-નિન્ નબિય્યિલ ઉમ્મિય્યિ વ અલા આલિહી વ સલ્લિમ તસ્લીમા.

હઝરત અબૂ હુરૈરા (રદિયલ્લાહો તઆલા અન્હો) રસૂલે અકરમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)નાં જલીલુલ કદ્ર અને એક મશ્હૂર સહાબી છે. આપ ઘણી હદીષોનાં હાફિઝ છે, અને આપનાથી જ ઘણી હદીષ શરીફ નકલ થઈ છે. બીજા બા-કમાલ સહાબી હઝરત અનસ (રદિયલ્લાહો તઆલા અન્હો) છે. આ બન્ને હઝરાતથી રિવાયત છે કે જે વ્યક્તિ જુમ્આનાં દિવસે એંસી (૮૦) વખત આ દુરૂદ શરીફ પઢે, તો તેના એંસી વર્ષનાં ગુનાહ મુઆફ થશે.

(૬)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મુહમ્મદિંવ વ અલા આલિહી વ અસ્હાબિહી વ અવ્લાદિહી વ અઝ્વાજિહી વ ઝુર્રિય્યાતિહી વ અહલી બૈતિહી વ અસ્હાબિહી વ અન્સારિહી વ અશ્યાઈહી વ મુહિબ્બિહી વ ઉમ્મતિહી વ અલૈના મ-અ-હુમ્ અજ્-મ-ઈ-ન યા અર્હમર્રાહિમીન.

હઝરત હસન બસરી (રહમતુલ્લાહિ અલયહ) ઉચ્ચ કોટીનાં આલિમ, મોહદ્દિષ અને મશ્હૂર વલિયુલ્લાહ છે. અલ્લાહ તબારક વ તઆલાનો તેઓ ઉપર ખાસ ઈનામ અને ઈકરામ છે. આપ ફરમાવે છે કે જે વ્યક્તિ હુઝૂર રહમતે આલમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)નાં હૌઝે કૌષરથી ભરેલ પ્યાલો પીવા ઈચ્છે, તે આ દુરૂદ શરીફ પઢયા કરે.

(૭)

અલ્લાહુમ્મ સલ્લિ અલા મોહમ્મદિંવ વ અલા આલિ મોહમ્મદિન સ-લા-તન્ તકૂનુ લક-રિદવ્ વલિ હક્કિહી અદા-અવ્ વ અઅ્તિહિલ વ-સી-લ-ત વલ મ-કા-મ-લ-મહ્-મૂ-દનિલ્લઝી વ-અ-ત્ત-હુ વ અજ્ઝિહી અન્નામા હુ-વ અહ્-લુ-ક વજ્ઝિ અન્ના અફ-દલ મા જ-ઝૈ-ત નબિય્યન્ અન્ ઉમ્મતિહી વ સલ્લિ અલા જમીઈ ઈખ્વાનિહી મિ-નન્ન-બિય્યી-ન વસ્સાલિહી-ન યા અર્-હમર્-રાહિમી-ન

હઝરત ઈબ્ને આસિમ (રહમતુલ્લાહે અલયહ)થી હદીષ શરીફ નકલ છે કે રસૂલે અકરમ (સલ્લલ્લાહુ તઆલા અલૈહિ વસલ્લમ)એ ફરમાવ્યું કે જે વ્યક્તિ સાત જુમ્આ (જુમ્આ અને જુમેરાત વચ્ચે)ની રાતમાં સાત વાર આ દુરૂદ શરીફ પઢશે, તેના માટે મારી શફાઅત લાઝીમ થઈ જશે.

## -: દુરૂદે રૂહી :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિમ્ મા દા-મ-તિસ્સલાતુ વ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિમ મા દા-મ-તિર્ રહ્-મ-તુ વ

સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિમ મા દા-મ-તિલ બ-ર-કા-તુ વ સલ્લિ અલા રૂ-હિ મોહમ્મદિન્ ફિલ-અર્વાહિ વ સલ્લિ અલા સૂરતિ સય્યિદિના મોહમ્મદિન્ ફિસ સુ-વ-રિ વ સલ્લિ અલા ઈસ્મિ મોહમ્મદિન્ ફિલ-અસ્માઈ વ સલ્લિ અલા નફ્સિ સય્યિદિના મોહમ્મદિન્ ફિન-નુફૂસિ વ વ સલ્લિ અલા કલ્બિ મોહમ્મદિન્ ફિલ કુલૂબિ વ સલ્લિ અલા કબ્રિ સય્યિદિના મોહમ્મદિન્ ફિલ કુબૂરિ વ સલ્લિ અલા રૌ-ઝતિ સય્યિદિના મોહમ્મદિન ફિર્-રિયાઝિ વ સલ્લિ અલા જ-સ-દિ સય્યિદિના મોહમ્મદિન્ ફિલ અજ્સાદિ વ સલ્લિ અલા તુર્બતિ સય્યિદિના મોહમ્મદિન ફિત તુરાબિ વ સલ્લિ અલા ખૈરિ ખલ્કિ સય્યિદિના મુહમ્મદિંવ વ અલા આલિહી વ અસ્હાબિહી વ અઝ્વાજિહી વ ઝુર્રિયાતિહી વ અહ્લિ બૈતિહી વ સહ્બિહી અજમઈન બિ-રહ્-મ-તિ-ક યા અર-હમર-રાહિમી-ન.

**ફઝીલત** : આ દુરૂદ શરીફ કબ્રસ્તાનમાં કબ્રો પાસે પઢવાથી તેની બરકતોથી રૂહોને અઝાબથી છુટકારો મળે છે. જેટલુ વધારે પઢવામાં આવે, તેટલો સવાબ વધારે પ્રાપ્ત થશે.

આ દુરૂદ શરીફ પઢી માં-બાપની રૂહોને બખ્શવાથી, માં-બાપનાં તમામ હુકૂક અદા કર્યાનો સવાબ મળશે. અહલે કબરને બખ્શવાથી તેઓની ઝિયારત અર્થે ફરિશ્તાઓ તશરીફ લાવે છે.

## -: મુસાફો કરતી વખતે દુરૂદ :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિંવ વ અલા આલિ સય્યિદિના મોહમ્મદિંવ વબારિક વસલ્લિમ.

**ફઝીલત** : હઝરત અનસ (રદિયલ્લાહો તઆલા અન્હો) ફરમાવે છે, કે જ્યારે બે મુસલમાન મુસાફો કરતી વેળાએ આ દુરૂદ શરીફ પઢે, તો તેઓ અલગ થાય તે પહેલા અલ્લાહ તબારક વ તઆલા તેઓનાં બધાજ ગુનાહ મુઆફ કરી દે છે.

## -: દુરૂદે નારિયા :-

અલ્લાહુમ્મ સલ્લિ સલાતન્ કામિ-લ-તંવ્ વ સલ્લિમ સલામન્ તામ્મન્ અલા સય્યિદિના વ મૌલાના મોહમ્મદિનિલ્લઝી તન-હલ્લુ બિ-હિલ ઉ-ક-દુ વ તન-ફરિજુ બિ-હિલ કુરબુ વ તુકદા બિ-હિલ હવાઈજુ વ તુનાલુ બિહિર્-રગાઈબુ વ હુસ્નુલ ખાતિમિ વ યુસ તસ-કલ ગમામુ બિ વજ્હિલ કરીમિ વ અલા આલિહી વ અસ્હાબિહી ફી કુલ્લિ લમ્-હતિંવ વ નફ્સિમ બિ અ-દ-દિ કુલ્લિ મઅ્-લૂમિલ-લક યા અલ્લાહુ યા અલ્લાહુ યા અલ્લાહુ.

**ફઝીલત :** આ દુરૂદ શરીફ સાચા દિલથી પઢી જો પહાડ તરફ ઈશારો કરવામાં આવે તો તે પહાડ ટુકડા ટુકડા થઈ જાય. આ દુરૂદ શરીફમાં એવા રાઝ છુપાએલા છે, જેને આરિફો અને વલીયો સિવાય કોઈ સમઝી નથી શકતું. કોઈ પણ દુઃખ અને તકલીફ વખતે જો આ દુરૂદ શરીફ પઢવામાં આવે તો ઈન્શાઅલ્લાહ તે તકલીફો તુરંત જ દૂર થઈ જશે. ઝહેમત રહમતમાં તબ્દીલ થઈ જશે. અલ્લાહ તબારક વ તઆલાની ગૈબી મદદ થશે.

## -: દુરૂદે ખમ્સા :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિમ બિ-અ-દ-દિ મન્ સલ્લા અલૈહિ વ સલ્લિ અલા મોહમ્મદિન્ કમા તોહિબ્બુ વ તર્દા અન્ તુ-સલ્લિ-ય અલૈહિ વ સલ્લિ અલા મોહમ્મદિન્ કમા અ-મર્-ત-ના બિસ્સલાતિ અલૈહિ વ સલ્લિ અલા મોહમ્મદિન કમા યમ્બ-ગિસ્સલાતુ અલૈહિ.

**ફઝીલત :** બા-સલામત અને સુકૂન ચૈનથી રહેવા અને ઈઝ્ઝતનાં સાથે સમય પસાર કરવા આ દુરૂદ શરીફનું પઢવું વધારે આલા અને અફઝલ છે.

ઈમામ શાફઈ રહમતુલ્લાહિ અલૈહ "મઆરિજ" માં લખે છે કે આ દુરૂદ શરીફ પઢવાવાળાની મગ્ફિરત થશે અને રહમતો પામશે.

દરેક મુસીબતમાં કારગત છે અને મહત્વનાં કાર્યોમાં કામ્યાબી મળે છે. આ દુરૂદ શરીફ પઢવાવાળાની સો (૧૦૦) હાજતો પુરી થાય છે.

અરબસ્તાનનાં એક કામિલ વલીનાં ઈન્તિકાલ પછી પૂછવામાં આવ્યું કે આપની સાથે શું મામલો થયો? તેઓએ જવાબ આપ્યો કે દર જુમેરાતે હું દુરૂદે ખમ્સા પઢતો હતો. તેની બરકતથી અલ્લાહ તબારક વ તઆલાએ મારી બખ્શિશ ફરમાવી.

### -: દુરૂદે ઇન્આમ :-

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ વબારિક અલા સય્યિદિના મોહમ્મદિંવ વ અલા આલિહી અ-દ-દ ઈન્આમિલ્લાહિ વ અફદાલિહી

**ફઝીલત :** જે કોઈ વ્યક્તિ આ દુરૂદ શરીફ રોજ રાત્રે સુતા પહેલા બા-વુઝૂ ૩૧૩ વખત પઢશે, તો તેને અલ્લાહનાં રસૂલ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની મોહબ્બત પ્રાપ્ત થશે અને રોઝએ અત્હરની ઝિયારત નસીબ થશે. આ દુરૂદ શરીફ બહુ જ બા-બરકત અને અફઝલ છે.

### -: બે શુમાર નેઅમતો અપાવનાર દુરૂદ શરીફ :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિંવ વ અલા આલિ સય્યિદિના મોહમ્મદિંવ વ બારિક વ સલ્લિમ.

**ફઝીલત :** આ દુરૂદ શરીફ જે પઢશે, તેને દીન અને દુન્યામાં બેશુમાર નેઅમતો પ્રાપ્ત થશે અને અલ્લાહ તબારક વ તઆલાની રહમતનાં સાયામાં રહેશે.

સરવરે કૌનેન સલ્લલ્લાહો તઆલા અલૈહે વસલ્લમે ફરમાવ્યું કે જેના ઉપર કોઈ મુસીબત આવે અથવા કોઈ હાજત હોય અથવા તો કોઈ તકલીફ આવે, તો તે કસરતથી મારા પર દુરૂદ શરીફ પઢે. કારણ કે દુરૂદ શરીફનું પઢવું પરેશાની અને ગમ દૂર કરે છે. અને અને તેનાથી રોઝીમાં બરકત થાય છે.

## -: દુરૂદે અવ્વલ :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિન અફ-દલિ અમ્બિયાઈ-ક વ અકરમિ અસ-ફિ-યાઈ-ક મન ફા-દત્ મિન નૂરિહી જમીઈલ અન્વારિ વ સાહિબિલ મુઅજિઝાતિ વ સાહિબિલ મકામિલ મહમૂદિ સય્યિદિલ અવ્વલી-ન વલ આખિરી-ન

**ફઝીલત** : આ દુરૂદ શરીફ પઢવાવાળો કદી મહેરૂમ ન રહેશે. બીમારીથી નજાત અને તકલીફો દૂર થશે. દીની અને દુન્યવી કામિયાબી મળશે. આ દુરૂદ શરીફ પઢવાવાળાથી દરેક બુરાઈ દૂર થશે. ઈબાદતમાં લુત્ફ મળશે અને આબિદ તથા પરહેઝગાર બની જશે.

આ ઈસ્મે આઝમ છે. આ દુરૂદ શરીફ પઢવાવાળાને અવ્વલ સફમાં દાખલ કરવામાં આવશે.

## -: દુરૂદે આબિદીન :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિમ મિલ્-અદ્ દુન્યા વ મિલ્-અલ્-આખિરતિ વ મોહમ્મદિંવ વ આલિ મોહમ્મદિમ્ મિલ્-અદ્-દુન્યા વ મિલ્-અલ્ આખિરતિ વજિઝ મોહમ્મદિંવ વ આલિ મોહમ્મદિમ્ મિલ્-અદ્ દુન્યા વ મિલ્-અલ્ આખિરતિ વ સલ્લિમ અલા મોહમ્મદિંવ વ અલા આલિ મોહમ્મદિમ્ મિલ્-અદ્ દુન્યા વ મિલ-અલ આખિરહ.

**ફઝીલત** : હઝરત મઅરૂફ કર્ખી રહમતુલ્લાહિ અલયહ પોતાનાં વઝાઈફમાં આ દુરૂદ શરીફને પ્રથમ રાખતા હતાં. આ દુરૂદ શરીફની બરકતથી કમાલાતે કશ્ફ પ્રાપ્ત થાય છે. આ દુરૂદ શરીફ પઢવાવાળાનાં મર્તબા બહુ જ બુલંદ થઈ જાય છે. દરેક મુશ્કિલ દૂર થાય છે. અને દરેક જાઈઝ કાર્યમાં કામિયાબી નસીબ થાય છે. આ દુરૂદ શરીફ પઢવાવાળાની દરેક જાઈઝ મુરાદ પૂરી થાય છે.

## -: દુરૂદે અકતાબ :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા નૂરિલ અન્વારિ વ-સિર્રિલ અસ્રારિ વ-તિર્યાકિલ-અગ્યારિ સય્યિદિના મોહમ્મદિનિલ મુખ્તારિ વ આલિહિલ્

અત્હારી વ અસ્હાબિહિલ-અખ્યારિ અ-દ-દ નિઅમિલ્લાહિ વ અફદાલિહિ.

**ફઝીલત :** આ દુરૂદ શરીફ કસરતથી પઢવાથી અન્વારે હક અને કશ્ફ પ્રાપ્ત થાય છે. આ દુરૂદ શરીફ પઢવાવાળાને ઈન્શાઅલ્લાહ હુઝૂર સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની ઝિયારત નસીબ થશે. રોઝીમાં વધારો અને આસાની થાય છે. દુરૂદ શરીફની બરકતથી કુત્બિય્યત પ્રાપ્ત થાય છે.

## -: દુરૂદે નૂર :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિન્ નૂરિલ-અન્વારિ વ-સિર્રિલ-અસ્રારિ વ સય્યિદિલ-અબરાર.

**ફઝીલત :** આ દુરૂદ શરીફ ઈસ્મે આઝમ છે. આ દુરૂદ શરીફ પઢવાવાળાનાં દિલમાં નૂર પૈદા થશે. અસ્રારે ઈલાહી ખુલી જશે અને અસ્રારે ઈલાહી ખુલતાં જ તેને જે મકામ મળશે, તે વર્ણન કરવું મુશ્કિલ છે. આ દુરૂદ શરીફનાં દરેક શબ્દમાં નૂરનાં સાગર સમાયેલ છે.

## -: દુરૂદે આશિકીન :-

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના વ મહબૂબિના વ મૌલાના મોહમ્મદિબ્નિ અબ્દિલ્લાહિબ્નિ અબ્દિલ-મુત્તલિબિલ મદનિય્યિલ અરબિય્યિ વ અલા આલિ સય્યિદિના વ હબીબિના મોહમ્મદિબ્નિ અબ્દિલ્લાહિબ્નિ અબ્દિલ-મુત્તલિબિન્-નબિય્યિલ ઉમ્મિય્યિલ હિજાઝિય્યિલ હરમિય્યિ બિ-કદ્રિ હુસ્નિહી વ જમાલિહી વ હબીબિના મોહમ્મદિન્ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ.

**ફઝીલત :** આ દુરૂદ શરીફ આશિકોની મેઅરાજ છે. આ દુરૂદ શરીફ પઢવાથી દરજ્જાઓ બુલંદ થાય છે. આ દુરૂદ શરીફ પઢવાવાળા આશિકે બા-મુરાદ અને આશિકે સાદિક બની જાય છે.

## -: દુરૂદે આરિફીન :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન્ સમ-મય-ત-હૂ ઝાકિરંવ વ હબીબંવ વ

મુ-ઝક્-કિરમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ્-મચ-ત-હૂ અહમદંવ વ મોહમ્મદંવ વ સચ્ચિદિના મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ્-મચ-ત-હૂ સાબિરંવ વ નબિચ્ચંવ વ રાકિબન મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન-સમ-મચ-ત-હૂ ગાલિબંવ વ રહીમંવ વ હલીમમ્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મચ-ત-હૂ આકિબંવ વ કરીમંવ વ હકીમમ્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મચ-ત-હૂ અદલંવ વ જવ્વાદંવ વ મુઝ-ઝમ્મિલમ્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મચ-ત-હૂ કાઇમંવ વ હફિચ્ચંવ વ અબ્દુલ્લાહિ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મચ-ત-હૂ શાહિદંવ વ બસીરંવ વ મહદિચ્ચમ્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મચ-ત-હૂ બાહિચ્ચંવ વ નૂરંવ વ મક્કિચ-ચમ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મચ-ત-હૂ શાકિરંવ વ જલિચ્ચંવ વ-નઝી-રમ્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મચ-ત-હૂ તાહિરંવ વ સફિચ્ચંવ વ મુખ્તારમ્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મચ-ત-હૂ બુર-હા-નંવ વ સહીહંવ વ શરી-ફમ્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મચ-ત-હૂ મુસ્લિમંવ વ રઉફર રહીમન્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મચ-ત-હૂ મુઅમિનંવ વ હલીમમ્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.

અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મય-ત-હૂ કચ્ચિમંવ વ મહ-મુ-દંવ વ-હમ-મિ-દમ્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ.
અલ્લાહુમ્મ સલ્લિ અલા મન સમ-મય-ત-હૂ મિસ્બાહંવ વ આમિરંવ વ-નાહિ-યમ્ મુહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ અલા આલિહી વ અસ્હાબિહી વ અઝ્વાજિહી વ ઝુર્રિયાતિહિ વ અહ્લિ બૈતિહી વ રદિયલ્લાહુ અન કુલ્લિસ સહા-બતિ દાઈમન્ અ-બ-દન્ અલા હબીબિ-ક ખૈરિલ ખલ્કિ કુલ્લિ-હિ-મી.

**ફઝીલત :** "આરિફીન" શબ્દ મઅરિફતથી બનેલ છે. આરિફીનનો અર્થ છે, ઓળખવાવાળો (મઅરેફતવાળો) આરિફનો દરજ્જો અને મંઝિલ વલીથી બહુજ ઉચ્ચ અને આલા છે. જેને અલ્લાહ તબારક વ તઆલાની મઅરેફત થઈ ગઈ. તેને દીનો દુન્યાની સર્વ નેઅમતો પ્રાપ્ત થઈ ગઈ. તે મળે છે જે અન્ય ઔલિયા અલ્લાહ અને નેકોકારનાં વિચારોથી પણ પર છે.

વલી પોતાનાં ચાહવાવાળાને જન્નતનો રસ્તો બતાવશે. પરંતુ આરિફ પોતાનાં ચાહવાવાળાને જન્નતમાં પહોંચાડી દેશે. આરિફ જ્યાં ચાહે તસર્રૂફ કરે, તેના માટે કોઈ રોક નથી.

દુરૂદુલ-આરિફીન પઢવાથી આરિફનો દરજ્જો પ્રાપ્ત થાય છે. આ દુરૂદ શરીફનો રાઝ અલ્લાહ સિવાય કોઈ જાણતું નથી.

આ દુરૂદ શરીફ પઢવાથી અલ્લાહની મોહબ્બત હાસિલ થાય છે અને અલ્લાહ તેને પોતાનો દોસ્ત બનાવી લે છે.

હુઝૂર તાજદારે મદીના ફૈઝે ગંજીના સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમનો ઈર્શાદ છે કે જે વ્યક્તિ પાસે આ દુરૂદ શરીફ હોય અને તે પોતાનાં મુસલમાન ભાઈ-બહેનને ન સિખવાડે, તો બસ તે મારાથી દૂર છે અને હું તેનાથી દૂર છું.

હઝરત ઉમર બિન ખત્તાબ રદિયલ્લાહો તઆલા અન્હોએ ફરમાવ્યું કે મેં કદી નથી જાયું કે રસૂલે અકરમ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમે આ દુરૂદ શરીફ રદ કર્યુ હોય.

હઝરત ઉષ્માને ગની રદિયલ્લાહો તઆલા અન્હો ફરમાવે છે કે આ દુરૂદ શરીફની બરકતથી મને કુર્આન શરીફ યાદ રહી ગયું અને હું હાફિઝે કુર્આને મુકદસ થઈ ગયો.

હઝરત હસન બસરી રહમતુલ્લાહિ અલયહ ફરમાવે છે કે હુઝૂર રહમતે દો જહાં સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ એ મને એ વાતથી વાકિફ કર્યો કે આ દુરૂદ શરીફથી અફઝલ કોઈ દુરૂદ શરીફ નથી. અલ્લાહ તબારક વ તઆલા સિવાય આ દુરૂદ શરીફની અઝમત અને સવાબ કોઈ જાણતું નથી.

## -: દુરૂદે મુકદસ :-

યા ઈલાહી બિ હુરમતિ અક્વાલિ સૈયિદિના મુહમ્મદિવ્ વ અફ્આલિ સૈયિદિના મુહમ્મદિવ્ વ અસ્હાબિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ બદનિ સૈયિદિના મુહમ્મદિવ્ વ બત્નિ સૈયિદિના મુહમ્મદિવ્ બરકતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ બેઅતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ બુરાકિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ તવલ્લુદિ સૈયિદિના મુહમ્મદિવ્ વ તઅબ્બુદિ મોહમ્મદિવ્ વ તહજ્જુદિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ ષનાઈ સૈયિદિના મુહમ્મદિવ્ વ ષવાબિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ષમાતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ જલાલિ સૈયિદિના મુહમ્મદિવ્ વ જમાલિ સૈયિદિના મુહમ્મદિવ્ વ જલ્લિ સૈયિદિના મુહમ્મદિવ્ વ વજ્હતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ જિહતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ હુસ્નિ સૈયિદિના મુહમ્મદિવ્ વ હ-સ-નાતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ હુરમતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ હાલે સૈયિદિના મુહમ્મદિવ્ વ હુલ્યતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ ખિલ્કતિ સૈયિદિના મોહમ્મદિવ્ વ ખુલ્કિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ખુત્બતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ખૈરાતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ દીનિ સૈયિદિના મુહમ્મદિવ્ વ દિયાનતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ દૌલતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ દરજાતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ દુઆઈ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ ઝાતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝિક્રિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝૌકિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહો અલૈહે વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ રૂહિ સૈયિદિના મુહમ્મદિવ્ વ રઅ્સિ સૈયિદિના મુહમ્મદિવ્ વ રિઝ્કિ સૈયિદિના મુવહમ્મદિવ્ વ રફીકિ સૈયિદિના મુહમ્મદિવ્ વ રઝાઈ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ ઝોહ્દિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝહાદતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝારી સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝીનતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ સિયાદતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ સઆદતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ સુન્નતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ સિર્રિ સૈયિદિના મુહમ્મદિવ્ વ સલામિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ શરઈ સૈયિદિના મુહમ્મદિવ્ વ શ-ર-ફિ સૈયિદિના મુહમ્મદિવ્ વ શૌકિ સૈયિદિના મુહમ્મદિવ્ વ શાદિય્યી સૈયિદિના

મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ સિદ્કિ સૈયિદિના મુહમ્મદિવ્ વ સૌમિ સૈયિદિના મુહમ્મદિવ્ વ સલાતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ સફાઈ સૈયિદિના મુહમ્મદિવ્ વ સબ્રિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ ઝિયાઈ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝમીરિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝહાઈ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝુઅફિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ તલ્અતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ તહારતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ તહ્રિ સૈયિદિના મુહમ્મદિવ્ વ તરીકિ સૈયિદિના મુહમ્મદિવ્ વ તવાફિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ ઝાહિરિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝોહ્રિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝિલ્લિ સૈયિદિના મુહમ્મદિવ્ ઝહૂરિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઝુફ્રિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતે ઈશ્કિ સૈયિદિના મુહમ્મદિવ્ વ અરફાતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઈલ્મિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ઉલુવ્વિ સૈયિદિના મુહમ્મદિવ્ વ અલીમિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ ગુર્બતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ગારિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ગુર્રતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ગૈરતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ગનીમતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ કુલ્લિ સૈયિદિના મુહમ્મદિવ્ વ કદ્રિ સૈયિદિના મુહમ્મદિવ્ વ કનાઅતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ કુવ્વતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ ફખ્રિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ફક્રિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ફિરાકિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ફદ્લિ સૈયિદિના મુહમ્મદિવ્ વ ફદીલતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ કલામિ સૈયિદિના મુહમ્મદિવ્ વ કશ્ફિ સૈયિદિના મુહમ્મદિવ્ વ કોશિશિ સૈયિદિના મુહમ્મદિવ્ વ કિતાબતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ કુન્નિય્યતિ સૈયિદિના મુહમ્મદિન્ વ કિયાસતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ લૈલિ સૈયિદિના મુહમ્મદિવ્ વ લિકાઈ સૈયિદિના મુહમ્મદિવ્ વ લિયાકતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ મિઅરાજિ સૈયિદિના મુહમ્મદિવ્ વ મુજાહિદાતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ મુશાહદાતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ મુલાહઝતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ મસાહતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ નાઝિ સૈયિદિના મુહમ્મદિવ્ વ નમાઝિ સૈયિદિના મુહમ્મદિવ્ વ નસીરિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ વરૂદિ સૈયિદિના મુહમ્મદિવ્ વ વકાઈ સૈયિદિના મુહમ્મદિવ્ વ વજૂદિ સૈયિદિના મુહમ્મદિવ્ વ વદીઅતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ હિમ્મતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ હિદાયતિ સૈયિદિના મુહમ્મદિવ્ વ હદ્યતિ સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

યા ઈલાહી બિ હુરમતિ યારી સૈયિદિના મુહમ્મદિવ્ વ યકાની સૈયિદિના મુહમ્મદિન્ સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ.

લા ઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલૈહિ વ અલા

આલેહી વ અસ્હાબિહી વસલ્લમ બિ અ-દ-દિ મા હુવલ્ મકતૂબુ ફિલ્લૌહિ વલ્કલમિ ફી કુલ્લિ યૌમિંવ્ વ લૈલતિંવ્ વ સાઅતિંવ્ વ નફસિંવ્ વલ-મુહય્યતિ અલ્ફિ મિઅતિ અલ્ફિ મર્રતિન્ ઈલા યૌમિલ્ ઈલ્મ. અલા ઈન્ન ઔલિયા અલ્લાહિ લા ખૌફુન્ અલૈહિમ્ વલા હુમ્ યહ્ઝનૂ-ન બિ રહમતિક યા અરહમરહિમીન.

**ફઝીલત :** કોઈ પણ સ્ત્રી કે પુરુષ "દુરૂદે મુકદસ" તાઝીમની સાથે પઢે, તો અલ્લાહ તઆલાનાં ફઝલો કરમથી તે વ્યક્તિ દીન અને દુન્યામાં પોતાનાં હેતુઓ અને ધ્યેયને સિધ્ધ કરી શકશે. તેની દરેક હાજત પૂરી થશે. આ દુરૂદ શરીફ પઢનાર વ્યક્તિ (સ્ત્રી-પુરુષ) પ્રથમ વુઝૂ કરે, પાક કપડા પહેરે, ઈત્ર (અત્તર) લગાવે અને પાક સ્થળે બેસીને આ દુરૂદ શરીફ પઢીને તેનો સવાબ સરવરે કાઈનાત, ફખ્રે મૌજૂદાત, સય્યિદુલ અમ્બિયા, રસૂલે ખુદા, અહમદે મુજતબા, હઝરત મોહમ્મદ મુસ્તફા સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની બારગાહમાં પેશ કરે.

હઝરત સૈયદે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમે ફરમાવ્યું છે કે મારી ઉમ્મતમાં કોઈ પણ મુસલમાન આ દુરૂદે મુકદસને પઢશે, તો તે વ્યક્તિ કિયામતનાં દિવસે સાલિહીન (નેક લોકો) અને શહીદોની સાથે હશે.

હુઝૂર સૈયદે આલમ સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમે ફરમાવ્યું છે કે કોઈ પણ માણસ પોતાની ઝિંદગીમાં માત્ર એકવાર આ "દુરૂદે મુકદસ" પઢી લેશે, તો એક લાખ હજ્જનો સવાબ મેળવશે. તેણે જાણે બે લાખ ગુલામોને ફીસબીલિલ્લાહ મુક્ત કર્યા અને તેણે જાણે દસ લાખ દિનાર (ઈરાકનું ચલણ) અલ્લાહનાં માર્ગમાં ખર્ચ કર્યા. તેણે જાણે દસ લાખ ઊંટ અલ્લાહનાં માર્ગમાં કુર્બાન કર્યા. તેણે જાણે કાબા શરીફની ઝિયારત (દર્શન) દસ લાખ વખત કરી. તેણે જાણે દસ લાખ વખત "શબે કદ્ર" મેળવી લીધી. તેણે જાણે દસ લાખ વખત મસ્જિદે મુનવ્વરા બંધાવી.

જો કોઈ "દુરૂદે મુકદસ"ને પઢશે, તો તે દસ લાખ રોઝા રાખ્યાનો સવાબ મેળવશે. તે વ્યક્તિ દસ લાખ કુર્સીનો સવાબ મેળવશે. આ દુરૂદે મુકદસ પઢનાર વ્યક્તિ દસ લાખ "લૌહ" અને દસ લાખ "કલમ" જેટલો રૂત્બો મેળવશે. જે કોઈ વ્યક્તિ આ "દુરૂદે મુકદસ" પઢશે, તો હઝરત જિબ્રઈલ, હઝરત મિકાઈલ, હઝરત ઈસ્રાફીલ અને હઝરત ઈઝરાઈલ અલૈહિમુસ્સલામ (ચાર મોટા ફરિશ્તાઓ)નાં જેવો બુલંદ દરજ્જો મેળવશે. જે કોઈ વ્યક્તિ આ દુરૂદ શરીફને પઢતો રહેશે, તે વ્યક્તિ અર્શ, કુર્સી, લૌહ, કલમ, સાતેય આસ્માન અને ઝમીન, આઠેય જન્નત (બહિશ્ત) અને અવ્વલ-આખિરનાં તમામ ફરિશ્તાઓની બરાબર સવાબ મેળવશે. જે કોઈ સ્ત્રી અથવા પુરુષ આ દુરૂદ શરીફ પઢશે, તે કુર્આન હકીમનાં તીસ પારા તથા "ઝબૂર" તથા "ઈન્જીલ" અને "તૌરેત" કિતાબ પઢવાનો સવાબ મેળવશે.

હુઝૂર રસૂલે પાક સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમે ફરમાવ્યું કે જે કોઈ આ "દુરૂદે મુકદસ" પઢશે, તેને "ચહલ તન" તથા તમામ ગૌષ હઝરાત, તમામ અક્તાબ હઝરાતનો સવાબ મળશે. તે વ્યક્તિ તમામ સગીરા અને કબીરા ગુનાહ ભલે તે ગુનાહ તમામ મછલીઓ, કિડિઓ અને તમામ જાનવરોની સંખ્યા બરાબર હોય, તો પણ આ દુરૂદની બરકતથી બખ્શી દેવામાં આવશે. તેનો સકરાતનો સમય આસાન બની જશે. તે વ્યક્તિનાં જનાઝામાં એટલા બધા બેહિસાબ ફરિશ્તા સામેલ થશે કે તેની સંખ્યા માત્ર અલ્લાહ જ જાણે છે. (બીજુ કોઈ જાણતું નથી), તે વ્યક્તિની કબ્ર પ્રકાશિત (મુનવ્વર) થઈ જશે. મુન્કર-નકીરનાં પ્રશ્ન આસાન થઈ જશે. પછી ઈલાહી ફરમાન તે બંદા માટે થશે કે અય બંદા! જેવી રીતે પહેલી રાત્રે (મિલનની રાત્રે) દુલ્હો ખુશી-ખુશી સુઈ જાય છે, તેવી રીતે સુઈ જા ! તે શખ્સ જ્યારે કબ્રમાંથી (કયામતમાં) ઉઠશે, ત્યારે તેનું મોઢું ચૌદવીનાં ચાંદ જેવું પ્રકાશિત હશે. લોકો બોલી ઉઠશે કે યા અલ્લાહ ! આ કોઈ પૈગમ્બર છે કે કોણ છે? ત્યારે ફરમાને ઈલાહી થશે કે આ કોઈ પૈગમ્બર નથી.

પરંતુ એક અદનો આદમી છે, જે મારા મહબૂબ હઝરત મોહમ્મદ મુસ્તફા (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)નાં નામ મુબારકને સાચા દિલથી પઢતો હતો. તેની બરકતથી તેને આ દરજ્જો મળ્યો છે. આ દુરૂદ શરીફ પઢનારનાં જમણા હાથમાં તેનું આમાલનામું ફરિશ્તાઓ મુકશે. તેનું નેકીઓનું પલ્લુ ભારી રહેશે. તે શખ્સ "પુલસિરાત" ઉપરથી સરળતાથી પસાર થઈ જશે. હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) તે શખ્સની શફાઅત ફરમાવશે. તે શખ્સને કિયામતનાં દિવસે અર્શની નીચે (એટલે સાયામાં) રાખવામાં આવશે.

જો કોઈ વ્યક્તિ આ દુરૂદ શરીફ પઢશે, તેણે જાણે કાફિરો સાથે "ગઝવા" (અર્થાત ધાર્મિક લડાઈ, જેમાં હુઝૂર પોતે શામિલ થયા હોય) કરી. આ દુરૂદ શરીફ લખનાર અને તેના પઢનારની પરવરદિગારે આલમ હિફાઝત ફરમાવશે. તમામ પ્રકારનાં તાવ, માથાનું દર્દ, આધાશીશીનું દર્દ, નખ, હાથ, કોણી, થાપા, પીઠ, ગુર્દા, અંબોઈ, પેટ, જીગર, કલેજુ, દિલનું દર્દ, રાનનું દર્દ, ઘુટનાનું દર્દ, મિરગી અને તમામ બલાઓ (આસ્માની અને ઝમીનની) તથા ભુખ-પ્યાસ, સારાંશ કે, શરીરની તમામ બીમારીઓથી આ દુરૂદનાં તુફૈલમાં અલ્લાહ પાક તે વ્યક્તિને પોતાની પનાહ (રક્ષણ)માં રાખશે. કોઈ બદનસીબ શખ્સ આ દુરૂદ પઢે, તો ઈન્શાઅલ્લાહ તેનું નસીબ ખુલી જશે.

આ દુરૂદ શરીફની ફઝીલત, કમાલાત અને અસ્નાદ ઘણા છે. આમન્ના વ સદક્ના જે કોઈ આ દુરૂદ શરીફ પઢશે, પરવરદિગારે આલમ તેને કયામતનાં દિવસે વગર હિસાબે જન્નતમાં દાખલ કરશે. ફરિશ્તા અર્ઝ કરશે કે યા ઈલાહી ! આ કોણ વ્યક્તિ છે કે જેને તેં હિસાબ વગર જન્નતમાં દાખલ કર્યો? અલ્લાહ તબારક વ તઆલા ફરમાવશે, અય ફરિશ્તાઓ ! આ વ્યક્તિએ દુન્યામાં "દુરૂદે મુકદસ" પઢયું હતું. તેના તુફૈલમાં તેના ગુનાહ માફ કરવામાં આવ્યાં અને તેની બધી દુઆઓ કબૂલ કરવામાં આવી અને સૈયદુલ અમ્બિયા (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની શફાઅતથી તેને જન્નતમાં

દાખલ કર્યો છે. હઝરત અબૂ બકર સિદ્દીક (રદિયલ્લાહો તઆલા અન્હો) રિવાયત કરે છે કે જે વ્યક્તિ આ દુરૂદ શરીફ પઢશે, તેણે જાણે નબીએ કરીમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની પવિત્ર મજલિસમાં હાઝરી આપી તે દુરૂદનાં એક-એક શબ્દનાં બદલામાં તેના એક-એક હઝાર ગુનાહ માફ થશે. તે બંદા ઉપર રહમતે ઈલાહી નાઝિલ થશે.

હુઝૂર સરવરે કાઈનાત (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) એ ફરમાવ્યું કે જે કોઈ મારી ઉમ્મતમાંથી ચાહે સ્ત્રી હોય કે પુરુષ જુમ્આની રાત્રે કિબ્લા તરફ મોઢું રાખીને "દુરૂદે મુકદ્દસ" પઢે અને મસ્જિદમાં જઈને દુઆ માંગે, તો તે જ વખતે અલ્લાહ તઆલા તેની દુઆ કબૂલ ફરમાવશે અને તેની જે હાજત (ઝરૂરત) હશે, તે પૂરી ફરમાવશે.

હઝરત ઉમર ફારૂક (રદિયલ્લાહો તઆલા અન્હો) રિવાયત કરે છે કે જે સ્ત્રીને સંતાન ન થતા હોય, તો તે સ્ત્રી આ દુરૂદ શરીફ પઢીને પાણી પર દમ કરીને પી જાય અને પછી તુરંત જ પોતાનાં પતિ સાથે હમબિસ્તરી (સંભોગ) કરે, તો અલ્લાહ તઆલાનં ફઝલો કરમથી તે તુરંત જ ગર્ભવતી બનશે અને ઈન્શાઅલ્લાહ તેનાં ઘરે દિકરો પૈદા થશે.

હઝરત ઉષ્માન ગની (રદિયલ્લાહો તઆલા અન્હો)એ ફરમાવ્યું કે કોઈનો દુશ્મન શક્તિશાળી હોય અને કોઈ પણ પ્રકારે હલાક ન થતો હોય, તો અસરની નમાઝ વખતે તાઝુ વુઝૂ કરીને કિબ્લા તરફ મોઢું રાખીને "દુરૂદે મુકદ્દસ" પઢે અને પઢયાં પછી પોતાનાં શરીર પર દમ કરે, તો ઈન્શાઅલ્લાહ તેનો દુશ્મન ઝલીલ અને રૂસ્વા થઈ પાયમાલ થઈ જશે. હઝરતે અલી (કર્રમલ્લાહુ તઆલા વજહહુલ કરીમ) એ રિવાયત કરી છે કે કોઈ વ્યક્તિ જુમ્આની રાત્રે સુતી વખતે "દુરૂદે મુકદ્દસ" પઢે, તો અલ્લાહ તઆલા તેને ચાર ચીઝોથી નવાઝી દેશે.

(૧) અલ્લાહની ખુશ્નૂદી પ્રાપ્ત થશે.
(૨) રસૂલે પાક (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની ખુશ્નૂદી પ્રાપ્ત થશે.
(૩) હિસાબ-કિતાબ વગર જન્નતમાં દાખલ થવાની ખુશી પ્રાપ્ત થશે.
(૪) દુન્યામાં અને આખિરતમાં તેની રોઝી ફર્રાખ થશે. (વધી જશે). અને દુન્યામાં બધા લોકોમાં તે પ્રિય થઈ જશે. ઘણા લોકો તેનાથી ખુશ થશે. તાજદારે દો આલમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)નાં યારો (આશિકો)માં તે દાખલ થશે.

હઝરત ઈમામ (રહમતુલ્લાહે અલયહે) ફરમાવ્યું કે જે કોઈ આ દુરૂદ શરીફ પઢશે અને પોતાનાં શરીર પર દમ કરશે, તો અલ્લાહ તઆલા તે વ્યક્તિને તમામ બીમારીઓ, બલાઓ અને આફતોથી પોતાનાં રક્ષણમાં રાખશે. ઝઈફ (કમઝોર યા વૃદ્ધ) થઈ ગયો હોય, તો આ દુરૂદ શરીફનું વિર્દ દરરોજ કરતો રહે, તો ઈન્શાઅલ્લાહ તેની ઉમ્રમાં બરકત થશે.

હઝરત સિદ્દીકે અકબર (રદિયલ્લાહો તઆલા અન્હો)એ ફરમાવ્યું કે જો તમામ દરિયા શાહી બની જાય અને સાતેય તબક, આસ્માન અને ઝમીન તથા અર્શો કુર્સી બની જાય અને પૂર્વ પશ્ચિમમાં આવેલા તમામ વૃક્ષોની કલમ (પેન) બનાવવામાં આવે અને તમામ માનવો, જિન, પરી, જાનવર, પક્ષીઓ, પાણીમાં રેહતા પ્રાણીઓ અને અઢાર હઝાર આલમ અને તમામ ફરિશ્તા, અર્શ, કુર્સી, લોહ, કલમ વગૈરે લખનાર ભેગા થયાં અને આ દુરૂદ શરીફનાં સવાબ વિશે લખવા ઈચ્છે, તો પણ તેનો સવાબ એટલો વિશાળ છે કે તે સંપૂર્ણ લખી શકે નહીં. જે લખ્યું છે, તે તદન ટુંકાણમાં લખ્યું છે. જે કાંઈ લખ્યું છે, તે વાંચવાથી "દુરૂદે મુકદસ"ની મહાનતા કેટલી વિશાળ છે, તેનો અંદાજો આવી ગયો હશે. આ દુરૂદ શરીફ પઢનાર વ્યક્તિને દીન દુન્યામાં ઘણા જ ઝબરદસ્ત ફાયદા છે. તે માણસની દીની-દુન્યવી તમામ હાજતો

પુરી થશે. તે તેનો જીવન ધ્યેય સિદ્ધ કરી શકશે. તેને પઢવામાં બેહિસાબ સવાબ અને અજ્ર (બદલો) છે. તમે પોતે પણ આ દુરૂદ શરીફ પઢતા રહો અને બીજાને પણ તે પઢવાની હિદાયત કરતા રહો, જેથી અલ્લાહ પાક અને રસૂલે પાક (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) તમારાથી રાઝી રહે. તેને પઢવાનો દરરોજ વઝીફો બનાવી લો. આ દુરૂદ શરીફ પઢીને પોતાનાં માં-બાપ અને રિશ્તેદારોનાં ખાતિમા બિલ ખૈર માટે દુઆ કરતા રહો. અલ્લાહ તઆલા તથા રસૂલે મુકર્રમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) તથા બુઝુર્ગાને દીનની સાચી મોહબ્બત આ દુરૂદ શરીફનાં સદકામાં આપણને નસીબ થાય. આમીન સુમ્મા આમીન...

### -: અઢળક સવાબ :-

અલ્લાહુમ્મ યા નૂરૂ ત-નવ્-વર્-ત બિન્નૂરિ ફન્નૂરુ નૂરિક નૂર. અલ્લાહુમ્મ બારિક અલયના વ-દ્-ફઅ અન્ના બલા-અ-ના યા રઉફુ લબ્બૈક વ અઝિમ લબ્બૈક વ અક્-રિમ લબ્બૈક વ અન્નલ્લાહ યબ્અસુ મન ફિલ કુબુર. અલ્લાહુમ્મર્-ઝુક્ના ખૈરદ્-દીનિ મ-અલ કુર-બિ વલ ઈખ્લાસિ વલ ઈસ્તિકામતિ બિ લુત્-ફિક વ આલિહી વ અસ્હાબિહી અજમઈન વ-સલ્લમ તસ્લીમન કસીરન કસીરા. બિ રહ્મતિ-ક યા અર્-હમર્રાહિમીન.

**ફઝીલત :** આ દુરૂદ શરીફ પઢવાવાળાને એક હજાર શહીદો, સિદ્દીકો, લૌહ અને કલમ, અર્શ અને કુર્સી, સાત આસ્માનો અને ઝમીનો અને આઠ (૮) જન્નતોંનો સવાબ મળશે.

જે ઘરમાં આ દુઆ હશે, તે ઘરનાં આસપાસનાં એક હજાર ઘરો સુધી બરકત થશે. આગ અને બલાઓથી મહેફૂઝ રહેશે. આ દુરૂદ શરીફ પઢવાવાળાને બિમારીથી શિફા થશે. લડાઈમાં જીત થશે. દરેક મુશ્કિલ આસાન થશે. આ દુરૂદ શરીફ પઢવાવાળો બારગાહે ઈલાહીમાં મકબૂલ થશે.

## -: અસ્નાદે દુઆએ ગુલૂ બંદ :-

આ દુઆ હઝરત રિસાલત પનાહ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)નાં ગળા મુબારકમાં ચાલીસ વર્ષ રહી છે.

અલ્લાહુમ્મન્સુરના અલા કુલ્લિ અદુવ્-વિન્ સગીરન્ કાન અવ્ કબીરન્ ઝ-ક-રિંવ્ વ ઉન્-સા હુર્-રિંવ વ અબ્દિન્ શાહિદિંવ્ વ ગાયિબિન શરીફિમ્ મુસ્લિમિન્ કાફિરલ્લા તુસલ્લિત્ અલયના મલ-લા યફાક વલા ય-હમના યા અલ્લાહુ યા અહદુ યા સમદુ યા રબ્બુ યા ગફુરૂ યા શકૂરૂ બિ રહમતિક અગિસ્ની યા મન્ હુવ ઈલ્લા હુવ યા લા ઈલાહ ઈલ્લા હુવ બિસ્મિલ્લાહિ મજરીહા વ મુરસાહા ઈન્ન રબ્બી લ-ગફુરૂર-રહીમ વ સલ્લલ્લાહુ અલા ખૈરી ખલ્કિહી મોહમ્મદિંવ વ આલિહી વ અસ્હાબિહી અજમઈન બિ રહમતિકા યા અર્-હમર્-રાહિમીન.

## -: સલવાત :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના વ મૌલાના મોહમ્મદિંવ વ અલા આલિ સય્યિદિના મોહમ્મદિંન તકૂનુ લના અમાનમ્ મિન-કુલ્લિ ખોફ.

## -: દુરૂદ તય્યિબ :-

સલ્લલ્લાહુ અલયક યા શફી-અલ-મુઝ-નિબી-ન સય્યિદિના વ મૌલાના અહમદિનિલ-મુજતબા મોહમ્મદિનિલ-મુસ્તફા વ અલા આલિહિ વ અસ્હાબિહી વ અઝ્વાજેહિ વ અહ્બાબિહિ વ-ઝુર્રિય્યાતિહિ વ અહ્લિ બૈતિહિ વ અલા તા-અ-તિ-ક અજ-મ-ઈન.

**ફઝીલત** : આ દુરૂદ શરીફમાં ઘણા રાઝ છે, જે પઢવાથી ખુલે છે. આ બેહતરીન દુરૂદ શરીફ છે.

જો કોઈ વ્યક્તિ ગુનાહોમાં ફસાએલો હોય અને ચારે તરફ નાકામી અને શરમિન્દગીનો એહસાસ હોય અને પોતાની જાતને સુધારી સાચા રસ્તા ઉપર ચાલવાની નિય્યત કરી આ દુરૂદ શરીફ પઢે, તો ઈન્શાઅલ્લાહ તેની ઝરૂર ઈસ્લાહ થશે.

આ દુરૂદ શરીફ દરરોજ ૩૧૩ વખત પઢવાથી બેશુમાર

બરકતો અને નેઅમતો પ્રાપ્ત થશે. આ ઘણું અફઝલ દુરૂદ શરીફ છે.

જુમ્આનાં દિવસે આ દુરૂદ શરીફ પઢવાની બેશુમાર ફઝીલત છે.

નિસ્ફુલ શાબાન (૧૫ મી શબાન)ની રાત્રીમાં આ દુરૂદ શરીફ પઢવાથી બેહિસાબ રાઝ ખુલે છે.

## -: દુરૂદે ફાઝિલ :-

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ મુર્સલી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ મુજાહિદી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિશ શાહિદી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ ખાએફી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ તાલિબી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ તાઇબી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ હામિદી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ સાલિહી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ અક-રમી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ મુન-ઝિ-રી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ મુબશ-શિરી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિત તય્યિબી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ આલિમી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિનિન-નબિય્યિઝ ઝકિય્યી-નન્-નકિય્યી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિર રાકિઈ-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિસ સાજિદી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ કાઈમી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ કાઈદી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ મુત્તકી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ-મુસ-તગ્-ફિરી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિન નાદિમી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિશ શાકિરી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ હાફિઝી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિઝ-ઝાહિદી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ આકિલી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિલ મુહસિની-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિનિલ-કુરય્-શિય્યીલ-હાશિમિય્યી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન-મ-દ-નિય્યિલ મુકર્રમિ યૌમલ કિયામતિ.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સય્યિદિ અહ્-લિલ-જન્નતિ.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સાહિબિન્ કામિલિન્ મહમૂદિન્.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન સાહિબિસ્-સિરાતિલ મુસ્તકીમ.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન અફદલિલ આખિરી-ન.

અલ્લાહુમ્મ સલ્લિ વ સલ્લિમ અલા સય્યિદિના મોહમ્મદિન વ અલા જમીઇલ-મલાઇકતિ-ક-લ-મુકર્-રબી-ન વલ-મુર-સલી-ન વ અલા ઈબાદિલ્લાહિસ્-સાલિહી-ન મિન્ અહ્લિસ-સમાવાતિ વ અહ્લિલ-અર્દી-ન વ અલયના મ-અ-હુમ અજ્-મઈ-ન બિ-રહમતિક યા અર-હમર-રાહિમીન વ સલ્લલ્લાહો અલા સય્યિદિના મોહમ્મદિવ-વ-અલા આલિહિ વ અસ્હાબિહી વસલ્લમ અજમઈ-ન સલ્લલ્લાહો અલયહે વસલ્લમ યા રસૂલલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ.

**ફઝીલત :** જો કોઈ વ્યક્તિ આ દુરૂદ શરીફ ૧ ર વખત પઢશે, તો તેની જાઈઝ મુરાદ પૂરી થશે. ઈન્શાઅલ્લાહ,

જુમેરાત અને જુમ્આનાં વચ્ચેની રાત્રીમાં જે કોઈ વ્યક્તિ બા-વુઝૂ આ દુરૂદ શરીફ પઢે, તો અલ્લાહનાં રસૂલ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમનાં દીદાર નસીબ થશે.

જુમ્આની નમાઝ પછી આ દુરૂદ શરીફ પઢવાથી જાઈઝ મુરાદ પુરી થશે. બીમારી હોય તો દૂર થાય અન્ય સામે મહબૂબ થશે. એક હજાર ફરિશ્તા તેની રખેવાળી કરશે. અલ્લાહ તબારક વ તઆલા તેનાથી બહુ જ ખુશ થશે અને મર્યા પછી કબ્રમાં નૂર મળશે.

રવીવારનાં દિવસે ૧૦૦ વખત આ દુરૂદ શરીફ પઢવાવાળાને હિસાબ-કિતાબ વગર જન્નતમાં દાખલ કરવામાં આવશે.

આ દુરૂદ શરીફની ફઝીલત ફક્ત અલ્લાહ તબારક વ તઆલા જ જાણે છે.

## -: દુરૂદે તાજ :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિન્ સાહિબિત્તાજિ વલ્ મિઅ્રાજિ વલ્ બુરાકિ વલ્ અ-લ-મ. દાફિઈલ્ બલાઈ વલ્ વબાઈ વલ્ ક-હ-તિ વલ્ મ-ર-દિ વલ્ અ-લ-મ. ઈસ્મુહુ મક્તૂબુમ્ મરફૂઉમ્ મશ્ફૂઉમ્ મન્કૂશુન્ ફિલ્લૌહિ વલ્ ક-લ-મ. સય્યિદિલ્ અ-ર-બિ વલ્ અ-જ-મ. જિસ્મુહુ મુકદ્દસુન્ મુઅત્તરુન્ મુતહ્હરુન્ મુનવ્વરુન્ ફિલ્ બૈતિ વલ્ હ-ર-મ. શમ્શિદ્-દુહા બદ્-રિદ્-દુજા સદ્-રિલ્-ઉલા નૂરિલ્-હુદા કહ્ફિલ્-વરા મિસ્બાહિઝ્-ઝુ-લ-મ. જમીલિશ્શિયમ્ શફીઈલ્ ઉમમ્ સાહિબિલ્-જૂદિ વલ્-ક-ર-મ. વલ્લાહુ આસિમુહુ વ જિબરીલુ ખાદિમુહુ વલ્ બુરાકુ મ-ર્ક-બ-હુ વલ્ મિઅ્રાજુ સ-ફ-રુહુ વ સિદ્રતુલ્ મુન્તહા મકામુહુ વ કાબ કૌસૈનિ મત્લૂબુહુ વલ્ મત્લૂબુ મકસૂદુહુ વલ્ મકસૂદુ મૌજૂદુહુ. સય્યિદિલ્ મુર્સલી-ન. ખા-ત-મિન્નબિય્યી-ન. શફીઈલ્-મુઝનિબી-ન. અનીસિલ્ ગરીબી-ન. રહ્મતિલ્ લિલ્ આલમી-ન. રાહતિલ્ આશિકી-ન. મુરાદિલ્-મુશ્તાકી-ન. શમ્સિલ્ આરિફી-ન. સિરાજિસ્સાલિકી-ન મિસ્બાહિલ્ મુકર્રબી-ન.

મુહિબ્બિલ્-ફુકરાઇ વલ્-ગુરબાઇ વલ્-મસાકી-ન. સય્યિદિષ્ષકલૈન. નબિય્યિલ્-હરમૈન. ઈમામિલ્-કિબ્લતૈન. વસીલતિના ફિદારૈન. સાહિબિ કા-બ કૌસૈન. મહબૂબિ રબ્બિલ્ મશ્રિકૈનિ વ રબ્બિલ્ મગ્રિબૈન. જદ્દિલ્ હ-સ-નિ વલ્-હુસૈન. મૌલાના વ મૌલષ્ષકલૈન. અબિલ્ કાસિમિ સય્યિદિના મોહમ્મદિબ્નિ અબ્દિલ્લાહ. નૂરિમ્ મિન્ નૂરિલ્લાહ. યા અ-ય્યુ-હલ્ મુશ્તાકૂ-ન બિ નૂરિ જમાલિહી સલ્લૂ અલૈહિ વ આલિહી વ અસ્હાબિહી વસલ્લિમૂ તસ્લીમા.

**ફઝીલત** : આ દુરૂદ શરીફની બેશુમાર ફઝીલતો છે. જે વ્યક્તિ મહીનાનાં પ્રથમ જુમ્આની રાત્રીમાં નમાઝે ઈશા પછી બા-વુઝૂ કિબ્લા રૂખ પાક ખુશ્બૂદાર કપડા પહેરી એક સો સત્તર (૧૧૭) વખત આ દુરૂદ શરીફ પઢી સુઇ જાય, અગિયાર રાતો આ રીતે કરે, તો ઈન્શાઅલ્લાહ નેઅમતે દો જહાં તાજદારે લા-મકાં સય્યિદુલ અમ્બિયા વલ્ મુર્સલીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝિયારતથી મુશર્રફ થશે.

કલ્બની સફાઈ અર્થે દરરોજ બાદ નમાઝે ફજર સાત (૭) વખત અને બાદ નમાઝે અસ્ર ત્રણ (૩) વખત અને બાદ નમાઝે ઈશા ત્રણ (૩) વખત પઢે.

આસેબ, જિન્ન અને શૈતાન અને વબા અને ફસાદ તથા દરેક બીમારી અર્થે અગિયાર (૧૧) વખત પઢી દમ કરે, ઈન્શાઅલ્લાહ તકલીફ દૂર થઇ જશે.

રિઝકમાં બરકત માટે બાદ નમાઝે ફજર સાત (૭) વખત પઢે.

## -: દુરૂદે તુનજ્જીના :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિન્ સલાતન્ તુનજ્જીના બિહા મિન જમીઇલ અહવાલિ વલ આફાતિ વ તક્-દિ લ-ના બિહા જ-મી-અલ હાજાતિ વ તુ-તહ્-હિરૂના બિહા મિન જમીઇસ-સય્યિઆતિ વ તર્ફઉના બિહા ઇન્દ-ક અલદ્-દરજાતિ વ તુબલ્લિગુના

બિહા અફ્-સલ્ ગાયાતિ મિન જમીઇલ ખૈરાતિ ફિલ હયાતિ વ બઅ્-દલ્ મ-માતિ ઈન્નક અલા કુલ્લિ શૈઈન કદીર. વ યા રાફિ-અદ્-દરજાતિ વ યા હલ્-લલ્ મુશ્કિલાતિ વ યા દાફિ-અલ્ બલિય્યાતિ વ યા કાઝિ-અલ્ હાજાતિ ઈન્-ન-ક મુજીબદ્-દઅ્વાતિ. અગિષ્નો અગિષ્ની અગિષ્ની યા અલ્લાહ યા કાઝિયલ-હાજીત, યા કાફિયલ-મુહિમ્માત, યા રાફિઅદ્-દરજાત, યા દાફિયલ-બલિય્યાત, યા મુફત્તેહલ-અબ્વાબ, યા શાફેઅલ-અમ્રાઝ, યા હલ્લલ્-મુશ્કિલાત, યા મુસબ્બિલ-અસ્બાબ, યા મુજીબદ્-દઅવાત, યા અર્-હમર્-રાહેમીન.

**ફઝીલત :** "મિન્હાજુલ મોહસિનાત શરહે દલાઈલુલ્ ખૈરાત"માં લખ્યું છે કે ઈબ્ને ફાકહાની એ પોતાની કિતાબ "ફજે મુનીર"માં ઝિક્ર કર્યુ છે કે એક બુઝુર્ગ શૈખ સાલેહ મૂસા નાબીના (અંધ) હતાં. તેઓએ પોતાનો કિસ્સો મારાથી નકલ કર્યો કે એક વહાણ ડૂબવા લાગ્યું. હૂં તેમાં હતો. તે સમયે મને ઊંઘ આવી ગઈ. તે જ હાલતમાં જનાબે ફખ્રે મૌજૂદાત હઝરત રિસાલત મઆબ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ મને આ (ઉપરોક્ત) દુરૂદ શરીફ શીખવાડયું કે હજાર વખત વહાણવાળા પઢે. હજુ ત્રણસો સુધી પહોચ્યાં હતાં કે વહાણને ડુબવાની આફતથી નજાત મળી અને કિરાના પર પહોંચી ગયાં.

## -: દુરૂદે માહી :-

અલ્લાહુમ્મ સલ્લિ અલા મોહમ્મદિંવ વ અલા આલિ મોહમ્મદિન ખૈરલ ખલાઈકિ વ અફદલિલ બશરિ વ શફીઇલ ઉ-મ-મિ યૌમલ હશ્રિ વન-નશ્રિ વ સલ્લિ અલા સય્યિદિના મોહમ્મદિંવ વ અલા આલિ સય્યિદિના મોહમ્મદિમ બિ-અ-દ-દિ કુલ્લિ મઅ્લૂમિલ લક વ સલ્લિ અલા મોહમ્મદિંવ વ અલા આલિ મોહમ્મદિંવ વ બારિક વ સલ્લિમ અલા જમીઇલ અમ્બિયાઈ વલ મુર્સલીન વ સલ્લિ અલા કુલ્લિલ્ મલાઇકતિલ મુકર્રબી-ન વ અલા ઇબાદિલ્લાહિસ-સાલિહી-ન વસલ્લિ-મ્ તસ્લીમન્ કસીરન્ કસીરા. બિ-રહમતિ-ક વ બિ-ફદલિ-

ક વ બિ-ક-ર-મિ-ક યા અક્-ર-મલ અક્રમી-ન બિ-રહ્-મતિ-ક યા અર્-હમર્-રાહિમી-ન. યા કદીમુ યા દાઈમુ યા હય્યુ યા કય્યૂમુ યા વિત્રુ યા અહદુ યા સમદુ યા મલ્-લમ્ ય-લિદ્ વ લમ્ યૂ-લદ્ વ લમ્ યકુલ્લુહુ કુ-ફુ-વન્ અ-હ-દ. બિ રહમતિક યા અર્-હમર્રાહિમી-ન.

**ફઝીલત :** એક દિવસ નબીએ કરીમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) મદીનએ મુનવ્વરાની મસ્જિદમાં તશરીફ ફરમા હતાં કે એક અઅ્રાબી (ગામડાનો માણસ) આવ્યો અને એક કપડાંથી ઢાંકેલ થાળ નબીએ કરીમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની આગળ મુકી દીધો. હુઝૂર નબીયે કરીમ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ પુછયું કે આમાં શું છે? અઅ્રાબીએ જવાબ આપ્યો, યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) આમાં માછલી છે. ત્રણ દિવસ થયા, હું આ માછલીને શેકી રહ્યો છું. પરંતુ આ શેકાતી નથી. આને આગની કોઈ જ અસર થતી નથી. હવે હું આને આપ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની પાસે લાવ્યો છું. આપ (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) આ બાબતને સારી રીતે જાણી શકો છો.

હુઝૂર (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ તે માછલીથી પુછયું, તો તે ખુદાનાં હુકમથી બોલવા લાગી અને અર્ઝ કરવા લાગી કે યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) એક દિવસ હું પાણીમાં હતી. એક આદમી આ દુરૂદ શરીફ પઢી રહ્યો હતો કે તેનો અવાજ મારા કાનોમાં પહોંચ્યો, બસ આના સિવાય મેં કશું જ કર્યુ નથી. આં હઝરત (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) એ હુકમ આપ્યો કે સંભળાવ. માછલીએ (ઉપરોક્ત) દુરૂદ શરીફ સંભળાવી દીધું. હુઝૂર (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)એ ફરમાવ્યું, અય અલી (રદિયલ્લાહો તઆલા અન્હો) ! આ દુરૂદ શરીફને લખી લો અને લોકોને શિખવાડી દો ! ઈન્શાઅલ્લાહ દોઝખની આગ તેના પઢવાવાળા પર હરામ થઈ જશે. તે મુબારક

દુરૂદ "દુરૂદે માહી" છે.

## -: એક મિનિટમાં અબજો સવાબ :-

**(૧) કરોડો દુરૂદ શરીફ પઢવાનો સવાબ :**

અલ્લાહુમ્મ સલ્લિ અલા મોહમ્મદિન નબિય્યિલ ઉમ્મિય્યિ અ-દ-દલ્ નબાતિલ-અર્દિ મિન કિબ્લ-તિહા વ શ-ર-કિ-હા વ ગ-ર-બિ-હા વ સ-હ-લિ-હા વ જિબાલિહા વ ઔલિયતિહા વ અશ્જારિહા વ અષ્મારિહા વ ઔરાકિહા વ ઝરૂઈલા વ જમીઈ મા યુખ્રિજુ મિન-નબાતિહા વ બ-ર-કાતિહા મિંય યૌમિન ખ-લ-ક્-તદ્ દુન્યા ઈલા યૌમિલ કિયામતિ ફી કુલ્લિ યૌમિન અલ્ફ મર્રતિન્.

**(૨) કરોડ અબજ દુરૂદ શરીફ પઢવાનો સવાબ :**

અલ્લાહુમ્મ સલ્લિ અલા મોહમ્મદિન અ-દ-દ કુલ્લિ શઅ્-રતિન્ ફી અબ્દાનિહિમ્ વ ફી વુજુહિહિમ્ વ અલા રુઉસિહિમ મુન્ઝુ ખ-લ-કદ દુન્યા ઈલા યૌમિલ કિયામતિ ફી કુલ્લિ યૌમિન્ અલ્ફ મર્રતિન્.

**(૩) કરોડો દુરૂદ શરીફ પઢવાનો સવાબ :**

અલ્લાહુમ્મ સલ્લિ અલા મોહમ્મદિન અ-દ-દર્-રમલિ વલ હસા ફી મુસ્-ત-કર્-રિલ અર્દિ વ સહ્લિહા વ જિબાલિહા મિંય યૌમિ ખ-લ-ક તદ દુન્યા ઈલા યૌમિલ કિયામતિ ફી કુલ્લી યૌમિન અલ્ફ મર્રતિન્.

**(૪) કરોડ અબજ દુરૂદ શરીફ પઢવાનો સવાબ :**

અલ્લાહુમ્મ સલ્લિ અલા મોહમ્મદિન અ-દ-દ કુલ્લિ ક-ત-રતીન ક-ત-રત મિન સમાવાતિ-ક ઈલા અર્દિક મિય્યોમિ ખ-લ-કતદ દુન્યા ઈલા યૌમિલ કિયામતિ ફી કુલ્લી યૌમિન અલ્ફ મર્રતિન્.

## દિલે મુબ્તલાકા સલામ લો...
## (અઝ : એજાઝ કામટવી)

અય હબીબે અહમદે મુજતબા, દિલે મુબ્તલાકા સલામ લો,
જો વફાકી રાહમેં ખો ગયા, ઉસી ગુમશુદાકા સલામ લો.
મૈં તલબસે બાઝ ન આઉંગા, તૂ કરમકા હાથ બઢાએજા,
અય શહે ઝમન દિલો જાનેમન, અય સરાપા રહમતે ઝુલ્મેમન,
જો તેરે કરમસે હૈ આશ્ના ઉસી આશ્નાકા સલામ લો.
અય હબીબે અહમદે મુજતબા.................................

તેરે ગમને મુઝકો પનાહ દી, તેરે ગમસે મુઝકો હૈ વાસ્તા,
અય શહે ઝમન દિલો જાનેમન, અય સરાપા રહમતે ઝુલ્મેમન,
મેરે આંસુઓકી ઝુબાનસે, દિલે ગમનવાકા સલામ લો
અય હબીબે અહમદે મુજતબા.................................

કોઈ મર રહા હૈ બહિશ્ત પર, કોઈ ચાહતા હૈ નજાતકો,
અય શહે ઝમન દિલો જાનેમન, અય સરાપા રહમતે ઝુલ્મેમન,
મૈં તુઝ હી કો ચાહૂં ખુદા કરે, મેરી ઈસ વફાકા સલામ લો.
અય હબીબે અહમદે મુજતબા.................................

વોહ હુસૈન જિસને છિડકકે ખૂં, ચમને વફાકો હરા કિયા,
અય શહે ઝમન દિલો જાનેમન, અય સરાપા રહમતે ઝુલ્મેમન,
ઉસી જાંનિસારકા વાસ્તા, તૂ હર એક ગદાકા સલામ લો.
અય હબીબે અહમદે મુજતબા.................................

તેરે આસ્તાંકી તલાશમેં, તેરી જુસ્તજૂકે ખયાલસે,
અય શહે ઝમન દિલો જાનેમન, અય સરાપા રહમતે ઝુલ્મેમન,

જો લુટા ચુકા હૈ મતાએ દિલ, ઉસી બેનવાકા સલામ લો.
અય હબીબે અહમદે મુજતબા...............................

યેહી રોઝો શબ હૈ દુઆએ દિલ, કી મરૂં તો તેરે દયારમેં,
અય શહે ઝમન દિલો જાનેમન, અય સરાપા રહમતે ઝુલ્મેમન,
યહી મુદદુઆ-એ-હયાત હૈ, ઉસી મુદદુઆકા સલામ લો.
અય હબીબે અહમદે મુજતબા.................................

વોહ શહીદે ખસ્ત-એ-બેનવા, વોહ કતીલ તેગે ફિરાકકા,
અય શહે ઝમન દિલો જાનેમન, અય સરાપા રહમતે ઝુલ્મેમન,
જિસે શૌક હૈ તેરી દીદકા, ઉસી બેનવાકા સલામ લો.
અય હબીબે અહમદે મુજતબા...............................

## નાદે અલી

**નાદે અલીય્યમ્ મઝ્-હ-રલ્ અજાઇબ,**
**ત-જિદ્-હુ અવ્-નલ્ લ-ક ફિન્નવાઇબ.**
**કુલ્લુ હમ્-મિંવ્ વ ગમ્-મિન્ સ-યન્-જ-લી,**
**બિ-વિલાયતિ-ક યા અલી યા અલી યા અલી.**

નાદે અલી નિયમિત પઢવાથી ખૌફ અને ડર દૂર થાય છે, દુશ્મનનાં શરથી હિફાઝત થાય છે, દુશ્મન પર ફતેહ મળે છે, તથા દુશ્મન ઝલીલો ખ્વાર થાય છે.

# તોહફ-એ-દુઆ



# પ્રસ્તાવના

કુર્આને મજીદ વલ ફુરકાને હમીદ, પારા-૭, સૂરએ અલ-અન્આમ, આયત નં.૧૯ માં અલ્લાહ રબ્બુલ-ઈઝ્ઝત ઈર્શાદ ફરમાવે છે કે, અય રસૂલે કરીમ ! તમો ફરમાવી દો કે અય મારી કૌમ ! મારી તરફ આ કુર્આનની વહી ફરમાવવામાં આવી.

وَأُوحِيَ إِلَيَّ هَٰذَا الْقُرْآنُ لِأُنْذِرَكُمْ بِهِ وَمَنْ بَلَغَ

(અર્થાત :) મારી તરફ આ કુર્આનમાં વહી ફરમાવવામાં આવી કે હૂં તમને આના વડે ડરાવું અને જેમને જેમને આ પહોંચે (તે પણ ડરાવે).

(અર્થાત :) મારા બાદ કયામત સુધી જેના સુધી આ કુર્આન પહોંચે, ચાહે તે ઈન્સાન હોય કે જિન્નાત, તે બધાને હૂં હુકમે ઈલાહીનાં વિરૂધ્ધ કરવાથી ડરાવું. હદીસ શરીફમાં છે કે જેના સુધી આ કુર્આન પહોંચ્યું, જાણેકે તેણે રસૂલે કરીમને જોયાં અને આપનાથી સાંભળ્યું.

આની તફસીરમાં એક કૌલ એ પણ છે કે, અર્થ એ છે કે આ કુર્આન વડે હૂં તમને ડરાવું અને જેને આ કુર્આન પહોંચે, તે પણ ડરાવે. તિરમિઝી શરીફની હદીસમાં છે કે અલ્લાહ તેને તરોતાઝા કરે, જેણે અમારૂં કલામ સાંભળ્યું અને જેવું સાંભળ્યું, તેવું જ પહોંચાડ્યું. ઘણા બધા એવા લોકો, જેને પહોંચાડવામાં આવ્યું, તે પહોંચાડનાર કરતાં વધારે યોગ્ય હોય છે.

આજે દુનિયાભરમાં મુસ્લિમોને અપમાનિત કરવામાં આવે છે. આતંકવાદી ચીતરવામાં આવે છે. આપણા કારોબાર, બીઝનેસમાં હરામ-હલાલની તમીઝ નથી રહી. આપણી દુઆઓ કબૂલ થતી નથી. આવા સંજોગોમાં ઈન્સાન ગૌરો ફિક્ર કરે, કે શા માટે આપણી દુઆ કબૂલ

નથી થતી? આપણે કેવા અમલ અથવા કેવા અકીદા રાખવા જોઈએ કે આપણી દુઆ કબૂલ થાય? આ સમજાવવા માટે આ કિતાબ તૈયાર કરવાની જરૂરત ઉભી થઈ અને આપણો રબ આપણથી શું ચાહે છે? એ બતાવવાનો અને બદઆમાલીઓથી ડરાવવા માટેનો આ એક નાનકડો પ્રયત્ન છે. લોકો માટે જરૂરી છે કે દુનિયા અને આખિરત બન્નેની ભલાઈ ચાહતા હોય, તો અલ્લાહથી ડરતા રહે, સતત તૌબા કરતા રહે અને સાથે સાથે અલ્લાહનો પૈગામ તથા કુઆર્ને કરીમની નસીહતો લોકો સુધી પહોંચાડતા રહે.

સરકાર ફરમાવે છે કે મારી વાતને લોકો સુધી પહોંચાડો.

અને અલ્લાહ તઆલા પણ ફરમાવે છે કે લોકોને મારા દીન તરફ બોલાવતા રહો.

જેવું કે પારા-૧૪, સૂરએ નહલ, આયત નં. ૧૨૫ માં રબ્બે કાઈનાત ફરમાવે છે,

ادْعُ إِلَىٰ سَبِيلِ رَبِّكَ بِالْحِكْمَةِ وَالْمَوْعِظَةِ الْحَسَنَةِ

અર્થાત : પોતાના રબની રાહની તરફ પાકી તદબીર અને સારી નસીહતનાં વડે બોલાવો.

અને ફરમાવે છે, પારહ ૨૭, સૂરએ ઝારિયાત, આયત નં. ૫૫ માં,

وَذَكِّرْ فَإِنَّ الذِّكْرَىٰ تَنفَعُ الْمُؤْمِنِينَ ۝

અર્થાત : સમજાવવું મુસલમાનોને ફાયદો પહોંચાડે છે અને સમજાવવાનાં અને લોકોને દીને ખુદાની તરફ બોલાવવાનાં ફાયદા પણ બહુ જ છે. જેવુંકે અલ્લાહ તઆલા પારા ૨૪, સૂરએ હા-મીમ, આયત નં. ૩૩ માં ફરમાવે છે.

وَمَنْ أَحْسَنُ قَوْلًا مِّمَّنْ دَعَآ إِلَى اللّٰهِ وَعَمِلَ صَالِحًا وَّقَالَ إِنَّنِي مِنَ الْمُسْلِمِينَ ۝

(અર્થાત :) અને તેનાથી વધારે સારી વાત કોની? જે અલ્લાહની તરફ બોલાવે અને (ખુદ) નેકી કરે અને કહે કે હું મુસલમાન છું.

યાદ રહે ! જે કોઈ પણ કોઈપણ તરીકાથી લોકોને અલ્લાહની તરફ બોલાવે, તે આમાં શામેલ છે. દાવત ઈલલ્લાહનાં ઘણાં જ મોટા મર્તબા છે અને દરેક મુસલમાન પર જરૂરી છે કે તે જ્યાં સુધી બની શકે, લોકોને અલ્લાહની તરફ બોલાવતો રહે અને ગુનાહથી ડરાવતો રહે. અલ્લાહ તૌફીક બખ્શે. આમીન,

આ કિતાબ "દુઆ"ને ૩ વિભાગમાં વહેંચવામાં આવી. જેમાં પહેલો વિભાગ એ છે કે દુઆ વિષે અલ્લાહ તબારક વ તઆલા શું ફરમાવે છે? અને તેમાં કુલ ૨૯ પ્રકરણ છે.

આ કિતાબનો બીજો વિભાગ, જેમાં અમ્બિયાએ કિરામ તથા આગળનાં નેક લોકોએ જે દુઆઓ માંગી, તે લેવામાં આવી છે. જેમાં કુલ ૨૭ પ્રકરણ છે.

આ કિતાબનાં ત્રીજા વિભાગમાં દુઆએ "રબ્બના" લેવામાં આવી છે. જેમાં કુલ ૩૧ પ્રકરણ છે.

અલ્લાહ તઆલા કબુલ ફરમાવે અને આના પર અમલ કરવાની તૌફીક અતા કરે, અને ઝબાન તથા કલમની હિફાઝત બક્ષે, તથા તેની નાફરમાનીથી બચાવે. અલ્લાહ તઆલા આપણને પોતાનાથી ડરવાવાળાઓ અને નેક આમાલ કરવાવાળાઓ માંથી બનાવે. આમીન,

## વિભાગ-૧

# દુઆ વિષે અલ્લાહ તઆલા શું ફરમાવે છે?

### અલ્લાહ દૂર નથી તેનાથી સવાલ કરો, દુઆ માંગો !

પારહ-૨, અલ બકરહ, આયત નં. ૧૮૬ માં રબ્બે કાઈનાત ઈર્શાદ ફરમાવે છે,

وَاِذَا سَاَلَكَ عِبَادِیْ عَنِّیْ فَاِنِّیْ قَرِیْبٌ ؕ اُجِیْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ ۙ فَلْیَسْتَجِیْبُوْا لِیْ وَلْیُؤْمِنُوْا بِیْ لَعَلَّهُمْ یَرْشُدُوْنَ ۝

(અર્થાત :) અય મહેબૂબ ! જ્યારે મારા બંદાઓ મારા બારામાં પૂછે, તો કહો, બેશક ! હૂં કરીબ (નઝ્દીક) છું. મને પોકારનારાઓની દુઆ કબૂલ કરૂં છું, જ્યારે પણ મને પોકારે. તો તેઓનું કામ એ છે કે મારા હુક્મ માને અને મારા પર ઈમાન લઈ આવે, જેથી નેક બની જાય.

નઝ્દીક હોવાના કારણે ધીમા અવાઝે દુઆ કરે. તમે તમારા ઉમ્મતીઓને જણાવી દો કે રબ્બે કરીમ ઈર્શાદ ફરમાવે છે કે ઈલ્મ અને કુદરત, મંજુરી અને કબૂલિયતનાં એ'તબારથી અલ્લાહ પોતાના બંદાઓથી નઝદીક છે. પોકારનાર ગમે ત્યાંથી પોકારે, તે જરૂર પોતાના બંદાઓની ફરિયાદ સાંભળે છે અને તેની દુઆ કબૂલ પણ કરે છે.

એક જમાઅતે સહાબાએ ઈશ્કે ઈલાહીનાં જઝ્બા અને શૌકમાં સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમથી સવાલ કર્યો કે અમારો રબ

ક્યાં છે? તેના જવાબમાં બતાવવામાં આવ્યું કે અલ્લાહ તમારાથી નઝદીક છે, દૂર નથી. અને તે કરીમ રબ ફરમાવે છે કે બંદાઓને કહો, મારાથી સવાલ કરે. હું અતા કરીશ.

આ નઝદીક હોવાનાં કૌલને આપણે મકાન કે કોઈ સ્થળથી નઝદીક કે દૂરીનાં અંદાઝાથી નથી બોલી શકતા કે કિલોમીટર, માઈલ જેવી દૂરી-નઝ્દીકી નથી. કેમકે તે રીતે જે એકથી નઝદીક હોય છે, તે બીજાથી દૂર હોય છે. અલ્લાહ ઈલ્મ અને કુદરતનાં એ'તબારથી નઝ્દીક છે. અને તે તમામથી નઝ્દીક છે. જેવું કે તે ફરમાવે છે,

وَنَحْنُ أَقْرَبُ إِلَيْهِ مِنْ حَبْلِ الْوَرِيدِ ۝

તે બંદાઓને જુએ છે, જાણે છે, સાંભળે છે. તેનાથી કંઈજ છુપું નથી. તે દિલોની છુપી વાતને પણ જાણે છે.

બંદાઓની દુઆનાં જવાબમાં અલ્લાહ "લબ્બૈક યા અબ્દી" ફરમાવે છે. મુરાદ અતા કરવું, તે અલગ વાત છે. તે ક્યારેક તેના ફઝ્લ અને કરમથી તુરંતજ આપવામાં આવે છે. ક્યારેક હિક્મતનાં તકાઝાનાં કારણે વિલંબ કરવામાં આવે છે. ક્યારેક બંદાની હાજત દુનિયામાં પૂરી કરવામાં આવે છે, તો ક્યારેક આખિરતમાં. ક્યારેક બંદાનો ફાયદો બીજી ચીઝમાં હોય છે, તો તે આપવામાં આવે છે. ક્યારેક બંદો મહેબૂબ હોય, તો તેની હાજત પૂરી થવામાં એટલા માટે વિલંબ કરવામાં આવે છે કે તે લાંબો સમય દુવામાં મશ્ગૂલ રહે. ક્યારેક દુઆ કરનારમાં સચ્ચાઈ યા ઈખ્લાસ નથી હોતો, એટલા માટે અલ્લાહનાં નેક બંદાઓથી દુવા કરાવવામાં આવે છે.

તિરમિઝી શરીફની હદીસમાં છે કે નમાઝ બાદ હમ્દો સના અને દુરૂદ શરીફ પઢે, ત્યારબાદ દુવા કરે. સૈયદના ઈમામ જાફર સાદિક

(રહમતુલ્લાહ અલયહ) ફરમાવે છે કે અય લોકો ! પોતાના ભાઈની પીઠ પાછળ તેમના માટે દુઆ કરો કે આમ કરવાથી તમારી ઉમરમાં વધારો થશે.

ક્યારેક બંદાઓની દુઆને અલ્લાહ તઆલા તેના માટે તોશ-એ-આખિરત બનાવી દે છે, કે મુશ્કિલ-તરીન સમયમાં તેને ફાયદો પહોંચાડે. દુઆનો ફાયદો તાત્કાલિક દેખાય યા ન દેખાય, બંદાએ હમેશા દુઆમાં મશગૂલ રહેવું જોઈએ.

## અલ્લાહ તઆલા જેને ચાહે ઇઝ્ઝત આપે.

પારહ ૩, આલિ ઈમરાન, આયત નં. ૨૬ માં રબ્બે કાઈનાત ફરમાવે છે કે મારાથી આવી રીતે અર્ઝ કરો,

قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ تُؤْتِی الْمُلْكَ مَنْ تَشَآءُ وَ تَنْزِعُ الْمُلْكَ
مِمَّنْ تَشَآءُ٘ وَ تُعِزُّ مَنْ تَشَآءُ وَ تُذِلُّ مَنْ تَشَآءُ ؕ بِیَدِكَ الْخَیْرُ ؕ
اِنَّكَ عَلٰی كُلِّ شَیْءٍ قَدِیْرٌ ۝

અર્થાત : તૂ આવી રીતે અર્ઝ કર, અય મુલ્કનાં માલિક ! તૂ જેને ચાહે સલ્તનત આપે, જેનાથી ચાહે છિનવી લે, અને જેને ચાહે ઈઝ્ઝત આપે અને જેને ચાહે બે-આબરૂ (ઝલીલ) કરી દે. તમામ ભલાઈ માત્ર તારા જ દસ્તે કુદરત (હાથ) માં છે. બેશક તૂ બધું જ કરી શકે છે.

અને અલ્લાહ તઆલા પારહ-૫, સૂરએ નિસા, આયત નં.૧૩૯ માં ફરમાવે છે,

الَّذِیْنَ یَتَّخِذُوْنَ الْكٰفِرِیْنَ اَوْلِیَآءَ مِنْ دُوْنِ الْمُؤْمِنِیْنَ ؕ
اَیَبْتَغُوْنَ عِنْدَهُمُ الْعِزَّةَ فَاِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِیْعًا ۝

અર્થાત : અને જેઓ મુસલમાનોને છોડીને કાફિરોને દોસ્ત બનાવે છે, શું તેઓ ત્યાં ઈઝ્ઝત શોધે છે? ઈઝ્ઝત તો તમામ માત્ર અલ્લાહનાં માટે જ છે.

અને અલ્લાહ તઆલા પારહ-૨૮, સૂરએ મુનાફિકૂન, આયત નં. ૮ માં ઈર્શાદ ફરમાવે છે,

وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ

અર્થાત : અને ઈઝ્ઝત તો માત્ર અલ્લાહ અને રસૂલ તથા મુસલમાનો માટે જ છે.

તો જેણે ઈઝ્ઝત જોઈએ છે, તે પોતાના રબનો હુકમ માને અને રસૂલુલ્લાહની પયરવી કરે અને દુઆ કરતો રહે,

અઉઝૂ બિલ્લાહિ મિનન્નારિ વ મિન શર્રિલ-કુફ્ફારિ વ ગદબિલ-જબ્બારિ વલ ઈઝ્ઝતુ લિલ્લાહિ વ લિ-રસૂલિહી વ લિલ-મુઅમેમીન.

અર્થાત : : અય અલ્લાહ ! હું જહન્નમનાં અઝાબથી તારી પનાહમાં આવું છું અને કાફિરોની બુરાઈથી અને ઝાલિમોનાં ઝુલ્મથી બચવા તારી પનાહમાં આવુ છું.

અને બેશક ઈઝ્ઝત તો માત્ર અલ્લાહ અને રસૂલ તથા મોમિનોનાં માટે જ છે. અને મુસલમાન કદી કાફિરો પાસે ઈઝ્ઝત શોધવા ન જાય. જે ચીઝ ત્યાં છે જ નહીં, તો ક્યાંથી મળશે?

## રસૂલનાં વસીલાથી ઉમ્મતીની દુઆ કબૂલ થશે.

પારહ ૫, સૂરએ નિસા, આયત નં. ૬૪ માં ઈર્શાદ ફરમાવે છે,

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا ۝

(અર્થાત :) અગર તેઓ પોતાની જાન પર ઝુલ્મ કરે (અર્થાત : ગુનાહ કરે) તો (અય મહેબૂબ !) તેઓ તમારી બારગાહમાં હાજર થાય. પછી અલ્લાહથી માફી માંગે અને રસૂલ તેમની શફાઅત ફરમાવે, તો તેઓ જરૂર અલ્લાહને તૌબા કબૂલ ફરમાવનાર પામશે.

આનાથી સાબિત થયું કે બારગાહે રબ્બુલ-ઇઝ્ઝતમાં રસૂલે મકબૂલ સલ્લલ્લાહ અલયહે વસલ્લમનો વસીલો અને આપની શફાઅત આપણા કામ બનાવવા માટેનો બેહતરીન ઝરીયો છે. અર્થાત અલ્લાહ તઆલાની બારગાહમાં આપણી રજુઆતનાં માટે સરકારનો વસીલો પકડવો સહીહ છે. કબર શરીફ પર હાજત માટે જવું જાઇઝ છે. એટલે કે એમ કહેવું કે "યા રસૂલલ્લાહ ! આપ અમારી શફાઅત કરો." "આપ અમારા માટે પોતાના રબથી દુઆ કરો !" અને એમ કહેવું કે "યા રબ ! તૂ અમારા પર સરકારનાં વસીલાથી રહમ ફરમાવ ! તેમના સદકામાં અમારી હાજત રવાઈ કર !" આમ કહેવું જાઇઝ અને યોગ્ય છે. અને અલ્લાહને આ અદા પસંદ છે.

સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની વફાત શરીફનાં બાદ એક એઅરાબી રૌઝ-એ-અક્દસ પર હાજર થયો અને રૌઝા શરીફની ખાકે પાક પોતાના માથા ઉપર નાંખી અને અર્ઝ કરવા લાગ્યો "યા રસૂલલ્લાહ ! જે આપે ફરમાવ્યું, તે અમે સાંભળ્યું અને જે (કુર્આન) આપ પર નાઝિલ થયું, તેમાં આ આયત પણ છે,

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا

અને બેશક મેં મારી ઝાત પર ઝુલ્મ કર્યા. હું આપની પાસે મારા ગુનાહની માફી માટે હાજર થયો. આપ મારા રબથી મારા ગુનાહ માફ

કરાવો !" કબર શરીફથી અવાઝ આવ્યો, તારી બખ્શીશ કરવામાં આવી.

## અલ્લાહની બારગાહમાં વસીલો શોધો !

પારહ ૬, અલ-માઈદહ, આયત નં.૩૫ માં રબ્બે કરીમ ઈર્શાદ ફરમાવે છે,

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَابْتَغُوْٓا اِلَيْهِ الْوَسِيْلَةَ

અર્થાત : અય ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને તેની તરફની વસીલો તલાશ કરો !

તેના સિવાય કોઈની ઈબાદત ન કરો. અને અલ્લાહથી ડરો ! અર્થાત તક્વાની ઝિંદગી અપનાવો. તેના હુક્મ પર અમલ કરો. તેની નાફરમાનીથી બચો. નેક અમલ કરતા રહો. ઉપરાંત તેનો કુર્બ અને તેની બારગાહમાં મકબૂલ થવા અને બની રહેવા માટે મક્બૂલાને બારગાહનો વસીલો તલાશ કરો. ચાહે તે નેક આમાલ હોય, ચાહે તેના નેક બંદા હોય, તેનો વસીલો બનાવી પોતાની હાજતો પેશ કરો.

આ આયતથી સાબિત થયું કે બુઝુર્ગાને દીનનાં સદકા અને વસીલાથી દુઆ કરવી જાઈઝ છે. અને જાઈઝ નહીં, જરૂરી પણ છે. માટે અય લોકો ! ખૂબ નેક અમલ કરો. પરંતુ એ અમલ પર ભરોસો કરીને બેસી ન રહો, બલ્કે તેની બારગાહ સુધી પહોંચવા માટે વસીલો શોધો.

આબિદોનો વસીલો ફઝાઈલે આ'માલ છે. તેઓ હર હાલમાં અલ્લાહનો ઝિક્ર કરતા રહે છે.

આલિમોનો વસીલો ગૌરો ફિક્ર છે. તેઓ સતત તફક્કુર (ગૌરો ફિક્ર) કરતા રહે છે.

આરિફોનો વસીલો અલ્લાહનાં ગૈરને છોડી દેવું તે છે. જ્યારે આપણા

જેવા ગુનેહગારોનો વસીલો નબીએ કરીમની ઝાતે બા-બરકાત અને આપની શફાઅત છે.

આરિફોનો વસીલો તર્કે વસાઇલ છે.

## ધીમા અવાઝે અને રડી રડીને દુઆ કરો.

પારહ ૮, અલ-અઅરાફ, આયત નં ૫૫ માં મહેરબાન રબ ફરમાવે છે કે,

ٱدْعُوا۟ رَبَّكُمْ تَضَرُّعًا وَخُفْيَةً ۚ إِنَّهُۥ لَا يُحِبُّ ٱلْمُعْتَدِينَ

અર્થાત : પોતાના રબથી દુઆ કરો ગિડગિડાઈને અને આહિસ્તા. બેશક! હદથી વધી જવાવાળા તેને પસંદ નથી.

દુઆ અલ્લાહ તઆલાથી ભલાઈ માંગવાનું નામ છે અને દુઆ ઈબાદત છે. દુઆ માંગનાર પોતાની જાતને લાચાર-મજબૂર તથા મોહતાજ તથા પોતાના રબને “હકીકી મુસ્તઆન” જાણે છે. ધીમા અવાજે એટલા માટે પણ માંગવી જોઈએ કે આપણે કોઈ દૂરવાળાને નથી પોકારતા. જે રબ અમારી ધોરી નસથી પણ વધારે નજીક છે, તેની સામે ચીખવું-ચિલ્લાવું યોગ્ય નથી.

આજે એક રિવાજ થઈ ગયો છે કે ફિલ્મી ગાયનોની ઢબમાં તરન્નુમની સાથે દુઆ કરવામાં આવે છે. કહીંક લાઉડ સ્પીકરમાં મોટા અવાઝે બુમો પાડતા પાડતા દુઆ કરવામાં આવે છે, તેઓ આના પરથી કંઈક સીખે.

એક રિવાયત માં છે કે ધીમા અવાઝે દુઆ કરવું એ એ'લાનિયા દુવા કરવા કરતા ૭૦ ગણું અફઝલ છે.

પારહ-૮, અલ-અઅરાફ, આયત નં. ૫૬,

وَادْعُوْهُ خَوْفًا وَّطَمَعًا ۭ اِنَّ رَحْمَتَ اللّٰهِ قَرِيْبٌ مِّنَ الْمُحْسِنِيْنَ ۝

(અર્થાત :) તેનાથી દુઆ કરો ડરતાની સાથે અને તેમનાથી ઉમ્મીદ રાખીને. બેશક ! અલ્લાહની રહમ નેકોથી કરીબ છે.

બંદાએ તેનાથી નિડર બે-ખૌફ કદી ન થવું જોઈએ. અને કદી પણ તેની રહમતથી ના-ઉમ્મીદ પણ ન થવું જોઈએ. બેશક તેની રહમત કરીબ છે. અને તે પોતાના બંદાઓને નિરાશ નથી કરતો. તે જરૂર અતા ફરમાવે જ છે. માટે હંમેશા તલબ કરતા રહેવું જોઈએ.

તેમજ દુઆમાં રિયાકારીનાં તૌર પર શિકવા શિકાયત અથવા મોટા અવાઝે આહો ઝારી ન કરવી જોઈએ. તેમજ ખુદાથી એવી ચીઝ ન માંગવી જોઈએ, જે આપણા માટે લાયક નથી. દુઆ તો બાદની ચીઝ છે. પહેલા પોતાને દુઆનાં લાયક બનાવવા જોઈએ.

## અલ્લાહનાં મકબૂલ બંદાઓથી દુઆ કરાવવી

પારહ ૯, અલ-અઅરાફ આયત નં. ૧૩૪,

وَلَمَّا وَقَعَ عَلَيْهِمُ الرِّجْزُ قَالُوْا
يٰمُوْسَى ادْعُ لَنَا رَبَّكَ بِمَا عَهِدَ عِنْدَكَ ۚ

અર્થાત : જ્યારે તેમની ઉપર અઝાબ બલા આવતી, તો કહેતા અય મૂસા ! અમારા માટે પોતાના રબથી દુઆ કરો તેનો જે અહદ તમારી પાસે છે તેના સબબ.

આ હાલત આલે ફિરઔનની હતી કે તેઓ કાફિર હોવા છતાં જ્યારે તકલીફ આવતી, તો પયગંબરની પાસે દુઆ માટે રજૂ થતાં, અને અલ્લાહ તઆલા સૈયદના મૂસા અલયહિસ્સલામની દુવાથી તેમની તકલીફ દૂર કરી દેતો.

તેવી જ રીતે મક્કામાં જ્યારે સતત દુષ્કાળનાં સ્વરૂપમાં અલ્લાહ તરફથી મુસીબત આવી, તો અબૂ સુફિયાન, કે જેઓ એ સમયે હાલતે કુફ્રમાં હતાં, હજુ ઈમાન નહોતા લાવ્યાં, છતાં મક્કાનાં કાફિરો વતી ફરિયાદ લઈને સરકારની બારગાહમાં હાઝિર થયાં અને સરકારથી ફરમાવ્યું કે પોતાના રબથી અમારા માટે દુઆ કરો. અને સરકારે શાને કરીમી અને શાને અફ્વ ઝાહિર કરી તેમના માટે દુઆ કરી.

આનાથી સાબિત થયું કે જ્યારે અલ્લાહ તરફથી કોઈ બલા યા બિમારી યા આફત કે આઝમાઈશનો સમય આવે, તો તેની બારગાહનાં મક્બૂલ બંદાઓ અવલિયા અલ્લાહથી દુઆ કરાવવી જોઈએ કે અલ્લાહ તેમના સવાલને કદી રદ નથી કરતો. સુબ્હાનલ્લાહ

પારા ૧૦, સૂરએ તૌબા, આયત નં. ૯૯

وَمِنَ الْاَعْرَابِ مَنْ يُّؤْمِنُ بِاللّٰهِ وَالْيَوْمِ الْاٰخِرِ وَيَتَّخِذُ مَا يُنْفِقُ
قُرُبٰتٍ عِنْدَ اللّٰهِ وَصَلَوٰتِ الرَّسُوْلِ ؕ اَلَاۤ اِنَّهَا قُرْبَةٌ لَّهُمْ ؕ
سَيُدْخِلُهُمُ اللّٰهُ فِىْ رَحْمَتِهٖ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿۹۹﴾

(અર્થાત :) અને અમુક ગામડીયા એવા છે, જે અલ્લાહ અને કયામતનાં દિવસ પર ઈમાન રાખે છે અને જે કંઇ ખર્ચ કરે છે, તેને અલ્લાહનો કુર્બ અને રસૂલથી દુઆ લેવાનો ઝરીયો સમઝે છે. હાં ! હાં ! તે તેઓનાં માટે બાઇસે કુર્બ છે. ખરેખર અલ્લાહ બહુ જલ્દી તેઓને પોતાની રહેમતમાં દાખલ કરશે. બેશક અલ્લાહ બખ્શવાવાળો મહેરબાન છે.

પારહ-૧૦, સૂરએ તૌબા, આયત નં. ૧૦૩

خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً تُطَهِّرُهُمْ وَتُزَكِّيْهِمْ بِهَا

وَصَلِّ عَلَيْهِمْ ۖ إِنَّ صَلٰوتَكَ سَكَنٌ لَّهُمْ ۗ

(અર્થાત :) અય મહેબૂબ ! તમે તેઓનાં માલમાંથી ઝકાત/સદકાત સ્વીકારો, જેના વડે તમો એમને પાકીઝા- સ્વચ્છ કરી દો, અને તેમના હકમાં દુઆએ ખયર કરો. બેશક તમારી દુઆ તેમના દિલોનું ચૈન છે.

દૌરે રિસાલતમાં મદીના તૈયબાવાળાઓમાંથી એવા લોકો પણ હતાં, જેઓ ખુશી ખુશી પોતાનો માલ, ઝકાત હોય યા નફલ સદકાત, સરકારની બારગાહમાં લઈને હાજર થતા હતાં અને સરકાર તેને વસૂલ કરી હકદારો, ઝરૂરતમંદોમાં તક્સીમ કરતા હતાં અને સરકાર તેઓનાં માટે ખયરો બરકત અને મગ્ફિરતની દુઆ ફરમાવતા હતાં. આ સરકારનો તરીકો હતો. આજે પણ ઘણાં લોકો પીરો, બુઝુર્ગોની બારગાહમાં તોહફાઓ પેશ કરે છે. આ અમલ જ ફાતેહાની અસલ છે. હવે જે લોકો ફાતિહાને બિદઅત સમજે છે અને યોગ્ય નથી માનતા, તેઓ કુર્આન અને હદીસનાં વિરૂધ્ધ છે.

ખુદ અલ્લાહ તબારક વ તઆલા રસૂલે કરીમને ફરમાવે છે કે અય મહેબૂબ !તમો તેમના માલમાંથી ઝકાત અને સદકાત વસૂલો, ખુશી ખુશી સ્વીકારો અને તેમના માલને તથા તેમનાં દિલોને પાક કરો. તેમનાં હકમાં દુઆએ ખયર કરો.

બુખારી શરીફ અને મુસ્લિમ શરીફમાં અબ્દુલ્લાહ બિન અબી ઔફા રદિયલ્લાહુ અન્હુની હદીસ છે કે જ્યારે કોઈ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની પાસે સદકાત લઈને હાજર થતું, તો આપ તેમના માટે દુઆ ફરમાવતા. મારા બાપે સદકા રજૂ કર્યા, તો સરકારે દુઆ ફરમાવી, "અલ્લાહુમ્મા સલ્લે અલા અબી ઔફા"

આ ઉપરાંત સૂરએ મુમ્તહિનામાં જે આયત છે કે સરકારથી કંઈક પૂછવા ચાહો, તો પહેલા કંઈક સદકો કરો, જે હુકમ પાછળથી રદ થઈ ગયો. પરંતુ હઝરત મૌલાએ કાઈનાતે સરકારને જે સવાલો પૂછ્યાં અને જવાબ મેળવ્યાં, તેનાથી પણ ફાતેહાની દલીલ સાબિત છે. અલ્લાહ સમજ અતા ફરમાવે.

અલ્લાહ તેના વડે તેના કારણે લોકોની દુઆ કબૂલ કરે છે. તૌબા કબૂલ કરે છે. તેમને માફ કરે છે. તેમને પાક કરે છે. તેમનાથી મહોબ્બત કરે છે. યાદ રહે ! જે માલ પણ બંદો ખર્ચ કરે છે, તે પણ અલ્લાહ નો જ આપેલ છે. છતાં તેના પર સવાબનો વાયદો એ અલ્લાહની કામિલ મહેરબાની જ છે.

પારહ-૧૧, સૂરએ યૂનુસ, આયત નં. ૧૧

وَلَوْ يُعَجِّلُ اللّٰهُ لِلنَّاسِ الشَّرَّ اسْتِعْجَالَهُمْ بِالْخَيْرِ لَقُضِيَ إِلَيْهِمْ أَجَلُهُمْ ۖ فَنَذَرُ الَّذِينَ لَا يَرْجُونَ لِقَاءَنَا فِي طُغْيَانِهِمْ يَعْمَهُونَ ۝

(અર્થાત :) અગર અલ્લાહ લોકો પર બુરાઈ જલ્દી મોકલતો, જેવી રીતે તેઓ ભલાઈ માટે જલ્દી કરતા રહે છે, તો તેમનો વાયદો પૂરો થઈ જતો. તો અમો તેમને છોડી દઈએ છીએ, જેમને અમારાથી મળવાની આશા ઉમ્મીદ નથી, કે ભલે પોતાની સરકશીમાં ભટકતા રહે.

અગર અલ્લાહ લોકોની બદદુઆઓ, જેવું કે તકલીફનાં સમયે તેઓ કરતા રહે છે, પોતાની ઝાત કે પોતાના માલ અથવા ઔલાદનાં બારામાં કહેતો રહે છે, જેમકે "અલ્લાહ મને મૌત આપે" "તુ બરબાદ

થઈ જા" વિગેરે, જેને ગુજરાતીમાં "કોસવું" કહે છે અને આવા વાક્યો તે બોલતો જ રહે છે, અગર આ દુઆ કબૂલ કરી લેવામાં આવે, તો બધા જ હલાક થઈ જતાં અને લોકોનો ખાત્મે થઈ જતો. તો આવી દુઆ કબૂલ ન થવી એ અલ્લાહની રહમત છે. ઉપરાંત આવી બદ્દુઆ કરવી તે બે સબ્રી અને અલ્લાહની નાશુક્રી છે. માટે આવી દુઆ ન કરવી જોઈએ.

## તકલીફ અને રાહત બન્ને હાલતમાં દુવા તથા શુક્ર કરવો જોઈએ.

પારહ ૧૧, સૂરએ યૂનુસ, આયત નં. ૧૨,

وَإِذَا مَسَّ الْإِنسَانَ الضُّرُّ دَعَانَا لِجَنبِهِ أَوْ قَاعِدًا أَوْ قَائِمًا فَلَمَّا كَشَفْنَا عَنْهُ ضُرَّهُ مَرَّ كَأَن لَّمْ يَدْعُنَا إِلَىٰ ضُرٍّ مَّسَّهُ ۚ كَذَٰلِكَ زُيِّنَ لِلْمُسْرِفِينَ مَا كَانُوا يَعْمَلُونَ ﴿١٢﴾

(અર્થાત :) જ્યારે ઈન્સાનને તકલીફ પહોંચે છે, તો અમને પોકારે છે. સુતા, બેસતા, ઉઠતા. અને પછી જ્યારે અમે તેની તકલીફ દૂર કરી દઈએ છીએ, તો ચાલતો થઈ જાય છે. જાણે કે ક્યારેય તકલીફનાં સમયે અમારાથી દુઆ જ નહોતી કરી. આવી જ રીતે અમોએ હદથી વધી જનારાનાં કામ તેમની નઝરમાં સારા કરી દેખાડ્યાં.

ઈન્સાન પર જ્યારે તકલીફ આવે, તો લાંબી ચોડી દુઆઓ માંગે છે અને તકલીફ દૂર થતાં સુધી સતત દુઆમાં મશગૂલ રહે છે.

ઈન્સાન બલાનાં સમયે એકદમ બે-સબ્રો છે અને રાહતનાં સમયે એકદમ ના-શુક્રો છે. જો કે મોમિન આકિલનો હાલ આનાથી ઉલ્ટો છે. તે બલા અને મુસીબતનાં સમયે સબ્ર કરે છે, અને રાહત તથા ભલાઈનાં સમયે શુક્ર કરે છે. તકલીફ અને રાહત, તે બન્ને સમયે તેવી જ રીતે

બિમારી, તંદૂરસ્તી, નફો નુકસાન, દરેક હાલતમાં શુક્ર અને દુઆ કરે છે. જબાન પર શિક્વા-શિકાયત કે ફરિયાદ નથી લાવતો. અને આ હાલ પણ મોમિનનો છે, જ્યારે આરિફે કામિલ બલાઓ પર રાજી રહે છે અને શુક્ર કરે છે. અલ્લાહ તૌફીક આપે.

પાર-૧૨, સૂરએ હૂદ, આયત નં. પર,

وَيٰقَوْمِ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ثُمَّ تُوْبُوْٓا اِلَيْهِ يُرْسِلِ السَّمَآءَ عَلَيْكُمْ مِّدْرَارًا وَّيَزِدْكُمْ قُوَّةً اِلٰى قُوَّتِكُمْ وَلَا تَتَوَلَّوْا مُجْرِمِيْنَ۝

(અર્થાત :) અય મારી કૌમ ! પોતાના રબથી માફી માંગો, પછી તેની તરફ રુજૂઅ લાવો. તમારી ઉપર જોરદાર પાણી મોકલશે, તમારી તાકાતમાં વધારો કરશે, અને ઝુલ્મ કરતા પલ્ટો નહીં.

આ શબ્દો સૈયદના હૂદ અલયહિસ્સલામનાં છે. તેમની કૌમ કૌમે આદ અલ્લાહ તઆલાની નાફરમાનીઓમાં ડૂબેલ હતી. હઝરત હૂદ અલયહિસ્સલામે કૌમથી વાયદો કર્યો કે કૌમ અગર તૌબા કરશે, અને અલ્લાહથી માફી માંગશે, તો અલ્લાહ વરસાદ મોકલશે, ઔલાદ આપશે.

એક વખત સૈયદના ઈમામ હસન રદિયલ્લાહ તઆલા અન્હુ અમીર મુઆવિયા પાસે તશરીફ લઈ ગયાં, તો આમિર મુઆવિયહનાં એક ખાદિમે આપનાથી અર્ઝ કરી, યા ઈબ્ને રસૂલિલ્લાહ ! હું માલદાર માણસ છું. પરંતુ મારી કોઈ ઔલાદ નથી. મને કોઈ એવો અમલ બતાવો કે અલ્લાહ મને ઔલાદ આપે. આપે કહ્યું, ઈસ્તિગ્ફાર પઢ્યા કરો. ઈસ્તિગ્ફારની કસરતનાં લીધે અલ્લાહ તઆલાએ તેને ત્યાં દસ બેટા દીધાં.

હઝરત અમીર મુઆવિયહનાં કહેવા પર તે શખ્સે ઈમામને પૂછ્યું કે આ અમલ આપે ક્યાંથી લીધો? તેના જવાબમાં હઝરતે ઉપરની આયત તિલાવત ફરમાવી. રોઝીમાં વધારા માટે અને ઔલાદનાં માટે તૌબા ઈસ્તિગ્ફાર પઢવા એ કુર્આની અમલ છે.

તૌબા અને ઈસ્તિગ્ફાર એ બહુ જ બરકતવાળો અમલ છે. સાચી તૌબા કરનારનાં ગુનાહોને અલ્લાહ માફ કરી દે છે. એટલું જ નહીં, પરંતુ તેના ગુનાહોને રબ્બે કાઈનાત પોતાના ફઝ્લથી નેકીઓમાં બદલી આપે છે. અને તૌબા કરનાર માટે હામિલાને અર્શ (અર્શને ઉપાડનાર ફરિશ્તાઓ) પણ દુઆ કરે છે. અને અલ્લાહથી કહે છે, તૌબા કરનાર મોમિનની ઔલાદ તથા તેના બાપદાદાઓનાં જન્નતનાં દરજ્જા બુલંદ કર ! સુબ્હાનલ્લાહ,

## માત્ર અલ્લાહથી જ ફરિયાદ,
## સૈયદના યાકૂબ અલયહિસ્સલામ

પારા-૧૩, સૂરએ યૂસુફ, આયત નં. ૮૬

قَالَ اِنَّمَآ اَشْكُوْا بَثِّيْ وَحُزْنِيْٓ اِلَى اللّٰهِ
وَاَعْلَمُ مِنَ اللّٰهِ مَا لَا تَعْلَمُوْنَ۝

(અર્થાત:) હું મારા ગમ અને મારી પરેશાનીની ફરિયાદ માત્ર અલ્લાહથી જ કરૂં છું અને હું અલ્લાહની એ શાન જાણું છું, જે તમે લોકો નથી જાણતાં.

સૈયદના હઝરત યૂસુફ અલયહિસ્સલામની જુદાઈનાં ગમમાં આપ સતત રડતા રહેતા હતાં. પરંતુ એ દિવસોમાં પણ કદી આપની ઝબાન પર ફરિયાદ કે શિક્વા-શિકાયતનો એક શબ્દ પણ ન આવ્યો. આપ હમેશા શુક્ર ગુઝાર તથા ઈબાદત ગુઝાર, સાબિર અને શાકિર

બનીને રહ્યાં.

અલહમ્દુ લિલ્લાહ, આ વાક્યોમાં આપણા માટે ઘણી જ મોટી નસીહત છે. આપણે પણ મુસીબતનાં સમયે ખામોશ રહીએ. માત્ર અલ્લાહથી જ સવાલ કરીએ. અલ્લાહથી ફરિયાદ કરીએ. અલ્લાહની ફરિયાદ ન કરીએ.

## બુઝુર્ગોથી દુઆ કરાવવી

قَالُوْا يٰٓاَبَانَا اسْتَغْفِرْ لَنَا ذُنُوْبَنَآ اِنَّا كُنَّا خٰطِـِٕيْنَ ۝

(અર્થાત :) બોલ્યા, અય મારા બાપ ! અમારા ગુનાહોની માફી માંગો કે બેશક ! અમે ગુનેહગાર છીએ.

આ શબ્દો હઝરત યૂસુફ અલયહિસ્સલામનાં ભાઈઓનાં છે. પોતાના ગુનાહોનાં સ્વીકાર / એકરાર અને સખત શર્મીન્દા થવાનાં બાદ તેમણે પોતાના વાલિદે મોહતરમને કહ્યું કે અમને આપના રબથી માફી મંગાવો. અમને માફ કરાવો.

આમાં આપણા માટે એ તાલીમ છે કે અલ્લાહનાં નેક બંદાઓ તરફ રજૂ થઈ તેમના હાથ પર તૌબા કરી તેમનાથી સિફારિશ કરાવવી જોઈએ કે આ તરીક-એ-સ્વાલેહીન તથા સુન્નતે અંબિયા પણ છે. સુબ્હાનલ્લાહ,

## દુઆએ સૈયદના યૂસુફ અલયહિસ્સલામ

પારહ-૧૩, સૂરએ યૂસુફ, આયત નં. ૧૦૧

رَبِّ قَدْ اٰتَيْتَنِيْ مِنَ الْمُلْكِ وَعَلَّمْتَنِيْ مِنْ تَاْوِيْلِ الْاَحَادِيْثِ ۚ

فَاطِرَ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۣ اَنْتَ وَلِيّٖ فِي الدُّنْيَا وَالْاٰخِرَةِ ۚ

تَوَفَّنِىْ مُسْلِمًا وَّاَلْحِقْنِىْ بِالصّٰلِحِيْنَ۝

(અર્થાત :) અય મારા રબ ! બેશક તેં મને એક સલ્તનત આપી, અને મને અમુક વાતોનો અંજામ નિકાળવાનું સિખાવ્યું. અય આસ્માન તથા ઝમીનનાં બનાવનાર ! દુનિયામાં તૂં જ મારૂં કામ બનાવનાર છે, અને આખિરતમાં મને મુસલમાન ઉઠાવ અને મને તેમની સાથે કરી દે, જે તારા ખાસ કુર્બને લાયક છે.

આ દુઆ હઝરતે એ સમયે માંગી, જ્યારે અલ્લાહે તેમના ભાઈઓ તથા માં-બાપથી મેળવી દિધાં. તેઓ અલ્લાહની નેઅમતોનો શુક્ર કરીને તેની પાસે આખિરતની નેઅમતોનો દારોમદાર દુનિયાથી ઈમાન પર ખાત્મામાં છે. માટે દરેક મુસલમાન ઈમાન પર મરવાની દુઆ હમેશા કરતા રહેવું જોઈએ.

## સૂરએ ફાતિહાની બરકતો

પારા-૧૪, સૂરએ હિજરત, આયત નં. ૮૭

وَلَقَدْ اٰتَيْنٰكَ سَبْعًا مِّنَ الْمَثَانِىْ وَالْقُرْاٰنَ الْعَظِيْمَ۝

(અર્થાત :) અને બેશક અમોએ તમને સાત આયાતો અતા ફરમાવી, જે વારંવાર પઢવામાં આવે છે, અને અઝમતવાળું કુર્આન .

આ સાત આયતોથી મુરાદ "સૂરએ ફાતિહા" છે, જે નમાઝની હર રકાતમાં પઢવામાં આવે છે. જેવું કે બુખારી અને મુસ્લિમની હદીસમાં વારિદ થયું.

મત્લબ એ છે કે અય સૈયદે અંબિયા ! અમે આપને એવી એવી નેઅમતો અતા ફરમાવી, જેની સામે દુનિયાની નેઅમતો તુચ્છ છે, હકીર છે. હદીસ શરીફમાં છે કે જે કુર્આનની બ-દૌલત દુનિયાથી બેપરવાહ ન

થઈ ગયો, તે અમારાથી નથી. કુર્આન એવી નેઅમત છે, જેની સામે દુનિયાની નેઅમતો કંઈજ વિસાતમાં નથી.

સૂરએ ફાતિહા દુઆ પણ છે, હમ્દ પણ છે. જેમાં બંદો અલ્લાહ તઆલાથી સીધા રસ્તે, સિરાતે મુસ્તકીમ પર ચલાવવાનો સવાલ કરે છે. અવલિયા અલ્લાહ, સિદ્દીકીન, સ્વાલેહીન, શોહદાઓનો સાથ પણ માંગે છે અને ગુમરાહ બેદીન બહેકી ગયેલા લોકોનાં રસ્તાથી દૂર રાખવાની દુઆ પણ કરે છે. અલ્લાહથી મદદ પણ માંગે છે.

સૂરએ ફાતિહા દરેક બિમારી માટે શિફા યાને તંદુરસ્તી છે. આ સૂરએ મુબારકા બંદાને રબથી કરીબ કરે છે અને બંદાને દુનિયાથી બેપરવાહ કરી દે છે.

એક વખત બનૂ કુરૈઝા અને બનૂ નુઝૈરનાં સામાનથી લદાયેલા ૭ (સાત) કાફલા એક સાથે મદીના મુનવ્વરામાં આવ્યાં, જેમાં જાત જાતનાં કિમતી કપડાં, ખૂબસૂરત જવાહેરાત અને બીજો સામાન હતો, જેને જોઈને મુસલમાનોનાં દિલમાં એ ખયાલ આવ્યો કે અગર આ માલ અમારી પાસે હોત, તો અમો આના વડે તકવિયત હાસિલ કરતા અને આ માલને અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ કરતા. ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ કરી કે અય મહેબૂબ! તમારી ઉપર સૂરએ ફાતિહાની જે સાત આયતો નાઝિલ ફરમાવવામાં આવી છે, તે પોતાની રૂહાની, ઈમાની અને ઉખરવી કાયદાનાં લિહાઝથી આ સાત કાફલાઓથી વધીને છે.

તો અમોએ કાફિરોને દુનિયામાં રહેવા ભોગવવા માટે જે સામાન દઈ રાખેલ છે, તેની તરફ નઝર ભરીને જુઓ પણ નહીં. સૂરએ ફાતેહાની તિલાવત અલ્લાહની રાહમાં માલ ખર્ચ કરવાથી પણ વધીને છે.

## ઇન્સાન પોતાનાં માં-બાપ માટે દુઆ કરે

પારહ ૧૫, સૂરએ બની ઈસરાઈલ, આયત નં. ૨૩ થી ૨૫

وَقَضٰى رَبُّكَ اَلَّا تَعْبُدُوْٓا اِلَّآ اِيَّاهُ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا ۭ اِمَّا يَبْلُغَنَّ عِنْدَكَ الْكِبَرَ اَحَدُهُمَآ اَوْ كِلٰهُمَا فَلَا تَقُلْ لَّهُمَآ اُفٍّ وَّلَا تَنْهَرْهُمَا وَقُلْ لَّهُمَا قَوْلًا كَرِيْمًا ۝ وَاخْفِضْ لَهُمَا جَنَاحَ الذُّلِّ مِنَ الرَّحْمَةِ وَقُلْ رَّبِّ ارْحَمْهُمَا كَمَا رَبَّيٰنِيْ صَغِيْرًا ۝ رَبُّكُمْ اَعْلَمُ بِمَا فِيْ نُفُوْسِكُمْ ۭ اِنْ تَكُوْنُوْا صٰلِحِيْنَ فَاِنَّهٗ كَانَ لِلْاَوَّابِيْنَ غَفُوْرًا ۝

(અર્થાત :) તમારા રબે હુકમ ફરમાવ્યો કે તેના સિવાય કોઈને ન પૂજો અને માં-બાપ સાથે સદવર્તન કરો, અને તારી સામે તે બન્ને અથવા બે માંથી એક બુઢ્ઢા થઈ જાય, તો તેની સામે "હું" ન કહેશો. અને તેને ન ઝિડકશો અને તેની સાથે તાઝીમની વાત કર અને તેની સાથે નમ્રતાથી વાત કર અને તેમના માટે દુઆ કર કે અય મારા રબ ! તું એ બન્ને પર રહેમત કર, જેવું કે તેમણે બચપનમાં મારી પરવરીશ કરી. તમારો રબ સારી રીતે જાણે છે, જે તમારા દિલમાં છે. અગર તમે લાયક થશો, તો બેશક ! તે તૌબા કરનારાઓને બખ્શવાવાળો છે.

ઈન્સાન માં-બાપની સામે કોઈ એવો એક શબ્દ પણ ન બોલે કે જેના કારણે તેમને દુઃખ પહોંચે. માં-બાપની સાથે એવી રીતે વાત કરે, જેવી રીતે ગુલામ પોતાના આકાની સાથે વાત કરે છે. તેમની સાથે મહોબ્બતથી પેશ આવે. માં-બાપની ખુશીમાં અલ્લાહની ખુશી છે અને

માં-બાપની નારાઝગીમાં અલ્લાહ તઆલાની નારાઝગી છે.

હક તઆલાએ પોતાની ઈબાદતને માં-બાપની સાથે ભલાઈ કરવાના હુક્મની સાથે મેળવીને બયાન કરી. તે એટલા માટે કે માં-બાપ ઔલાદની પૈદાઈશ અને તાલીમો તરબિયતનાં વાસ્તે બહુ જ કરીબ છે. જાઈઝ અને સહીહ કામોમા માં-બાપની નાફરમાની કરવી હરામ છે. અને તેમની ઈતાઅત કરવી વાજિબ છે. તેમની સાથે નરમાશથી પેશ આવવું જોઈએ. તેમના ઈન્તેકાલનાં બાદ તેમના માટે ઈસાલે સવાબ કરતા રહે. તેમના ઈન્તેકાલનાં બાદ તેમના દોસ્તો સાથે સદ્‌વર્તન કરતો રહે. અલ્લાહ તઆલા તૌફીક આપે,

ઔલાદ હક પર હોવા છતાં અને માં-બાપ ખોટી રીતે /વગર કારણે ગુસ્સો કરે, તો પણ તેમની સામે ઉફ કરવાનો ઔલાદને હક નથી. નહીંતર અમલ બરબાદ થઈ જશે અને ખબર પણ નહીં પડે.

## અલ્લાહ તઆલા ફરમાવે છે મારાથી ઇલ્મ માંગો

પારહ-૧૬, સૂરએ તાહા, આયત નં. ૧૧૪

وَقُلْ رَّبِّ زِدْنِيْ عِلْمًا ۝

(અર્થાત :) દુઆ કરો, અય મારા રબ ! મારા ઈલ્મમાં વધારો કર !

અલ્લાહ તઆલા પોતાના કલામમાં ઈર્શાદ ફરમાવે છે કે અલ્લાહથી માત્ર એ લોકોજ ડરે છે, જે ઈલ્મવાળા છે. માલ એ અંબિયાની વિરાસત નથી. ઈલ્મ અંબિયાની વિરાસત છે માટે બંદાએ અલ્લાહથી ઈલ્મ માંગવો જોઈએ.

પારહ-૨૪, સૂરએ ઝુમર, આયત નં. ૫૩

قُلْ يٰعِبَادِيَ الَّذِيْنَ اَسْرَفُوْا عَلٰٓى اَنْفُسِهِمْ لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ

اللّٰهِ ؕ اِنَّ اللّٰهَ یَغْفِرُ الذُّنُوْبَ جَمِیْعًا ؕ اِنَّهٗ هُوَ الْغَفُوْرُ الرَّحِیْمُ ﴿۵۳﴾

(અર્થાત :) તમે ફરમાવો, એ મારા એ બંદાઓ, જેમણે પોતાની જાન પર ઝુલ્મ કર્યા, અલ્લાહની રહમતથી ના ઉમ્મીદ ન થાવ, બેશક અલ્લાહ તમામ ગુનાહો માફ ફરમાવી દેશે, કે ખરેખર એ જ માફ કરી દેનાર રહમવાળો છે.

મુશરિકોમાંથી થોડા માણસો હુઝૂરની ખિદમતમાં હાજર થયાં અને આપનાથી અર્ઝ કરી કે બેશક ! આપનો દીન તો સાચો છે. પરંતુ અમોએ મોટા મોટા ગુનાહો કર્યા છે. શું અમારા ગુનાહ માફ થવાનો કોઈ રસ્તો છે? શું આપનો રબ અમારા ગુનાહ માફ કરશે. તેના જવાબમાં આ આયત નાઝિલ થઈ કે અય ગુનેહગારો ! અગર તમો ઈમાન લાવશો અને અલ્લાહથી માફી માંગશો, તો તમે અલ્લાહની રહમતથી માયૂસ ન થાવ ! તે જરૂર માફ કરી દેશે.

"રહમાન" અને "રહીમ" એ બન્ને અલ્લાહ તઆલાનાં નામો છે. રહમત તેની સિફત છે. રહમતનો અર્થ છે કૃપા, દયા, મહેરબાની, રહમ કરવું વિગેરે. કુર્આને કરીમમાં સરકાર સલ્લલ્લાહુ અલયહે વસલ્લમને પણ રહમત કહેવામાં આવ્યાં. તો આ આયતનો અર્થ થયો, અલ્લાહની રહમતથી માયૂસ ન થાવ. અને એમ પણ કહી શકાય અલ્લાહનાં રસૂલથી ના-ઉમ્મીદ ન થાવ ! જો તેઓ તમાર સિફારિશ કરશે, તો અલ્લાહ માફ કરી દેશે. જેવું કે સૂરએ નિસા, આયત નં. ૬૪

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْۤا

(અર્થાત :) જેમણે ગુનાહ કરીને પોતાની ઉપર ઝુલ્મ કર્યો, અય મહેબૂબ ! તેઓ તમારી પાસે આવે, અલ્લાહથી માફી માંગે, આપ પણ તેમની

શફાઅત, સિફારિશ કરો, તો અલ્લાહ જરૂર માફ કરી દેશે. અહીં પણ કહેવાયું.

અને અલ્લાહની સહુથી મોટી રહેમતનું નામ છે મુહમ્મદુર્રસૂલલ્લાહ. જેવું કે અલ્લાહ તઆલા ફરમાવે છે, સૂરએ અંબિયા, આયત નં.૧૦૭માં

وَمَآ أَرْسَلْنٰكَ إِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ ۝

(અર્થાત :) અય મહબૂબ ! અમોએ તમોને માત્ર રહમત બનાવીને મોકલ્યાં. અહીં હવે આ આયતનો અર્થ થયો, "અય મહબૂબ ! તમે ફરમાવો ! અય ગુનહગારો ! અલ્લાહની રહમતથી માયૂસ ન થાવ." અને અલ્લાહ ફરમાવે છે, મારી રહમતનું નામ છે મુહમ્મદુર્રસૂલલ્લાહ. અને આ જ વાત સૂરએ નિસામાં રબ્બે કરીમ ફરમાવે છે, અય ગુનહગારો ! રસૂલની બારગાહમાં હાજર થાવ !"

સુબ્હાનલ્લાહ !!! અલ્લાહ તઆલા જે બંદાને પસંદ કરે છે, તેને પોતાની રહમતથી કરીબ કરી લે છે. આ અલ્લાહનો બહુ મોટો ફઝલ છે. અર્થાત અલ્લાહ તઆલા જે બંદાને પસંદ કરે છે, તેને પોતાના રસૂલથી નઝીક કરી લે છે. અને અલ્લાહ તઆલા રસૂલે કરીમને કહે છે, સાઈલને ઝિડકો નહીં. સવાલ કરનારને નિરાશ ન કરો. (સૂરએ વદ્દુહા) અને ફરમાવે છે, અન-કરીબ તમારો રબ તમને એટલું આપશે કે તમે રાઝી થઈ જશો. સુબ્હાનલ્લાહ,

માટે અય ગુનહગારો ! જ્યારે તમારાથી કોઈ ગુનાહ યા ગલતી થઈ જાય, તો તૌબા માટે અને જ્યારે અલ્લાહથી કોઈ નેઅમત માંગો યા પોતાના રબથી કંઈક અર્ઝ કરવું હોય, તો સવાલ અલ્લાહથી કરો, સાચી

તૌબા કરો અને રસૂલે કરીમને વસીલો બનાવો, અલ્લાહ યકીનન જરૂર મદદ કરશે જ.

આ આયતનાં શાને નુઝૂલનાં બારામાં અલગ અલગ રિવાયતો છે. કોઈ કહે છે કે આ મુશરિકીને મક્કાનાં બારામાં નાઝિલ થઈ. અમુકનાંકહેવા મુજબ, આ આયત ગુનાહે કબીરા કરવાવાળાનાં બારામાં નાઝિલ થઈ, અને અમુકનાં કહેવા મુજબ આ આયત અમીર હમ્ઝાનાં કાતિલ વહેશી, કે જે પાછળથી ઈમાન લઈ આવ્યાં, તેમના બાબમાં નાઝિલ થઈ. આ ત્રણેય કૌલને હદીસ શરીફની તાઈદ પણ હાસિલ છે. જો કે આ આયતનું શાને નુઝૂલ ગમે તે હોય, પરંતુ આ હુક્મ તમામ બંદાઓ માટે આમ છે.

યાદ રાખવું જોઈએ કે બખ્શિશનો દારોમદાર માત્ર અને માત્ર અલ્લાહ તઆલાનાં ફઝ્લ અને કરમ પર છે. કોઈ બીજાની મરજી પર નથી. એ ચાહે તો હિસાબ લેવાના પહેલા બખ્શી દે. અગર ચાહે તો હિસાબ લઈને બખ્શી દે. તે અગર ચાહે તો સઝા કર્યા વગર બખ્શી દે. અને અગર ચાહે તો સઝાના બાદ બખ્શી દે. અસલ વાત એમ છે કે ખુદાનાં ઈતાબ અને તેના અઝાબથી બચવા માટે ગુનાહોની સાચી તૌબા કરવું તે જરૂરી છે. ગુનાહોની તૌબા માટે જે જરૂરી છે, તે એ કે પોતાના ગુનાહોનો એકરાર/ ગુના ઉપર શર્મીન્દગી અને ભવિષ્યમાં ગુનાહ નહી કરવાની નિયત હોય, તે પણ જરૂરી છે.

તેમજ જ્યારે આપણે કોઈ બુઝુર્ગોની બારગાહમાં અથવા અવલિયા અલ્લાહનાં મઝારાત પર હાજરી આપીએ, ત્યારે પણ આપણો અકીદો અને આપણું યકીન એ જ હોવું જોઈએ કે હું જેની તરફ મુતવજ્જેહ થયો, તે બારગાહનાં મહબૂબ છે અને અલ્લાહની

બારગાહમાં મારો વસીલો તથા ઝરીઓ છે. અસલ આપનાર જાત અલ્લાહ તઆલાની છે. અને યકીનની સાથે દુઆ કરવી જોઈએ.

પારહ-૨૪, મોમિન, આયત નં.૬૦

وَقَالَ رَبُّكُمُ ادْعُوْنِيْٓ اَسْتَجِبْ لَكُمْ ط

(અર્થાત:) તમારો રબ ફરમાવે છે, મારાથી દુઆ કરો ! હું કબૂલ કરીશ.

અલ્લાહ તઆલા બંદાઓની દુઆ પોતાની રહમતથી કબૂલ કરે છે. તેની કબૂલિયતની અમુક શર્તો છે.

(૧) દુઆમાં ઈખ્લાસ,

(૨) દિલ કોઈ બીજી તરફ મશગૂલ ન હોય,

(૩) દુઆ કોઈ નાજાઇઝ કે અયોગ્ય કામ માટે ન હોય,

(૪) અલ્લાહ તઆલાની રહમત પર યકીન હોય,

(૫) ફરિયાદ ન કરે કે દુઆ કેમ કબૂલ ન થઈ.

હદીસ શરીફમાં છે કે દુઆ કરનારની દુઆ ઝરૂર કબૂલ થાય છે. યા તો દુનિયામાં જલ્દીથી આપી દેવામાં આવે અથવા આખિરતમાં તેના માટે ઝખીરો બનાવવામાં આવે.

અલ્લાહ તઆલા ફરમાવે છે, તકલીફનાં સમયે મારાથી ફરિયાદ કરો કે હું તમારી મદદ કરૂં. ઉલ્માનાં એક ગિરોહની નઝદીક દુઆથી સવાલ કરવું મુરાદ છે. અર્થાત : તમે મારાથી સવાલ કરો, જેથી હું તમને અતા કરૂં. એટલા માટે કે મારી રહમતનાં ખઝાના ભરપૂર છે અને મારો કરમ તમારી ઉમ્મીદ પૂરી કરશે. કોઈ ફકીર એવો નથી, જે મારી પાસે હાથ ફૈલાવે અને હું તેને ન અતા કરૂં.

અલ્લાહની રહમતથી ઉમ્મીદ રાખો. તેના વાયદા કદી ખિલાફ

નથી થતાં. તેનાથી માંગો, તે આપશે.

પારહ ૨૫, હા-મીમ, આયત નં. ૪૮

لَا يَسْـَٔمُ الْاِنْسَانُ مِنْ دُعَآءِ الْخَيْرِ ۡ

وَاِنْ مَّسَّهُ الشَّرُّ فَيَـُٔوْسٌ قَنُوْطٌ ۝

(અર્થાત :) ઈન્સાન ભલાઈ માંગવાથી થાકતો નથી, અને જ્યારે કોઈ તકલીફ પહોંચે છે, તો નિરાશ, ના-ઉમ્મીદ થઈ જાય છે.

અને આગળ આયત નં. ૫૧ માં ફરમાવે છે, જ્યારે અમે ઈન્સાન પર અહેસાન કરીએ, તો તે મોં ફેરવી લે છે, દૂર થઈ જાય છે. અને જ્યારે તેને કોઈ તકલીફ પહોંચે છે, તો લાંબી ચોડી દુઆ કરે છે.

હમેશા બંદો અલ્લાહથી માલ, દૌલત, તંદૂરસ્તી વિગેરે માંગતો રહે છે. અને જ્યારે તેને આપવામાં આવે છે, તો શુક્ર નથી કરતો અથવા તે નેઅમતને પોતાની આવડત, કળા, હોશિયારી સમજે છે અથવા નાશુક્રી કરે છે, ફીઝુલ ખર્ચી કરે છે. અને જ્યારે તકલીફ પહોંચે, તો શિક્વા-શિકાયત, ફરિયાદ કરે છે, રડે છે. અને આ બન્ને હાલતો ના-પસંદીદા છે.

ખરેખર બંદાએ નેઅમતો મળવા પર શુક્ર કરવો જોઈએ. માલને અલ્લાહની રિઝા પર, તંદુરસ્તીને કસરતે ઈબાદત પર ખર્ચ કરવી જોઈએ. અને તકલીફનાં સમયે સબ્ર કરવું જોઈએ. અલ્લાહ તૌફીક આપે, તકલીફનાં સમયે બંદો અલ્લાહની શિકાયત બંદાથી કરે છે, જે કંઈ પણ ઈખતિયાર કે અધિકાર નથી રાખતા.

**અલ્લાહ ઈમાનવાળાઓની દુઆ તથા તૌબા કબૂલ કરે છે.**

સૂરએ શુરા, આ.નં.૨૫/૨૬

وَهُوَ الَّذِیْ یَقْبَلُ التَّوْبَةَ عَنْ عِبَادِهٖ وَیَعْفُوْا عَنِ السَّیِّاٰتِ وَیَعْلَمُ مَا تَفْعَلُوْنَ ۙ وَیَسْتَجِیْبُ الَّذِیْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ وَیَزِیْدُهُمْ مِّنْ فَضْلِهٖ ؕ

(અર્થાત :) એ જ (અલ્લાહ) છે, જે પોતાના બંદાઓની તૌબા કબૂલ ફરમાવે છે અને ગુનાહોથી દરગુઝર ફરમાવે છે, અને તે જાણે છે, જે તમે કરો છો. અને જેઓ ઈમાન લાવ્યાં અને સારા અમલ કર્યા, તેમની દુઆ કબૂલ કરે છે અને પોતાના ફઝ્‌લથી ઈનામ આપે છે.

આ આયતમાં બે વાતનો ઝિક્ર છે. તૌબાનું કબૂલ કરવું, યાને માફ કરવા, અને દુઆનું કબૂલ કરવું યાને સવાલ પુરો કરવો.

તૌબા દરેક ગુનાહની વાજિબ છે. અને તૌબાની હકીકત એ છે કે આદમી ગુનાહ તથા બુરાઈથી દૂર રહે. ઉપરાંત ભૂતકાળમાં થયેલ ગુનાહની તૌબા કરે અને ભવિષ્યમાં ગુનાહ નહીં કરવાની નિય્યત કરે. અગર ગુનાહમાં કોઈની હક્ક તલ્ફી થઈ હોય, તો એ અદા કરે. જેમકે કોઈનો કર્ઝ હોય, તો ચૂકવે. ચુકવી શકવાની શક્તિ ન હોય, તો માફ કરાવે, નમાઝો તર્ક કરી હોય, તો કઝા કરે.

આટલું કર્યા બાદ નેક અમલ કરતો રહે. જ્યારે ઇન્સાન તૌબા કરે છે, તો અલ્લાહ ગુનાહોંને નેકીયોથી બદલી દે છે (સૂરએ ફુરકાન) અને દુઆ માંગનાર જેટલું માંગે છે, તેનાથી વધારે અતા કરે છે.

## મુસાફરીનાં સમયની દુઆ

પારહ-૨૫, સૂરએ ઝુખ્રુફ, આયત નં.૧૩-૧૪

سُبْحٰنَ الَّذِیْ سَخَّرَ لَنَا هٰذَا وَمَا كُنَّا لَهٗ مُقْرِنِیْنَ ۙ﴿۱۳﴾

وَاِنَّاۤ اِلٰى رَبِّنَا لَمُنْقَلِبُوْنَ ﴿۱۴﴾

(અર્થાત :) પાકી છે અલ્લાહની, જેણે આ સવારીને અમારા કાબૂમાં કરી દિધી. એ અમારા કાબૂમાં ન હતી. બેશક અમારે અમારા રબની તરફ જ પાછા કરવાનું છે.

મુસ્લિમ શરીફની હદીસમાં છે કે સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ જ્યારે સફરમાં તશરીફ લઈ જતાં, તો પોતાની ઊંટણી પર સવાર થતા પહેલાં "અલહમ્દુ લિલ્લાહ" પઢતાં. પછી "સુબ્હાનલ્લાહ" અને "અલ્લાહો અકબર" કહ્યા બાદ આ ઉપરની બન્ને આયત પઢતાં અને જ્યારે આપ હોડી કે વહાણમાં સફર કરતાં, તો આપ ફરમાવતાં

بِسْمِ اللّٰهِ مَجْرٖىهَا وَمُرْسٰىهَا ؕ اِنَّ رَبِّیْ لَغَفُوْرٌ رَّحِیْمٌ ﴿۴۱﴾

## અય નબી ! મુસલમાનોના ગુનાહોની માફી માંગો

પારહ-૨૬, સૂરએ મુહંમદ, આયત નં. ૧૯,

وَاسْتَغْفِرْ لِذَنْۢبِكَ وَلِلْمُؤْمِنِیْنَ وَالْمُؤْمِنٰتِ ؕ

(અર્થાત :) મગ્ફિરત ચાહો પોતાનાઓની તથા મુસલમાન મર્દો અને ઔરતોનાં ગુનાહોંની મગ્ફિરત ચાહો.

આ ઉમ્મતે રસૂલ પર અલ્લાહ તઆલાનો ખાસ ફઝલ અન મોટી મહેરબાની છે કે અલ્લાહ તઆલા રસૂલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ફરમાવે છે કે આમના માટે માફી માંગો. આપની શફાઅત મકબૂલ છે. અને જે બક્ષનાર છે, એ જ શફાઅતનું કહે છે. અને અલ્લાહ

તઆલાની શાન એ નથી કે તે પોતાના હબીબને માંગવાનું કહે અને હબીબને આપ ન ફરમાવે.

સાબિત થયું કે ઉમ્મતે મોહંમદીને દૌલતે મગ્ફિરત જરૂર હાસિલ થશે. અલ્લાહ તઆલા કુરઆને કરીમ સૂરએ ફત્હ, આયત નં. ૨ માં ફરમાવે છે,

لِّيَغْفِرَ لَكَ اللّٰهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْۢبِكَ وَمَا تَاَخَّرَ

وَيُتِمَّ نِعْمَتَهٗ عَلَيْكَ

(અર્થાત :) જેથી કરીને અય મહેબૂબ ! તમારા સબબથી તમારો રબ આગળનાં અને તમારી પાછળનાંઓનાં ગુનાહ માફ કરે અને પોતાની નેઅમત તમારા પર પૂરી ફરમાવે. સુબ્હાનલ્લાહ,

સરકારની બ-દૌલત અલ્લાહ તઆલા ઉમ્મતની મગ્ફિરત ફરમાવશે. એટલું જ નહીં, દુનિયવી તથા આખિરતની નેઅમતો અતા ફરમાવશે.

૧/૨૩

## ફાતેહાની અસલ / દુઆ કઈ રીતે માંગવી?

પારહ-૨૮, સૂરએ મુઝાદલહ, આયત નં. ૧૨,

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا نَاجَيْتُمُ الرَّسُوْلَ فَقَدِّمُوْا بَيْنَ يَدَيْ

نَجْوٰىكُمْ صَدَقَةً ؕ

(અર્થાત :) અય ઈમાનવાળાઓ ! અગર તમે રસૂલથી કંઈ અર્ઝ કરવા ચાહો, તો પોતાની અર્ઝથી પહેલા કંઈક સદ્કો કરી લો.

જયારે માલદાર સહાબાઓ અને અન્ય લોકોએ હુઝૂરથી સવાલ-

જવાબનો સિલસિલો શરૂ કર્યો, તો આ આયત નાઝિલ થઈ અને મૌલાએ કાઈનાત સૈયદના મૌલા અલીએ આના પર અમલ કર્યો અને આ હુક્મ મન્સૂખ યાને રદ થઈ ગયો. સૈયદના મૌલાએ કાઈનાતે એક દીનારનો સદકો કરી ૧૦ સવાલ પૂછ્યાં, જેમાં ઘણી બધી હિક્મતની વાતો અને દુઆનો તરીકો પણ દરયાફ્ત કર્યો. - (સવાલ નં.(૬) (૭) આપે સવાલ કર્યો.

(૧) વફા શું છે?

જવાબ : તૌહીદ અને તૌહીદની શહાદત.

(૨) ફસાદ શું છે?

જવાબ : કુફ્ર અને શિર્ક.

(૩) હક્ક શું છે?

જવાબ : ઈસ્લામ તથા કુર્આન અને વિલાયત, જ્યારે તને મળે.

(૪) હિલો શું છે? (અર્થાત : તદબીર)

જવાબ : તર્કે તદબીર, અર્થાત તદબીરનું છોડી દેવું.

(૫) મારા પર શું લાઝિમ છે?

જવાબ : હક્ક તઆલા અને તેના રસૂલનાં હુક્મનું માનવું.

(૬) અલ્લાહ તઆલાથી કઈ રીતે દુઆ માંગુ?

જવાબ : સિદ્દ્ક અને યકીનની સાથે યાને સચ્ચાઈ અને વિશ્વાસ સાથે.

(૭) દુઆ માં શું માંગવું?

જવાબ : આકેબાત

(૮) પોતાની નજાત માટે શું કરૂં?

જવાબ : હલાલ ખા અને સાચું બોલ.

(૯) સુરૂર અર્થાત મઝા શું છે?

જવાબ : જન્નત

(૧૦) રાહત શું છે?

જવાબ : અલ્લાહનો દીદાર.

આ સવાલ-જવાબમાં ગૌરો ફિક્ર કરવાથી ઘણો જ ફાયદો હાસિલ થાય છે અને આપણે મઝારાત ઉપર શીરીની, ન્યાઝ વિગેરે લઈ જઈએ છીએ તેની આ અસલ છે. અને આ અમલ અર્થાત સદકો દેવો એ બંદાનાં ગુનાહને ઓછા કરે છે, અલ્લાહનાં ગઝબને ઠંડો કરે છે, બલા મુસીબતને દૂર કરે છે. સદકો અલ્લાહ તઆલા પહેલા પોતાના દસ્તે કુદરતમાં લે છે. ત્યારબાદ સાઈલ સુધી પહોંચે છે. અને જે સદકાને અલ્લાહ તઆલા કબૂલ કરી લે છે, તે ભલે થોડો જ હોય, તેને પહાડ જેટલો બનાવી દે છે.

## તૌબા કરવા / માફી માંગવાનાં ફાયદા

પારહ-૨૯, સૂરએ નૂહ, આયત નં. ૧૦થી ૧૩

فَقُلْتُ اسْتَغْفِرُوْا رَبَّكُمْ ؕ اِنَّهٗ كَانَ غَفَّارًا ۙ﴿۱۰﴾ يُّرْسِلِ السَّمَآءَ

عَلَيْكُمْ مِّدْرَارًا ۙ﴿۱۱﴾ وَّيُمْدِدْكُمْ بِاَمْوَالٍ وَّبَنِيْنَ وَيَجْعَلْ لَّكُمْ جَنّٰتٍ

وَّيَجْعَلْ لَّكُمْ اَنْهٰرًا ؕ﴿۱۲﴾ مَا لَكُمْ لَا تَرْجُوْنَ لِلّٰهِ وَقَارًا ۚ﴿۱۳﴾

(અર્થાત :) હઝરત નૂહ અલયહિસ્સલામે પોતાની કૌમથી ફરમાવ્યું, તેમણે કહ્યું, પોતાના રબથી માફી માંગો. તે બહુ જ જલ્દી માફ કરી દેનાર છે. તમારી ઉપર ઝોરદાર વરસાદ મોકલશે, અને માલ તથા ઔલાદથી તમારી મદદ કરશે, અને તમારા માટે બાગ બગીચા બનાવશે, તમારા માટે નહેરો વહાવી દેશે. તો તમે શા માટે પોતાના રબથી ઈઝ્ઝત નથી માંગતા.

૧ હઝરત હસન રદિયલ્લાહ અન્હુથી રિવાયત છે કે એક શખ્સ આપની પાસે આવ્યો, તેણે વરસાદ ઓછા હોવાની ફરિયાદ કરી. આપે તેને તૌબા કરવાનો હુકમ કર્યો.

૨ ત્યાર બાદ બીજો શખ્સ આવ્યો. તેણે નાણાં ભીડ અને ઓછી કમાઈની ફરિયાદ કરી. આપે તેને તૌબા કરવાનો હુકમ કર્યો.

૩ ત્યાર બાદ એક ત્રીજો શખ્સ આવ્યો. તેણે ઔલાદ ન હોવાની ફરિયાદ કરી. આપે તેને પણ તૌબા ઈસ્તિગ્ફાર કરવાનું કહ્યું.

૪. ત્યાર બાદ ચોથો શખ્સ આવ્યો. તેણે પોતાની ઝમીનમાં ઓછી પૈદાવારની ફરિયાદ કરી. આપે તેને પણ તૌબા કરવાનો હુકમ કર્યો.

હઝરત રબીઅ બિન સૌબહ, જે હાજર હતાં, તેમણે સરકારથી પુછ્યું, યા ઈબ્ને રસૂલિલ્લાહ ! લોકો અલગ અલગ ફરિયાદ લઈને આવતા રહ્યાં. આપે દરેકને એક જ ઈલાજ બતાવ્યો. તો સરકારે તેમની સામે સૂરએ નૂહની આ આયાત તિલાવત કરી.

યાને રોઝી, વરસાદ, ખેતીવાડી, ઔલાદની જરૂરત માટે તૌબા ઈસ્તિગફાર કરવો એ કુરઆની અમલ છે અને તેનાથી ઈઝ્ઝત પણ વધે છે. પરંતુ સાચી તૌબા ઝરૂરી છે. જેવું કે સૂરએ તહરી, આયત નં. ૮ માં અલ્લાહ તઆલા ફરમાવે છે,

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا تُوْبُوْۤا اِلَى اللّٰهِ تَوْبَةً نَّصُوْحًا ؕ

અર્થાત : અય ઈમાનવાળાઓ ! અલ્લાહની તરફ એવી તૌબા કરો, જે આગળની તરફ નસીહત બની જાય.

એવી તૌબા કરો કે ફરી ગુનાહની તરફ ન પલ્ટો, ફરી તૌબા કરવાની જરૂરત ન પડે.

## નમાઝ બાદ દુઆ કરે.

પારહ-૩૦, અલમ નશરહ, આયત નં. ૭/૮

فَإِذَا فَرَغْتَ فَانْصَبْ ۝ وَإِلَىٰ رَبِّكَ فَارْغَبْ ۝

(અર્થાત :) તો જ્યારે તમે નમાઝ પઢી ચુકો, તો દુઆ કરો, અને પોતાના રબની તરફ જ તવજ્જોહ રાખો.

બંદાઓએ નમાઝથી ફારિગ થયા બાદ અલ્લાહ તઆલાની હમ્દો સના કર્યા બાદ અલ્લાહથી દુઆ કરવી જોઈએ અને દુઆની આગળ તથા પાછળ દરૂદ શરીફ પઢવું જોઈએ.

## માફી માંગવાનાં ફાયદો

પારહ ૧૯, સૂરએ ફુરકાન, આયત નં. ૭૦

إِلَّا مَنْ تَابَ وَآمَنَ وَعَمِلَ عَمَلًا صَالِحًا فَأُولَٰئِكَ يُبَدِّلُ اللَّهُ سَيِّئَاتِهِمْ حَسَنَاتٍ ۗ وَكَانَ اللَّهُ غَفُورًا رَحِيمًا ۝

(અર્થાત :) સિવાય એના કે જે તૌબા કરે, ઈમાન લાવે, નેક આમાલ કરે, તો એવાઓની બુરાઈઓને અલ્લાહ નેકીઓથી બદલી આપશે અને અલ્લાહ બખ્શવાવાળો મહેરબાન છે.

જેઓ ગુનાહનાં બાદ સાચી તૌબા કરે છે, પસ્તાવો કરે છે અને ફરી ગુનાહથી બચવાની સાચી નિયત કરે છે, તેમને અલ્લાહ તૌબાની તૌફીક આપીને તથા તૌબા કબૂલ કરીને ઈમાનની તાઝગી અતા ફરમાવે છે અને પોતાની તરફથી વધુ અતા ફરમાવે છે.

મુસ્લિમ શરીફની હદીસમાં છે કે કયામતનાં દિવસ એક શખ્સને બોલાવવામાં આવશે. તેનું આમાલનામું તેના હાથમાં આપવામાં

આવશે. ફરિશ્તાઓ તેને તેના ગુનાહ યાદ અપાવશે. તે ઈકરાર કરશે. નાના નાના ગુનાહનો ઈકરાર કરતા સમયે મોટા ગુનાહને મનમાં યાદ કરી ડરતો રહેશે. ત્યારબાદ તેને કહેવામાં આવશે કે દરેક ગુનાહના બદલામાં (તૌબાનાં કારણે) તને એક એક નેકી આપવામાં આવી. તો તે અર્ઝ કરશે, હજુ તો થોડા ગુનાહ વધારે છે. સરકારે આ બયાન ફરમાવતા સમયે અલ્લાહ તઆલાની શાને કરીમી પર ખુશી જાહેર કરી.

જો કે અલ્લાહ માફ કરનાર છે, તેમ સમઝીને ગુનાહ કરવા તે બહુ મોટો ગુનાહ છે. તૌબા કરી તેના પર કાયમ રહેવું જરૂરી છે. તૌબાના બાદ સવાલ કરવો તે યકીનન કબૂલિયતનો દરજ્જો છે.

## વિભાગ-૨

# નબીઓ તથા નેક લોકોની માંગેલ દુઆ

## સૈયદના હઝરત આદમ અલયહિસ્સલામની દુઆ કબુલ થવાનો બનાવ

શયતાન મર્દૂદ હઝરત આદમ અલયહિસ્સલામને ધોખા ફરેબથી મનાઈ કરેલ ઝાડનું ફળ ખવડાવી દેતા અને હઝરતથી લગ્ઝીશ થવાથી એ ફળ (ઘઉં અથવા સફરજન) ચાખી લેતાં અલ્લાહ તઆલાએ આપને તથા માં હવ્વાને જન્નતમાંથી દુનિયામાં ઉતારી દિધાં. એ બનાવનો કુર્આનમાં આ પ્રમાણે ઝિક્ર છે,

وَقُلْنَا يَآدَمُ اسْكُنْ أَنْتَ وَزَوْجُكَ الْجَنَّةَ وَكُلَا مِنْهَا رَغَدًا حَيْثُ شِئْتُمَا ۖ وَلَا تَقْرَبَا هَٰذِهِ الشَّجَرَةَ فَتَكُونَا مِنَ الظَّلِمِينَ ۝

(અને અમે ફરમાવ્યું, અય આદમ ! તૂં અને તારી બીવી જન્નતમાં રહો અને વગર રોકટોક આમાંથી જે ચાહે તે ખાતા રહો, સિવાય એ કે તે ઝાડની પાસે ન જશો કે હદથી વધી જનાર થઈ જશો. (અલ બકરહ-૩૫)

અને જ્યારે હઝરતથી ભૂલ થઈ અને એ ઝાડમાંથી ચાખી લિધું, તો અલ્લાહનાં હુકમથી આપને ઝમીન પર મોકલી દેવાયા. જન્નતથી નિકળતા સમયે બીજી નેઅમતોની સાથે અરબી ઝબાન પણ આપને ભુલાવી દેવાઈ અને તેના બદલે સુરયાની ઝબાન જારી કરી દેવામાં આવી. હઝરત આદમ અલયહિસ્સલામ હિન્દુસ્તાનની સરઝમીન પર શ્રીલંકાનાં પહાડો પર અને માં હવ્વાને જિદ્દાહમાં ઉતારવામાં આવ્યાં. હઝરત આદમ અલયહિસ્સલામે ઝમીન પર આવવાનાં બાદ ત્રણસો

(૩૦૦) વર્ષ સુધી શરમથી આસમાનની તરફ માથુ ઊંચુ ન કર્યુ અને આપ સતત રડતા રહ્યાં. જો કે હઝરત દાઉદ અલયહિસ્સલામનો લકબ "કસીરુલ બુકા" છે. આપના આંસૂ તમામ દુનિયાવાળાઓનાં આંસુથી વધારે છે. પરંતુ હઝરત આદમ અલયહિસ્સલામનાં આંસૂ હઝરત દાઉદ અલયહિસ્સલામ અને તમામ દુનિયાવાળાનાં આંસૂઓ કરતા પણ વધારે છે. આપ તૌબાની ફિક્રમાં પરેશાન હતાં. આ પરેશાનીનાં આલમમાં આપને યાદ આવ્યું કે પૈદાઇશનાં સમયે જ્યારે તેમણે અર્શની તરફ જોયું, તો ત્યાં લખેલ હતું,

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ

તો આપને સમજાયું કે બારગાહે ઈલાહીમાં જે મકામ સરકારનો છે, તે બીજા કોઈનો નથી. તો આપે સરકારનાં વસીલાથી બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં દુઆ કરી, જેનો ઉલ્લેખ અલ્લાહ તઆલાએ કુરઆને કરીમમાં આ શબ્દોથી કર્યો.

فَتَلَقّٰٓى اٰدَمُ مِنْ رَّبِّهٖ كَلِمٰتٍ فَتَابَ عَلَيْهِ ؕ
اِنَّهٗ هُوَ التَّوَّابُ الرَّحِيْمُ ۝

(અલ બકરહ, આયત નં. ૩૭)

(તર્જમો) પછી આદમે પોતાના રબથી થોડા કલેમાત સીખી લિધા. તો અલ્લાહે તેમની દુઆ કબૂલ કરી.

દુઆ કબૂલ થવાનો બનાવ આવી રીતે બન્યો કે જ્યારે હઝરત આદમ અલયહિસ્સલામે અલ્લાહ તઆલાથી દુઆ કરી,

رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا ٚ وَاِنْ لَّمْ تَغْفِرْ لَنَا

وَتَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ۝

અને પૂરી આયતની સાથે આ શબ્દો વડે અર્ઝ કરી

اَسْئَلُكَ بِحَقِّ مُحَمَّدٍ اَنْ تَغْفِرَ لِیْ

અને ઈબ્ને મુન્ઝરની રિવાયતમાં આ શબ્દો છે કે

اَللّٰهُمَّ اِنِّیْۤ اَسْئَلُكَ بِجَاهِ مُحَمَّدٍ عَبْدِكَ وَ كَرَامَتِهٖ عَلَيْكَ

اَنْ تَغْفِرَ لِیْ خَطِيْئَتِیْ ۝

(યાને) યા અલ્લાહ ! હું તારાથી તારા બંદ-એ-ખાસ મુહંમદ મુસ્તફા (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ)ની જાહો મર્તબતનાં તુફેલ અને તેમને તારી બારગાહમાં જે કરામત હાસિલ છે, તેના સદકામાં તારાથી મગ્ફિરત ચાહું છું. આ દુઆ કરતાંની સાથે જ અલ્લાહ તઆલાએ આપની દુઆ કબૂલ ફરમાવી અને આપની મગ્ફિરત ફરમાવી.

<u>ફાયદો :</u> આનાથી સાબિત થયું કે હઝરત આદમ અલયહિસ્સલામની પૈદાઈશનાં પહેલાથી જ સરકાર (સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમ) અલ્લાહનાં રસૂલ હતાં. એ પણ સાબિત થયું કે અલ્લાહની બારગાહનાં મકબૂલ બંદાઓનાં વસીલાથી દુઆ માંગવી એ સુન્નતે પૈગમ્બર છે. હઝરત આદમ અલયહિસ્સલામની દુઆ / તૌબા દસમી મોહર્રમના દિવસે કબૂલ થઈ.

તૌબાની અસ્લ અલ્લાહની તરફ રજૂ થવું એ છે અને તેના ત્રણ રુકન છે.

(૧) ગુનાહનું સ્વીકારવું યાને એમ કહેવું કે યા રબ મારાથી ભુલ થઈ.

(૨) શર્મીન્દગી યાને નદામત / પછતાવો. અને

(૩) હવે ગુનાહ નહીં કરવાનો પાકકો ઈરાદો અને ગુનાહથી બચવું.

જો અબુલ-બશર સૌથી પહેલા ઈન્સાન પણ સરકારનાં વસીલાથી દુઆ કરે છે અને અલ્લાહ તઆલા આપની એ અદા પસંદ ફરમાવે છે, તો આપણે પણ આપણી હાજતનાં સમયે સરકારનાં વસીલાથી દુઆ કરતા રહેવું જોઈએ.

## બની ઇસરાઈલનું નબીએ કરીમનાં વસીલાથી દુઆ કરવું.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ફરમાવે છે.

وَكَانُوا مِنْ قَبْلُ يَسْتَفْتِحُونَ عَلَى الَّذِينَ كَفَرُوا

(અર્થાત) અને આના પહેલા તેઓ આ નબીનાં વસીલાથી કાફિરો પર ફતેહ માંગતા હતાં. (પારહ ૧, અલ-બકરહ, આયત નં. ૮૯)

તે એવી રીતે કે સૈયદુલ-અંબિયા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનાં દુનિયામાં તશરીફ લાવવાનાં પહેલા અને કુરઆને કરીમનાં નાઝિલ થવાનાં પહેલા યહૂદીઓ પોતાની ઝરૂરતોનાં સમયે હુઝૂરેપાકનાં નામે પાકનાં વસીલાથી દુઆ કરતા હતાં અને કામિયાબ થતા હતાં. જ્યારે કાફિરોથી લડાઈ થતી, તો આ શબ્દો વડે દુઆઓ કરતા હતાં.

اَللّٰهُمَّ افْتَحْ عَلَيْنَا وَانْصُرْنَا بِالنَّبِيِّ الْاُمِّيِّ

(અર્થાત) યા અલ્લાહ ! અમોને નબીયે ઉમ્મીનાં સદ્કામાં ફતેહ અને નુસરત (વિજય અને મદદ) અતા ફરમાવ !

આનાથી સાબિત થયું કે અલ્લાહનાં મકબૂલ બંદાઓનાં વસીલાથી દુઆ કબૂલ થાય છે. એ પણ સાબિત થયું કે આપના દુનિયામાં આવવાનાં પહેલા પણ આપની ચર્ચા હતી અને તે સમયે પણ સરકારનાં વસીલાથી દુઆ કબૂલ થતી હતી.

# હઝરત સઅદ ઇબ્ને વકાસને સરકારની નસીહત

પારહ-૨, અલ બકરહ, આયત નં. ૧૬૮ માં અલ્લાહ રબ્બુલ-ઈઝ્ઝત ફરમાવે છે.

يَاَيُّهَا النَّاسُ كُلُوْا مِمَّا فِي الْاَرْضِ حَلٰلًا طَيِّبًا ۖ وَّلَا تَتَّبِعُوْا خُطُوٰتِ الشَّيْطٰنِ ؕ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿۱۶۸﴾

(અર્થાત) અય લોકો ! જે કંઈ ઝમીનમાં હલાલ પાકીઝા છે, તે ખાવ અને શૈતાનનાં કદમ પર ન ચાલો કે તે તમારો ખુલ્લો દુશ્મન છે."

એક હદીસમાં છે કે ઈબ્ને અબ્બાસ રદિયલ્લાહુ ફરમાવે છે કે મેં આ આયત સૈયદે આલમ સલ્લલ્લાહુ અલયહે વસલ્લમની સામે તિલાવત કરી, તો હઝરત સઅદ બિન અબી વકાસ રદિયલ્લાહ અન્હોએ ઉભા થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! દુઆ કરો કે અલ્લાહ મને "મુસ્તજાબુદઅવાત" કરી દે. સરકારે ફરમાવ્યું, અય સઅદ! પોતાની ખોરાક પાક કરો ! મુસ્તજાબુદઅવાત થઈ જશો. એ ઝાતે પાકની કસમ ! જેના કબ્ઝામાં મોહંમદ (સલ્લલ્લાહુ અલયહે વસલ્લમ)ની જાન છે, ઈન્સાન પોતાના પેટમાં હરામનો એક નિવાલો નાંખે છે, તો ચાલીસ દિવસ સુધી તેની કોઈ દુવા કબૂલ નથી થતી. એક બીજી હદીસમાં છે કે જે ગોશ્ત હરામ ખોરાક વડે બન્યું, જહન્નમની આગમાં બળવા સિવાય તેનો કોઈ ઈલાજ નથી.

આપણે ગૌરો ફિક્ર કરીએ અને આપણી કમાઈ પાક કરીએ. આજે કૌમમાં હરામની અધિકતા છે. અલ્લાહ તૌબાની તૌફીક આપે. હલાલ ખોરાકમાં જિસ્મની પાકીઝગી અને રૂહની તથા બાતિનની પાકીઝગી બન્ને છે. જેનું ઝમીર મુર્દા નથી થતું, તેની દુઆ કબૂલ થાય છે.

# હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામની દુઆ મુર્દા સાંભળે છે.

પારહ-૩, અલ-બકરહ, આયત નં. ૨૬૦

وَإِذْ قَالَ إِبْرٰهِمُ رَبِّ أَرِنِي كَيْفَ تُحْيِ الْمَوْتٰى ط

(અર્થાત) જ્યારે ઈબ્રાહીમે પોતાના રબથી સવાલ કર્યો, અય મારા રબ ! તૂ મને બતાવી દે કે તૂ મુર્દા કેવી રીતે જિવાડે છે?

તફસીર લખનાર મુફસ્સિરીને કિરામ લખે છે કે સમુદ્ર કિનારે એક શખ્સ મરેલ પડ્યો હતો. ભરતી અને ઓટનાં કારણે દરિયાનું પાણી ચડતું ઉતરતું રહે છે. જ્યારે ભરતી આવતી, તો સમુદ્રની માછલીઓ એ લાશમાંથી ખાતી. જ્યારે પાણી ઉતરી જતું, તો જંગલી જાનવરો તેને ખાતાં. જ્યારે જાનવરો ચાલ્યા જતાં, તો પક્ષીઓ તેમાંથી ખાતાં. જ્યારે સૈયદના હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે આ જોયું, તો આપને શોખ પૈદા થયો કે જોઉં કે અલ્લાહ મુર્દાઓને કઈ રીતે જિવાડશે? તો આપે અલ્લાહથી દુઆ કરી.

અલ્લાહ તઆલાનાં હુક્મથી હઝરતે ચાર પક્ષીઓ લીધાં. (૧) કબૂતર (૨) મુર્ગ (૩) કાગડો અને (૪) મોર. અલ્લાહ તઆલાનાં હુક્મથી આપે તેમને ઝિબહ કર્યા. તેના પીછાં-પાંખો અલગ કરી તેના ટુકડે ટુકડા કરી બોટી બોટી કરી તેને એવા મેળવી દીધાં કે ઓળખી પણ ન શકાય કે કયો ટુકટો કોનો છે? ત્યારબાદ તેને ચાર યા દસ પહાડો પર મુકી દીધાં. ત્યાર બાદ હઝરતે તે પક્ષીઓને પોકાર્યા, તો તેઓ જિવંત થઈને દોડતા આવી ગયાં.

હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામનાં આ વાકેયા પર ગૌરો ફિક્ર

કરવાથી એ હકીકત ખુલીને સામે આવી ગઈ કે મુર્દા સાંભળે છે, સમજે છે અને દોડીને આવે પણ છે. જ્યારે મુર્દા પક્ષીઓ સાંભળે છે, તો શું અલ્લાહનાં મહબૂબ બંદાઓનાં બારામાં જે લોકો એ અકીદા રાખે છે કે વફાતશુદા બુઝુર્ગો નથી સાંભળતાં, તેમની અક્લોનું શુ કહેવું?

હઝરતનું મરેલા પક્ષીઓને "યા" વડે પોકારવું એ વાતની દલીલ છે કે "યા" વડે નિદા કરવાથી શિર્ક નથી થતું. મરેલા પરીન્દાને "યા" વડે પોકારી શકાય, તો ઝિન્દા વલીને, રસૂલને "યા રસૂલલ્લાહ !" કહેવાથી શિર્ક કઈ રીતે થઈ જશે? પરંતુ બદઅકીદા લોકોનાં નઝદીક આ શિર્ક છે. ખરેખર,

ખુદા જબ દીન લેતા હૈ, તો અક્લેં છીન લેતા હૈ.

## હઝરત ઝકરિય્યા અલયહિસ્સલામની ઔલાદ માટેની દુઆ

પારહ-૩, આલિ ઈમરાન, આયત નં. ૩૮

هُنَالِكَ دَعَا زَكَرِيَّا رَبَّهٗ ۚ قَالَ رَبِّ هَبْ لِيْ مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً طَيِّبَةً ۚ اِنَّكَ سَمِيْعُ الدُّعَآءِ ﴿۳۸﴾

(અર્થાત) ઝકરિય્યાએ પોતાના રબને પોકાર્યો, કહ્યું, અય મારા રબ ! મને પોતાની તરફથી એક પાકીઝા ઔલાદ અતા કર ! કે બેશક તૂં જ દુઆ સાંભળનાર છે.

જ્યારે હઝરત મરયમ મસ્જિદે અક્સામાં હઝરત ઝકરિય્યાની કિફાલતમાં હતાં અને જ્યારે જ્યારે આપ હઝરત મરયમની નમાઝ પઢવાની જગ્યાએ જતાં, તો તેની પાસે નવું રિઝક વગર મૌસમનાં ફળો જોતાં. એક વખત આપે મરયમને પુછ્યું, અય મરયમ ! આ તારી પાસે

ક્યાંથી? ફરમાવ્યું, આ અલ્લાહની તરફથી છે. બેશક ! અલ્લાહ જેને ચાહે, તેને બેહિસાબ આપે. આપે જ્યારે હઝરત મરયમનો અલ્લાહની બારગાહમાં ઉચ્ચ મકામ અને મરયમની કરામત જોઈ, તો આપે અલ્લાહથી દુઆ કરી, અય અલ્લાહ ! મને એવી ઔલાદ અતા કર, જે નેક, સાલેહ, મુબારક, પરહેઝગાર, બરગુઝીદા અને ગુનાહોની ગંદકીથી પાક હોય.

નબી મુસ્તજાબુદઅવાત હોય છે. પરંતુ આપ આના પહેલાં ખામોશ રહ્યાં અને પોતાની ઝબાન ન ખોલી. અને જ્યારે આપે હઝરતે મરયમ પર અલ્લાહ તબારક વ તઆલાની બેહિસાબ બરકતો જોઈ, તો આપે બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં પોતાની દરખ્વાસ્ત નમ્રતાની સાથે પૈશ કરી.

આમાં આપણા માટે પણ નસીહત છે કે અમો પણ અવલિયા અલ્લાહનાં મુકદ્દસ મકામાતની નઝદીક જઈ અલ્લાહ તઆલા પાસે આપણી રજુઆત નમ્રતા અને આજીજી સાથે કરીએ.

## હઝરત ફારૂકે આઝમ રદિયલ્લાહ અન્હુની દુઆ

પારહ-૪, આલિ ઈમરાન, આયત નં ૧૮૫,

كُلُّ نَفْسٍ ذَآئِقَةُ الْمَوْتِ ؕ

(અર્થાત) દરેક જીવે મોતની મઝા ચાખવાની છે.

પારહ-૪, આલિ ઈમરાન, આયત નં ૧૫૬

وَاللّٰهُ يُحْيٖ وَيُمِيْتُ ؕ

(અર્થાત) અલ્લાહ જિવાડે છે અને મારે છે.

મૌતની મહોબ્બત અને પરવરદિગારની મુલાકાતનો શોખ,

અલ્લાહ તઆલાનાં મકબૂલ બંદાઓનો તરીકો છે. હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહુ અન્હુ દરેક નમાઝનાં બાદ આ દુઆ ફરમાવતા હતાં.

اَللّٰهُمَّ ارْزُقْنِيْ شَهَادَةً فِيْ سَبِيْلِكَ وَوَفَاةً بِبَلَدِ رَسُوْلِكَ

(અર્થાત) અય અલ્લાહ ! મને તારી રાહમાં શહાદત અને તારા રસૂલનાં શહેર (મદીના)માં મૌત નસીબ કર ! તમામ સહાબાએ કિરામ તથા ખાસ કરીને શોહદાએ બદ્ર તથા ઓહદ અને બયઅતે રિદવાનવાળાઓ મૌત ફી સબીલિલ્લાહની મહોબ્બત રાખતા હતાં.

હઝરત સઅદ ઈબ્ને અબી વકાસ રદિયલ્લાહ તઆલા અન્હોએ કાફિરોનાં લશ્કરનાં સરદાર રુસ્તમને જે પત્ર લખ્યો, તેમાં લખ્યું કે "ઈન્ન મઅના કૌમન યુહિબ્બુનલ મૌત કમા યુહિબ્બુલ આજિમુલ ખમ્ર"
(અર્થાત) મારી સાથે એક એવી કૌમ છે, જે મૌતને એટલું પ્રિય રાખે છે, જેટલું તમે લોકો શરાબની મસ્તીને પ્રિય રાખો છો.

ટૂંકમાં, અહલે ઈમાન અને તેમાં ખાસ અહલુલ્લાહ મૌતને મહબૂબની મુલાકાતનો ઝરીયો સમજીને મહબૂબ રાખે છે.

**મસ્અલો :** કોઈ દુનિયવી મુસીબતથી તંગ આવી જઈને મૌતની તમન્ના ન કરવી જોઈએ કે આ નાજાઈઝ છે. તેવી જ રીતે આપઘાત વિગેરે મરવું જાઈઝ નથી. આ અમલ માણસને જહન્નમની તરફ લઈ જાય છે. આજે અમુક લોકો સ્યુસાઇડ બોમ્બર બને છે અને અનેક નિર્દોષ, બેગુનાહ લોકોને મારીને પોતાને ખતમ કરી નાંખે છે. આ ઈસ્લામ નથી. આ ખુદકુશી છે. મૌતને યાદ કરવું અલગ વાત છે. જે લોકો રોજ ૨૦ વખત મૌતને યાદ કરે છે, અગર તેઓ બિસ્તરમાં પણ મરશે, તો પણ શહીદનો સવાબ મેળવશે. મૌતની યાદ દુનિયાની મહોબ્બત ઘટાડે છે. દિલોને મૌમ

બનાવે છે.

સૈયદના ફારૂકે આઝમની શહાદત અને મદીના મુનવ્વરામાં મરવાની દુઆ આપણે પણ હમેશા હર નમાઝના બાદ માંગતા રહીએ.

## મક્કાનાં મઝલૂમ અને કમઝોર મુસલમાનોની દુઆ

પારહ-૫, સૂરએ નિસા, આયત નં.૭૫

يَقُوْلُوْنَ رَبَّنَآ اَخْرِجْنَا مِنْ هٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ اَهْلُهَا ۚ وَاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ وَلِيًّا ۚ وَّاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ نَصِيْرًا ۝

(અર્થાત) અય અલ્લાહ ! અમને તે શહેરમાંથી નિકાળ કે જેના લોકો ઝાલિમ છે અને અમને તારી પાસેથી કોઈ હિમાયતી દે અને અમને તારી પાસેથી કોઈ મદદગાર દે !

સરકારે દો આલમની હિજરતનાં બાદ અને ફત્હે મક્કા પહેલા જે કમઝોર મુસલમાનો મક્કામાં રહી ગયા, તેમના પર મક્કાનાં કુરૈશીઓ, મુશ્રિકો બેહદ ઝુલ્મો કરતા હતાં. આ તે સમયની દુઆ છે, જેનો ઉલ્લેખ અલ્લાહ તઆલાએ પોતાના કુર્આનમાં કર્યો. આમાં એ લોકો અલ્લાહ પાસે કોઈ મદદગાર-હિમાયત કરનાર માંગી રહ્યા છે કે તૂ તારા બંદાઓમાંથી કોઈને અમારી મદદગાર બનાવી દે. જે લોકો/ જે કૌમ અલ્લાહ સિવાયનાંથી મદદ લેવાને કે મદદ માંગવાને શિર્ક સમજે છે, તેઓ આ આયત પરથી કંઈક સમઝ હાસિલ કરે, કે ગયરુલ્લાહની ઈબાદત કરવી, તેને અલ્લાહની બરાબર સમઝવું શિર્ક છે. મદદ માંગવી, મદદ કરવી તે શિર્ક નથી. હમેશા અલ્લાહ તઆલાએ પોતાના કમઝોર બંદાઓની મદદ બંદાઓથી કરાવી છે.

એ પણ સાબિત થયું કે જ્યાં રહીને દીન પર અમલ કરવો મુશ્કિલ થઈ જાય અથવા જ્યાં ઈન્સાનનાં જાન અને માલની હિફાઝત કરવી મુશ્કિલ બની જાય, તો તે ઝમીન, વતન છોડી દેવું જોઈએ.

## સૈયદના હઝરત મુસા અલયહિસ્સલામની દુઆ

પારહ-૬, અલ માઈદહ, આયત નં. ૨૫,

قَالَ رَبِّ إِنِّي لَآ أَمْلِكُ إِلَّا نَفْسِي وَأَخِي فَافْرُقْ بَيْنَنَا وَبَيْنَ
الْقَوْمِ الْفَٰسِقِينَ ۝

(અર્થાત) હઝરત મૂસાએ અર્ઝ કરી, અય મારા રબ ! મને મારી જાતનાં અને મારા ભાઈ સિવાયનાં કોઈનો અધિકાર ઈખતિયાર નથી. તો તૂં અમને આ નાફરમાનોથી જુદા રાખ !

જ્યારે બની ઈસરાઈલની નાફરમાનીયો હદથી વધી ગઈ અને જ્યારે તેમણે પોતાના રસૂલનાં કહેવાથી અને અલ્લાહ તઆલાનાં હુકમથી કાફિર કૌમની સાથે લડવાનો ઈન્કાર કરી દીધો, તો હઝરત મૂસાએ અલ્લાહ તઆલાથી ઉપર મુજબની દુઆ કરી.

આનાથી સાબિત થયું કે જ્યારે તમારી આસપાસમાં ઝુલ્મો સિતમ હદથી વધી જાય, લોકો અલ્લાહનાં દીન તથા શરઈ હુક્મથી ઐલાનિયા બગાવત કરે, તો પહેલા તો તેમને નસીહત કરો. છતાં જો લોકો ગુનાહ ન છોડે, તો યા તો તેમને પોતાનાથી દૂર કરી દો અથવા તમો તેમનાથી અલગ થઈ જાવ. કારણ કે પારા-૯, સૂરએ અન્ફાલ, આયત નં. ૨૫ માં અલ્લાહ ઈર્શાદ ફરમાવે છે,

وَاتَّقُوا فِتْنَةً لَّا تُصِيبَنَّ الَّذِينَ ظَلَمُوا مِنكُمْ خَاصَّةً ۚ

(અર્થાત) અને એ ફિત્નાથી ડરતા રહો, જે હરગિઝ તમારામાંથી ખાસ ઝાલિમોને જ નહીં પહોંચે.

મતલબ કે અગર અઝાબે ઈલાહી કહેર યા ગઝબની સૂરતમાં નાઝિલ થશે, તો તેમા સારા અને ખરાબ બધા જ સપડાઈ જશો.

અને ઝાલિમોથી દૂરી અપનાવવી એ સુન્નતે અંબિયા, સુન્નતે અવલિયા અને સુન્નતે સ્વાલેહીન પણ છે. અને બેશક ! અલ્લાહ જ વધારે જાણનાર છે.

અને અલ્લાહ ફરમાવે છે. (તૌબા-૧૧૯) અય ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને સાચાઓની સાથે થઈ જાવ અને ઝુઠાઓથી તથા ઝાલિમોથી દૂર રહો.

અલ્લાહ તઆલા સૂરએ અઅરાફ, આયત નં ૪૭ માં ફરમાવે છે,

رَبَّنَا لَا تَجْعَلْنَا مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ۠

(અર્થાત) અય અમારા રબ! અમોને ઝાલિમોની સાથે ન રાખ !

## હઝરત ઈસા અલયહિસ્સલામની દુઆ

પારહ ૭, અલ માઈદહ, આયત નં. ૧૧૪, રબ્બે કાનાત ઈર્શાદ ફરમાવે છે.

قَالَ عِيْسَى ابْنُ مَرْيَمَ اللّٰهُمَّ رَبَّنَآ اَنْزِلْ عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا عِيْدًا لِّاَوَّلِنَا وَاٰخِرِنَا وَاٰيَةً مِّنْكَ ۚ وَارْزُقْنَا وَاَنْتَ خَيْرُ الرّٰزِقِيْنَ

(અર્થાત) અય અલ્લાહ ! અય અમારા રબ ! અમારા ઉપર આસ્માનથી એક થાળ ઉતાર, કે અમારા માટે ઈદ બને અમારા આગલાઓની તથા

અમારા પાછલાઓની, અને તારા તરફથી નિશાની. અને અમને રિઝ્ક આપ કે તૂ સહુથી બેહતર રોઝી આપનાર છે.

હઝરત ઈસા અલયહિસ્સલામે પોતાના હવારીયોનાં કહેવાથી પોતાના રબથી ઉપર મુજબ દુઆ કરી કે અલ્લાહ તેમના ઉપર જન્નતનાં ખાણાંનો એક થાળ ઉતારે અને એ અલ્લાહ તઆલાની કુદરત અને સૈયદના હઝરત ઈસા અલયહિસ્સલામની નબુવ્વતની નિશાની બને અને થાળ ઉતરવાનો દિવસ કૌમે બની ઇસ્રાઈલ માટે ઈદ બને. યાની જે દિવસે થાળ ઉતરે, તે દિવસે કૌમનાં આગળનાં પાછળનાં બધા માટે હમેશા ઈદની ખુશી મનાવવાનું કારણ બને. સુબ્હાનલ્લાહ!

જો એક થાળનું ઉતરવું અલ્લાહનાં ફઝલની નિશાની અને પૂરી કૌમનાં માટે ઈદ મનાવવાનું કારણ બનતું હોય, તો સરકારે દો આલમનું તશરીફ લાવવું, તે કેટલો મોટો ફઝલ છે. અને તે ખાસ દિવસે ઈદ મનાવવું બિદઅત કઈ રીતે થઈ ગયું? અલ્લાહ સમજ અતા ફરમાવે.

અલ્લાહની નેઅમતે ખાસ ઉતરવાનાં દિવસે ખુશી મનાવવા માટે આ સિવાય પણ ઘણી કુરઆની દલીલો છે. જેવું કે સૂરએ યૂનુસ, આયત નં. ૫૮ માં રબ્બે કાઇનાત ઈર્શાદ ફરમાવે છે કે,

قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا ط

(અર્થાત) અલ્લાહનો જ ફઝલ અને તેની રહેમત અને તેના પર જ ખુશી કરવી જોઈએ.

"ફરહ" કોઈક પ્યારી અને મહબૂબ ચીઝનાં મેળવવાથી જે ખુશી થાય, તેને કહે છે. મતલબ એ કે ઈમાનવાળાઓએ અલ્લાહનાં ફઝ્લ અને રહમત પર ખુશ થવું જોઈએ. અને સરકારનું આ દુનિયામાં આવવું

તે મોમિન માટે ખરેખર મોટી ખુશી છે.

અલ્લાહ તઆલા સૂરએ ઇબ્રાહીમ, આયત નં.૫ માં ફરમાવે છે,

وَذَكِّرْهُمْ بِاَيّٰمِ اللّٰهِ ط

(અર્થાત) અને તેઓને અલ્લાહનાં દિવસોની યાદ દેવડાવો !

હઝરત ઇબ્ને અબ્બાસ તથા અબી ઇબ્ને કઅબ તથા મુજાહિદ તથા કતાદાએ પણ "ઐયામિલ્લાહ"થી અલ્લાહની નેઅમતો ફરમાવી. અમુક મુફસ્સિરીને ફરમાવ્યું કે "ઐયામિલ્લાહ"થી એ દિવસો મુરાદ છે, જેમાં અલ્લાહે પોતાના બંદાઓ ઉપર ઇનામ કર્યા. જેવું કે બની ઇસરાઇલ પર મન્નો-સલ્વાનો ઉતરવાનો દિવસ, હઝરત મૂસા અલયહિસ્સલામ માટે દરિયામાં રસ્તો બની જવાનો દિવસ, હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ માટે આગનું ગુલઝાર બની જવાનો દિવસ, વિગેરે... સૈયદે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પૈદાઇશ મુબારક મનાવવું અથવા આપની મેઅરાજ શરીફની યાદ મનાવવી પણ "ઐયામિલ્લાહ"માં શામિલ છે.

જે લોકો "ઈદે મીલાદુન્નબી" યા "મેઅરાજે મુસ્તફા" વિગેરે મનાવવાને બિદઅત સમજે છે, તેઓ આના પરથી જરૂર બોધપાઠ લે. અને સરકારની તશરીફ આવવાની ખુશી ઝિંદગીભર હર સાલ, હર રોજ હર પળ મનાવતા રહે અને દરૂદ શરીફનાં હદીયાઓ નીછાવર કરતા રહે અને બન્ને જહાંની ખુશીઓ મેળવતા રહે.

## દુઆએ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ

પારા-૭, અલ અન્આમ, આયત નં. ૭૯,

اِنِّىْ وَجَّهْتُ وَجْهِىَ لِلَّذِىْ فَطَرَ السَّمٰوٰتِ وَالْاَرْضَ حَنِيْفًا وَّمَآ

أَنَا مِنَ الْمُشْرِكِيْنَ

(અર્થાત) મેં મારૂં રૂખ, મારો ચહેરો તેની તરફ કર્યો, જેણે આસમાન તથા ઝમીન પૈદા ફરમાવી, અને હું મુશરિકોથી નથી.

પારા-૮, અલ અન્આમ, આયત નં. ૧૬૨/૧૬૩

قُلْ إِنَّ صَلَاتِي وَنُسُكِي وَمَحْيَايَ وَمَمَاتِي لِلَّهِ رَبِّ الْعَالَمِينَ ۝ لَا شَرِيكَ لَهُ ۖ وَبِذَٰلِكَ أُمِرْتُ وَأَنَا أَوَّلُ الْمُسْلِمِينَ ۝

(યની) તમે ફરમાવો, બેશક મારી નમાઝ અને મારી કુરબાનીઓ અને મારૂં જીવવું, મારૂં મરવું, બધુ જ અલ્લાહ, જે તમામ દુનિયાવાળાનો રબ છે, તેના માટે છે. તેનો કોઈ જ શરીક નથી. મને આ જ હુક્મ કરવામાં આવ્યો અને હું બધાથી પહેલા મુસલમાન છું.

ઘણાં બધા બુઝુર્ગો, વલીઅલ્લાહની એ આદત રહી કે તેઓ તમામ નમાઝનાં પહેલા સૂરએ અન્આમની આ ત્રણ આયતો આયત નં. ૭૯, ૧૬૨ અને ૧૬૩ પઢતાં. અને આમાં અલ્લાહ સિવાયનાં તમામ મા'બૂદાને બાતિલ, જુઠા ખુદાઓનો રદ છે. અને અલ્લાહ તઆલાની યક્તાઈનો અને પોતાના બંદા હોવાનો એકરાર છે.

અને કુરબાની કરતાં સમયે જાનવર ઝિબ્હ કરતા પહેલા પણ પાછળની બન્ને આયતો આયત નં. ૧૬૨-૧૬૩ પઢવામાં આવે છે. આ સૈયદના ઈબ્રાહીમ અલયહિસ્સલામની દુઆ પણ છે અને આ ઉમ્મતે મોહંમદી માટે એક શ્રેષ્ઠ તોહફો પણ છે. સુબ્હાનલ્લાહ,

## હઝરત મૂસા અલયહિસ્સલામની દુઆ ફિરઓનીયો માટે

وَقَالَ مُوسٰى رَبَّنَآ اِنَّكَ اٰتَيْتَ فِرْعَوْنَ وَمَلَاَهٗ زِيْنَةً وَّاَمْوَالًا فِي الْحَيٰوةِ الدُّنْيَا ۙ رَبَّنَا لِيُضِلُّوْا عَنْ سَبِيْلِكَ ۚ رَبَّنَا اطْمِسْ عَلٰٓى اَمْوَالِهِمْ وَاشْدُدْ عَلٰى قُلُوْبِهِمْ فَلَا يُؤْمِنُوْا حَتّٰى يَرَوُا الْعَذَابَ الْاَلِيْمَ ﴿٨٨﴾

(અર્થાત) અને મૂસાએ અર્ઝ કરી, અય અમારા રબ ! તેં ફિરઔન તથા તેના સરદારોને સજાવટ અને દુનિયાની ઝિંદગીમાં ખૂબ માલ દિધો. અય અમારા રબ ! એટલા માટે કે તેઓ લોકોને તારી રાહથી રોકે? અય અમારા રબ ! તેમનો માલ બરબાદ કરી દે અને તેમનાં દિલ સખ્ત કરી દે, કે જ્યાં સુધી અઝાબ ન જોઈ લે, તેઓ ઈમાન ન લાવે.

અલ્લાહ તઆલાએ ફિરઔનીયોને દુનિયાવી સજાવટનો સામાન, સારા મકાનો, ઉમ્દા કપડા, સારો ખોરાક, ખેતીવાડી, બાગબગીચા, નહેરો, સોના-ચાંદી વિગેરે ખૂબ પ્રમાણમાં આપી રાખેલ. તેઓ આના પર શુક્ર કરવાના બદલે ફખ્રો તકબ્બુર અને ઘમંડ તથા બગાવત કરતા રહ્યાં અને લોકોને ઈસ્લામ તથા ઈમાનથી રોકતા રહ્યાં. જેવી રીતે આજે યહૂદી તથા મુશ્રીકો કાફિરો ઈસ્લામ દુશ્મની કરે છે તેવું કરતા રહ્યા.

જ્યારે સૈયદના મૂસા અલયહિસ્સલામ તેમના ઈમાન લાવવાથી માયૂસ થઈ ગયા તો આપે ઉપર મુઝબની દુઆ કરી અને તેમનો માલ બરબાદ થઈ ગયો અને તે કવમ દરીયાએ નીલમાં ડુબી ગઈ.

આનાથી સાબિત થયું કે ઝાલિમો તથા દીનનાં દુશ્મનોની

બરબાદી માટે બદદુઆ કરવી તે બુરૂં નથી, પરંતુ જાઇઝ છે. જે લોકો આજે દીનો સુન્નીયતની કામમાં રોડા નાંખે છે, તેમના માટે તથા ઝાલિમ હાકિમો માટે બદદુઆ થઈ શકે. અલ્લાહ પાક હરમૈન તૈયેબૈનને ઝાલિમ યહૂદીઓનાં પીઠુઓથી બચાવે. (આમીન)

## દુઆએ હઝરત યૂસુફ અલયહિસ્સલામ

પારહ-૧૨, સૂરએ યુસુફ, આયત નં. ૩૩,

قَالَ رَبِّ السِّجْنُ اَحَبُّ اِلَيَّ مِمَّا يَدْعُوْنَنِيْٓ اِلَيْهِ

(અર્થાત) અય મારા રબ ! આ ઔરત મને જે કામની તરફ બોલાવી રહી છે, તેના કરતા કેદખાનુ વધારે પસંદ છે.

અને અલ્લાહનાં મકબૂલ બંદાઓ ગુનાહથી દૂર રહેવાનું, ભલે તેના બદલે કોઈ બલા કે મુસીબત આવે, તો મુસીબત પસંદ કરી લે છે, ગુનાહ નહીં.

આ દુઆ હઝરત યૂસુફ અલયહિસ્સલામે એ સમયે કરી જ્યારે ઝુલેખાએ આપને બદકારી તરફ બોલાવ્યાં. જો આપ ઝુલેખાનો પ્રસ્તાવ સ્વીકારી લે, તો મહેલમાં રહેવાની અને ઐશો ઈશરતની ઝિંદગી હતી, અને જો ઝુલેખાની ઓફર ન સ્વીકારે, તો જેલની સખ્ત મુસીબતવાળી ઝિંદગી હતી.

આનાથી એ તાલીમ મળે છે કે ગમે તેટલી મુસીબતો પડે બંદાએ કદી ગુનાહનાં રસ્તે ચાલવું ન જોઈએ.

## દુઆએ ઇબ્રાહીમ અલયહિસ્સલામ મૂર્તિપૂજાથી બચવાના બારામાં

પારહ-૧૩, સૂરએ ઈબ્રાહીમ, આયત નં. ૩૫-૩૬,

وَإِذْ قَالَ إِبْرٰهِيمُ رَبِّ اجْعَلْ هٰذَا الْبَلَدَ اٰمِنًا وَّاجْنُبْنِيْ وَبَنِيَّ
اَنْ نَّعْبُدَ الْاَصْنَامَ ۝ رَبِّ اِنَّهُنَّ اَضْلَلْنَ كَثِيْرًا مِّنَ النَّاسِ ۚ
فَمَنْ تَبِعَنِيْ فَاِنَّهٗ مِنِّيْ ۚ وَمَنْ عَصَانِيْ فَاِنَّكَ غَفُوْرٌ رَّحِيْمٌ ۝

(અર્થાત) અને જ્યારે ઈબ્રાહીમે દુઆ કરી, અય મારા રબ ! આ શહેરને અમાનવાળું બનાવી દે અને મને તથા મારા બેટાઓને મૂર્તિ પૂજાથી બચાવી લે.

અય મારા રબ ! બેશક મૂર્તિઓએ ઘણાં બધા લોકોને ભટકાવી દિધા. તો જેણે (મૂર્તિ પૂજા છોડીને) મારો સાથ દિધો, તે તો મારા છે, અને જેણે મારૂં કહેવું ન માન્યું, તો તૂં માફ કરવાવાળો મહેરબાન છે.

પારહ-૧૩, સૂરએ ઈબ્રાહીમ, આયત નં. ૪૦-૪૧

رَبِّ اجْعَلْنِيْ مُقِيْمَ الصَّلٰوةِ وَمِنْ ذُرِّيَّتِيْ ۖ رَبَّنَا وَتَقَبَّلْ دُعَآءِ ۝
رَبَّنَا اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ ۝

(અર્થાત) અય મારા રબ ! મને નમાઝ કાયમ રાખવા વાળો બનાવ. અને મારી અમુક ઔલાદને, અને અય અમારા રબ ! મને તથા મારા માં-બાપને બખ્શી દે, અને તમામ મુસલમાનોને બખ્શી દે, જે દિવસે હિસાબ કાયમ થશે.

તમામ આમાલનાં કબુલ થવાનો દારોમદાર ઈમાન લાવવું અને અલ્લાહની ઈબાદતમાં કોઈને શરીક ન કરવું, તેમાં છે. અને તેના માટે મૂર્તિઓ, બુતોથી નફરત હોવી જરૂરી છે.

પારા-૧૫, સૂરએ કહફ, આયત નં. ૧૦,

فَقَالُوْا رَبَّنَآ اٰتِنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً وَّهَيِّئْ لَنَا مِنْ اَمْرِنَا رَشَدًا ۝

(અર્થાત) બોલ્યા, અય અમારા રબ ! અમોને તારી પાસેથી રહેમત અતા ફરમાવ અને અમારા માટે અમારા કામમાં આસાની પૈદા કરી દે.

આ દુઆ અસ્હાબે કહફે એ સમયે માંગી, જ્યારે તેઓ ઝાલિમ કાફિર બાદશાહનાં ત્રાસથી પોતાનું ઈમાન બચાવવા માટે નિકળી ગયાં અને ગુફામાં આશરો લિધો અને અલ્લાહ તઆલાએ પોતાના ફઝ્લ અને કરમથી તેમને હિદાયત તથા મદદ અને રિઝ્ક તથા મગ્ફિરત અતા ફરમાવી, તથા દુશ્મનોથી અમ્ન અતા ફરમાવ્યો. એટલું જ નહીં કયામત સુધી તેમની યાદને બાકી રાખી. તેમને નિશાની બનાવ્યાં. આજે પણ તેમની કબરો અલામત છે. તે સમયનાં લોકોએ અને બાદશાહે તેમના ફરી ઉભા થવા અને મૃત્યુનાં બાદ તેમની કબરોનાં પાસે મસ્જિદ બનાવી.

આનાથી ઘણી બધી વાતો સાબિત થઈ. એક તો એ કે બુઝુર્ગ લોકોની કબરની નિશાની રાખવી, તેમની યાદ મનાવવી, તેમની કબરો પર ગુંબદ બનાવવા જાઇઝ છે. બીજું એ કે મઝારાતની નઝ્દીક મસ્જિદ કાયમ કરવી, તે જાઇઝ છે. જેથી કરીને ફાતિહા, દુઆ તથા અલ્લાહની ઈબાદત થઈ શકે. આ બનાવનો કુરઆનમાં ઉલ્લેખ કરવો તે આ કામના સહીહ હોવાની દલીલ છે. અવલિયા અલ્લાહની યાદ મનાવવી તે અલ્લાહ તઆલાનો પસંદીદા તરીકો છે.

## દુઆએ હઝરત ઝકરિય્યા અલયહિસ્સલામ

પારહ-૧૬, સૂરએ મરયમ, આયત નં. ૨, ૬,

ذِكْرُ رَحْمَةِ رَبِّكَ عَبْدَهٗ زَكَرِيَّا ۞ اِذْ نَادٰى رَبَّهٗ نِدَآءً خَفِيًّا ۞ قَالَ
رَبِّ اِنِّيْ وَهَنَ الْعَظْمُ مِنِّيْ وَاشْتَعَلَ الرَّاْسُ شَيْبًا وَّلَمْ اَكُنْ

بِدُعَآئِكَ رَبِّ شَقِيًّا ۝ وَاِنِّىْ خِفْتُ الْمَوَالِىَ مِنْ وَّرَآءِىْ وَكَانَتِ
امْرَاَتِىْ عَاقِرًا فَهَبْ لِىْ مِنْ لَّدُنْكَ وَلِيًّا ۝ يَّرِثُنِىْ وَيَرِثُ مِنْ اٰلِ
يَعْقُوْبَ ۖ وَاجْعَلْهُ رَبِّ رَضِيًّا ۝

(અર્થાત) આ ઝિક્ર છે. તારા રબની એ રહમતનો, જે તેણે પોતાના બંદા ઝકરિય્યા પર કરી, જ્યારે તેણે પોતાના રબને આહિસ્તા (ધીમેથી) પોકાર્યો, અર્ઝ કરી, અય મારા રબ ! મારા હાડકા કમઝોર થઈ ગયા અને માથા ઉપર બુઢાપાની સફેદી છવાઈ ગઈ. અને અય મારા રબ ! હું તારાથી સવાલ કર્યા બાદ કદી ના-મુરાદ ન રહ્યો અને મને મારા બાદ મારા નઝીક્નાઓથી થોડો ડર છે. અને મારી પત્ની બે ઔલાદ છે. તો મને તારી તરફથી એવા (બેટો) અતા ફરમાવ ! જે મારો જા-નશીન બને અને ઔલાદે યાકૂબનો વારિસ બને અને અય મારા રબ ! તેને તારો મહબૂબ બનાવ !

આ એક બહેતરીન દુઆ પણ છે અને આમાં દુઆ કરવાનો તરીકો અને આપણા માટે તાલીમ પણ છે. આપે ધીમા અવાઝે દુઆ કરી. કારણકે આ અમલ રિયાકારીથી દૂર અને ઇખ્લાસથી નઝીક છે. અને આપણે જેનાથી દુઆ કરી રહ્યા છીએ, તે નઝદીક છે, દૂર નથી. હઝરત ઝકરિય્યા તે હઝરત સુલૈમાન બિન દાઉદ અલયહિમસ્સલામ ની નસલથી એક આલીશાન પયગંબર હતાં અને આપ બયતુલ મુકદસનાં ખાદીમોનાં અને મુઝાવરોનાં સરદાર અને અલ્લાહનાં પસંદીદા હતા. માટે આપનું દરેક કાર્ય પસંદીદા જ હોય. એટલે આપનો દુઆ કરવાનો તરીકો આપણી રહેબરી માટે ઉત્તમ નમૂનો છે.

આપ ફરમાવે છે, અય રબ ! જ્યારે જ્યારે મેં તારાથી દુઆ કરી, પોતાના ફઝ્લથી તે હમેશા કબૂલ ફરમાવી. આપે દુઆમાં કહ્યું કે મને એવો બેટો અતા ફરમાવ ! જે ઔલાદે યાકૂબ બિન ઈસ્હાક અલયહિસ્સલામનાં ઈલ્મ અને હિક્મતનો વારિસ થાય. હઝરત ઝકરિયાએ માલનાં વારિસ થવા માટે દુઆ નહોતી કરી. તો આપણે પણ જ્યારે ઔલાદ માટે દુઆ કરીએ કે તે ઈલ્મ સીખે, ઈલ્મ ફેલાવે અને દીનની તબ્લીગ કરે. અલ્લાહ તઆલાએ હઝરતની આ દુઆ કબૂલ કરી.

## દુઆએ સૈયદના મૂસા અલયહિસ્સલામ

પારહ-૧૬, સૂરએ તાહા, આયત નં. ૨૫થી ૨૮

رَبِّ اشْرَحْ لِيْ صَدْرِيْ ﴿٢٥﴾ وَيَسِّرْ لِيْٓ اَمْرِيْ ﴿٢٦﴾ وَاحْلُلْ عُقْدَةً مِّنْ لِّسَانِيْ ﴿٢٧﴾ يَفْقَهُوْا قَوْلِيْ ﴿٢٨﴾

(અર્થાત) અર્ઝ કરી, અય અમારા રબ ! મારા માટે મારો સીનો ખોલી આપ, અને મારા માટે મારૂં કામ આસાન કર, અને મારી ઝબાનની ગાંઠ ખોલી દે. જેથી કરીને તે લોકો મારી વાત સમઝે.

અને આ બધું એટલા માટે કે તેઓ કૌમને દીનની તરફ બોલાવે અને તેમના જ કહેવા મુજબ આયત નં. ૩૪,

كَيْ نُسَبِّحَكَ كَثِيْرًا ﴿٣٣﴾ وَّنَذْكُرَكَ كَثِيْرًا ﴿٣٤﴾

(અર્થાત) કે અમો ખૂબ જ મોટા પ્રમાણમાં તારી તસ્બીહ કરીએ અને બહુ જ વધારે તારો ઝિક્ર કરીએ. સુબ્હાનલ્લાહ,

અને આપ ફરમાવે છે આયત નં. ૮૪

وَعَجِلْتُ اِلَيْكَ رَبِّ لِتَرْضٰى ﴿٨٤﴾

(અર્થાત) ફરમાવ્યું, અય મારા રબ ! તારી તરફ હું એટલા માટે જલ્દી આવી ગયો કે તૂ રાઝી થઈ જાય.

તો આ છે પયગંબરોની દુઆ અને આ છે આપના આ'માલ.

## દુઆએ હઝરત ઐયૂબ અલયહિસ્સલામ

પારા-૧૭, સૂરએ અમ્બિયા, આયત નં. ૮૩, ૮૪

وَاَيُّوْبَ اِذْ نَادٰى رَبَّهٗۤ اَنِّىْ مَسَّنِىَ الضُّرُّ وَاَنْتَ اَرْحَمُ الرّٰحِمِيْنَ ۚۖ فَاسْتَجَبْنَا لَهٗ فَكَشَفْنَا مَا بِهٖ مِنْ ضُرٍّ وَّاٰتَيْنٰهُ اَهْلَهٗ وَمِثْلَهُمْ مَّعَهُمْ رَحْمَةً مِّنْ عِنْدِنَا وَذِكْرٰى لِلْعٰبِدِيْنَ ۝

(અર્થાત) અને ઐયૂબને યાદ કરો કે જ્યારે તેણે પોતાના રબને પોકાર્યો કે મને તકલીફ પહોંચી, અને તૂ બધા જ મહેરબાનોથી વધારે મહેરબાન છે. તો અમે તેની દુઆ સાંભળી લીધી, અને તેને જે તકલીફ હતી, તે દૂર કરી દીધી. અને અમે તેને તેના ઘરવાળાઓ અને બીજા એટલા જ વધારે અમારી રહમતથી અતા કર્યા. અને આ ઈબાદતગુઝારો માટે નસીહત છે.

પુરૂ કુરઆન મુસલમાનો માટે ખાસ નસીહત છે. અને રબ ફરમાવે છે કે અંબિયાએ કિરામનાં વાકેઆ એટલા માટે છે કે લોકો બોધ ગ્રહણ કરે, સીખે, તેમના તરીકાઓ અપનાવે.

હઝરત ઐયૂબ અલયહિસ્સલામનાં કિસ્સામાં દલીલો તથા નસીહત આમેઝ વાતો છે. કેમકે અલ્લાહ તઆલાએ તેમના ઉપર ફઝ્લે અઝીમ કરવા છતાં તેમને બલા તથા બિમારીમાં ગર્ક કર્યા. તેમણે આ આઝ્માઈશ પર સબ્ર કરી અને એક શબ્દ પણ ફરિયાદનો ઝબાન પર લાવ્યા નહી. અને આમાં ઈન્સાનો પર એ નસીહત છે કે ગમ હોય કે

ખુશી, બિમારી હોય કે તંદુરસ્તી, નફો હોય કે નુક્સાન, હર હાલતમાં બંદો અલ્લાહ તઆલાને યાદ કરે. મુસીબત પર સબ્ર કરે અને નેઅમતો પર શુક્ર કરે.

હઝરત ઐયૂબ અલયહિસ્સલામ, હઝરત ઈસ્હાક અલયહિસ્સલામ ની ઔલાદથી છે. અલ્લાહ તઆલાએ આપને દરેક ઝાતની નેઅમતો અતા ફરમાવી. ખુબસૂરત જિસ્મ, અધિક ઔલાદ, અધિક માલ (માલદારી) અતા કરી. આપને સાત દિકરાઓ અને સાત દીકરીઓ હતી અને જાનવરોની તો કોઈ ગણત્રી જ ન હતી.

જ્યારે અલ્લાહ તઆલાએ આપને આઝમાઈશમાં નાખ્યાં, તો આપના તમામ ઊંટ વીજળી પડવાથી મરી ગયા અને તમામ બકરીઓ પૂરમાં તણાઈ ગઈ. ખેતી હવાનાં વાવાઝોડા / વંટોળમાં તબાહ થઈ ગઈ. ઔલાદ દિવાલની નીચ દબાવાથી મરી ગઈ. જિસ્મ મુબારક પર ઝખ્મો થઈ ગયાં. એક માત્ર આપના પત્ની સિવાય તમામ લોકો સાથ છોડી ગયાં.

ઐયૂબ અલયહિસ્સલામે આઝમાઈશની ઝિંદગીમાં અઢાર (૧૮) વર્ષ અથવા એક રિવાયત મુજબ ૭ વર્ષ, ૭ મહીના, ૭ દિવસ પસાર થયાં. એક વખત આપના એહલિયા મોહતરમાએ અર્ઝ કરી કે આપ અલ્લાહ તઆલાથી પોતાના માટે સેહત અને આફિયતની દુઆ કરો. આપે સવાલ કર્યો. "ઐશ અને આરામમાં કેટલી ઝિંદગી વિતાવી?" બીવી સાહેબાએ જવાબ દીધો. "એંસી (૮૦) વર્ષ" આપે ફરમાવ્યું કે મને અલ્લાહ તઆલાથી શરમ આવે છે. કેમકે આરામની ઝિંદગીનાં પ્રમાણમાં દુઃખની ઝિંદગી થોડી છે. અગર સવાલ કરું, તો તે અયોગ્ય છે."

રોજ સવારનાં સમયે અલ્લાહ તઆલાની તરફથી અવાઝ આવતો કે "એ ઐયૂબ ! શો હાલ છે?" તો આપ એક ઠંડો શ્વાસ લઈને ઝૌક અને શૌખથી અર્ઝ કરતાં, કે "અય મૌલા કરીમ ! તારા આપેલ તોહફાથી હું રાઝી છું ખુશ છું."

જ્યારે સરકારની આઝમાઇશ પૂરી થઈ ચુકી, તો હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામ તશરીફ લાવ્યાં અને આપને ખામોશ જોઈને પુછ્યું કે ચુપ શા માટે બેઠા છો? આપે જવાબ દિધો કે અગર ચુપ ન રહું અને ખામોશ ન બેસું તો શું કરૂં? આપે કહ્યું કે ખુદાનાં ખઝાનામાં બલાઓ ઘણી છે. તમો તેની તાકત નથી રાખતા. તો એના પાસે આફિયત માંગો અને આપે દુઆ કરી.

અલ્લાહે આપની દુઆ કબૂલ ફરમાવી. અલ્લાહ તઆલાનાં હુકમથી આપે ઝમીન પર પગ માર્યો, તો પાણીનું એક ઝરણું વહેતું થઈ ગયું. અલ્લાહનાં હુકમથી તે પાણી વડે ગુસ્લ કરવાથી આપની બિમારી દૂર થઈ ગઈ. પછી બીજી વાર ઝમીન પર પગ મારવાનો હુક્મ થયો. અલ્લાહનાં ફઝ્લથી બીજું એક ઝરણું વહેતું થઈ ગયું. એ પાણી પીવાથી આપના બાતિનની તમામ બિમારીઓ દૂર થઈ ગઈ. અલ્લાહે આપને ઔલાદ, માલ, દૌલત અતા કર્યા.

આ બનાવમાં આપણા માટે સબ્ર તથા શુક્રનાં ઘણાં જ પાસાઓ છે અને આમાં ગૌરો ફિક્ર કરવાથી આપણું ઈમાન કવી તથા અમલ સારા બને છે.

## દુઆએ સૈયદના યૂનુસ અલયહિસ્સલામ

પારહ-૧૭, સૂરએ અંબિયા, આયત નં. ૮૭-૮૮

وَذَا النُّوْنِ اِذْ ذَّهَبَ مُغَاضِبًا فَظَنَّ اَنْ لَّنْ نَّقْدِرَ عَلَيْهِ فَنَادٰى

فِي الظُّلُمٰتِ اَنْ لَّآ اِلٰهَ اِلَّآ اَنْتَ سُبْحٰنَكَ ۖ اِنِّيْ كُنْتُ مِنَ الظّٰلِمِيْنَ ۝ فَاسْتَجَبْنَا لَهٗ ۙ وَنَجَّيْنٰهُ مِنَ الْغَمِّ ؕ وَكَذٰلِكَ نُنْجِي الْمُؤْمِنِيْنَ ۝

(અર્થાત) અને ઝુન્નૂનને યાદ કરો, જ્યારે તે ગુસ્સામાં ભરાઈને ચાલી નિકળ્યાં. તો પછી ખયાલ કર્યો કે અમે તંગી નહીં નાખીએ. તો પોતાના રબને અંધારામાં પોકાર્યો કે "તારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, તૂ પાક છે. બેશક હું ખતાકાર છું. તો અમોએ તેની દુઆને કબૂલ કરી લિધી. અને તેને ગમથી છુટકારો આપી દીધો અને આવી રીતે જ અમો અમારા મુસલમાન બંદાઓને બચાવી લઈએ છીએ."

હઝરત યૂનુસ અલયહિસ્સલામ નબી માસૂમ હતાં. તેમની કૌમ, જેમણે દીનની દાવત ન સ્વીકારી, નસીહત ન માની અને કુફ્ર પર કાયમ રહી, તો આપ શહેર છોડીને નિકળી ગયાં. પરંતુ આપે નિકળતા અગાઉ હુકમે ઈલાહીનો ઈન્તેઝાર ન કર્યો અને આપ પોતાની કૌમથી નારાઝ થઈને દરિયા-એ-રૂમની તરફ નિકળી ગયાં. તો કશ્તી દરિયા પાર જવા માટે તૈયાર હતી. આપ પણ લોકોની સાથે કશ્તીમાં સવાર થઈ ગયાં. જ્યારે કશ્તી મધ દરિયે પહોંચી, તો અટકી ગઈ. ન પાછળ જતી હતી કે ન આગળ. તો કશ્તીવાળાએ કહ્યું કે અહીંયા કોઈ નાફરમાન તથા ગુનેહગાર તથા પોતાના આકાથી ભાગી નિકળેલ ગુલામ છે. જ્યાં સુધી તે કશ્તીમાં છે ત્યાં સુધી કશતની નહીં ચાલે.

ત્રણ વખત કુરઆ અંદાઝી કરવામાં આવી (કાપલી નાખવામાં આવી). દરેક વખતે યૂનુસ અલયહિસ્સલામનું નામ નિકળ્યું. આપે ફરમાવ્યું કે તે ગુનહગાર હું જ છું અને આપ પોતે જ દરિયામાં કુદી પડ્યાં.

આપને માછલી ગળી ગઈ અને અલ્લાહ તઆલાએ માછલીને હુક્મ દિધો કે મારા આ વ્હાલા બંદાને બાલ બરાબર પણ તક્લીફ ન પડવી જોઈએ. એટલા માટે કે મેં તારા પેટને એમના માટે કેદખાનું બનાવેલ છે. આ તારો ખોરાક નથી.

ત્યાં ઘણા બધા અંધારા હતાં. દરીયાનું અંધારૂં, માછલીનાં પેટનું અંધારૂ, રાતનું અંધારૂં. આ અંધકારમાં સૈયદના યૂનુસે દુઆ કરી કે "લા ઈલા-હ ઈલ્લા અન-ત સુબ્હા-ન-ક ઈન્ની કુન્તો મિનઝ ઝાલિમીન"
અલ્લાહ તઆલાએ આપને માછલીના પેટની ગભરાહટથી નજાત આપી.

હક તઆલા ફરમાવે છે, જ્યારે યૂનુસ અલયહિસ્સલામે દુઆ કરી અને ગલ્તીની નિસ્બત પોતાની તરફ કરી અને પોતાના બંદા હોવાને તથા પોતાની નમ્રતાને જાહેર કરી, તો અલ્લાહે દુઆ કબૂલ કરી. તો તેમને બચાવી લેવાયા. અને રબ તઆલા ફરમાવે છે કે અમો આવી જ રીતે અમારા માનવાવાળા (ઈમાનવાળા) બંદાઓને બચાવી લઈએ છીએ. સુબ્હાનલ્લાહ,

યાદ રહે જે કંઈ નેઅમતો આપણને મયસ્સર છે, તે અલ્લાહ તઆલાની મહેરબાનીથી છે. અને બંદા પર જે કંઈ મુસીબતો, બલાઓ, તક્લીફો આવે છે, તેના માટે બંદો ખુદ જવાબદાર છે. અલ્લાહ કોઈનાં પર ઝુલ્મ નથી કરતો. તે જાત ઝુલ્મ અને જહલ (અજ્ઞાનતા) થી પાક છે. માટે બંદો હમેશા તૌબા, ઈસ્તિગ્ફાર કરતો રહે. યાદ રહે નબી માસૂમ હોય છે. તેમનાથી ગુનાહ નથી થતાં છતાં તેઓ ઈસ્તિગ્ફાર કરતા રહે છે.

## દુઆએ હઝરત ઝકરિય્યા અલયહિસ્સલામ

પારહ-૧૭, સૂરએ અંબિયા, આયત નં.૮૯-૯૦,

وَزَكَرِيَّآ إِذْ نَادٰى رَبَّهٗ رَبِّ لَا تَذَرْنِىْ فَرْدًا وَّاَنْتَ خَيْرُ الْوٰرِثِيْنَ ﴿۸۹﴾ فَاسْتَجَبْنَا لَهٗ ۡ وَوَهَبْنَا لَهٗ يَحْيٰى وَاَصْلَحْنَا لَهٗ زَوْجَهٗ ؕ اِنَّهُمْ كَانُوْا يُسٰرِعُوْنَ فِى الْخَيْرٰتِ وَيَدْعُوْنَنَا رَغَبًا وَّرَهَبًا ؕ وَكَانُوْا لَنَا خٰشِعِيْنَ ﴿۹۰﴾

(અર્થાત) અને યાદ કરો ઝકરિય્યાને, જ્યારે તેણે પોતાના રબથી દુઆ કરી કે અય મારા રબ ! મને બે ઔલાદ ન છોડ ! અને તું સહુથી બહેતર વારિસ છે. તો અમે તેમની દુઆ કબૂલ કરી અને તેમને યહ્યા અતા ફરમાવ્યો અને અમે તેની બીવીને સંવારી. બેશક ! આ લોકો નેકીયોમાં જલ્દી કરતા હતાં અને અમને ઉમ્મીદ અને ખુશી ખુશીથી પોકારતા હતાં અને અમારા ખૌફથી ડરતાં અને કરગરતા હતાં.

જ્યારે હઝરત ઝકરિય્યાની ઉમર ૧૨૦ વર્ષ અને એમની બીવી સાહેબાની ઉંમર ૯૯ વર્ષની થઈ, તો આટલો લાંબો સમય બે ઔલાદ રહેવાના કારણે આપને ઔલાદની ખ્વાહિશ થઈ, જેથી તેનાથી દિલ બહેલે અને દુનિયવી તથી દીની માલમામાં મદદ હાસિલ થાય અને પોતાના ઈન્તેકાલનાં બાદ તેમની ઔલાદ તેમની દીની ખિદમાત આગળ વધારે.

અને અલ્લાહ બહેતર વારિસ છે. એટલા માટે કે તે તમામ મખ્લૂકનાં ફના થવાનાં બાદ પણ બાકી રહેનાર છે અને તમામ ઝમીનો, આસ્માનનો તે જ એકમાત્ર માલિક છે. અને આ અલ્લાહ તઆલાની હમ્દો સના છે.

અલ્લાહ તઆલાએ હઝરતની આ દુઆ કબૂલ ફરમાવી અને

આપને હઝરત યહ્યા જેવા પાક અને ઝલીલુલ-કદ્ર બેટા અતા ફરમાવ્યાં અને તેમને નબુવ્વતથી નવાઝયાં અને અલ્લાહ બહેતર અતા કરનાર છે. અને બેશક અલ્લાહનાં મકબૂલ બંદાઓ અલ્લાહથી જ ઉમ્મીદ રાખનાર તથા માત્ર તેનાથી જ ડરનાર હોય છે.

## હઝરત નૂહ અલયહિસ્સલામની દુઆ
## કાફિરોથી ઇન્તેકામ માટે

પારહ-૧૮, સૂરએ મુઅમેનીન આયત નં. ૨૬, પારહ-૧૯, સૂરએ શુઅરા, આયત નં. ૧૧૬, ૧૧૭,

قَالَ رَبِّ انْصُرْنِيْ بِمَا كَذَّبُوْنِ ﴿٢٦﴾

(અર્થાત) હઝરત નૂહ અલયહિસ્સલામે દુઆ કરી, પરવરદિગારા ! અય મારા રબ ! મારી મદદ કર ! એટલા માટે કે તેઓએ મને ઝુઠલાવ્યો.

અય મારા રબ ! મારી મદદ ફરમાવ અને મારો તેમનાથી બદલો લે અને તેઓ ઈમાન ન લાવવાના લિધે તેમજ સતાવવાના લિધે પાણીનાં તોફાનમાં ડુબી ગયા.

સાબિત થયું કે કાફિરો ઝાલિમોનાં માટે બદદુઆ કરવી જાઈઝ છે અને સુન્નતે પયગમ્બર પણ છે. અલહમ્દુલિલ્લાહ,

## દુઆએ હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ

પારહ-૧૯, સૂરએ શુઅરા, આયત નં. ૮૩ થી ૮૫

رَبِّ هَبْ لِيْ حُكْمًا وَّاَلْحِقْنِيْ بِالصّٰلِحِيْنَ ﴿٨٣﴾ وَاجْعَلْ لِّيْ لِسَانَ صِدْقٍ فِي الْاٰخِرِيْنَ ﴿٨٤﴾ وَاجْعَلْنِيْ مِنْ وَّرَثَةِ جَنَّةِ النَّعِيْمِ ﴿٨٥﴾

(અર્થાત) અય મારા રબ ! મને હુક્મ અતા કર અને મને તે લોકોથી મેળવી દે, જે તારા કુર્બે ખાસને લાયક છે, અને પાછળવાળાઓમાં મારી

તારીફની સાચી બોલી કાયમ રાખ અને આરામ તથા ચૈનવાળી જન્નતનાં વારિસોમાંથી બનાવ.

આ દુઆ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામે એ સમયે કરી, જ્યારે આઝર તથા તેની કૌમનાં લોકોને મૂર્તિ પૂજામાં ડુબેલા જોયાં અને કોઈ નસીહત અસર ન કરી. તો આપે ફરમાવ્યું કે બેશક ! પરવરદિગારે આલમ સિવાયનાં આ બધા જ બુતો / મૂર્તિઓ તથા તેમને પુજવાવાળા તમે અને તમારા બાપદાદા બધા જ મારા દુશ્મન છો, સિવાય મારો પરવરદિગાર, જેણે મને પૈદા કર્યો મને ઝિંદગી આપી અને એ જ મને સાચો રસ્તો બતાડશે.

ઈબ્રાહીમ અલયહિસ્સલામે આ વાત ચેતવણીનાં તૌર પર પણ કહી કે આ મૂર્તિઓ કયામતનાં દિવસે તમારી દુશ્મન થઇ જશે. જ્યારે રબ્બે કાયનાત મને ખવડાવે છે / પિવડાવે છે. અને જ્યારે હું બીમાર થઈ જઉં, તો તે મને તંદુરસ્તી આપે છે. ઈમામ જાફર સાદિક રહમતુલ્લાહથી આ આયતની તફસીરમાં કૌલ છે કે જ્યારે હું ગુનાહોની બિમારીમાં સપડાઉં, તો તે મને તૌબાનાં સબબથી શિફા આપે છે. અમુક આરિફો કહે છે, બીમારી ખુદાના ગૈરને જોવાથી છે. તો તેની શિફા અલ્લાહ તઆલાનાં નૂરનો મુશાહિદા કરવામાં છે.

અને ફરમાવે છે, મારે તેની જ તરફ પાછા ફરવાનું છે. અને મને તેનાથી જ ઉમ્મીદ છે કે કયામતનાં દિવસે તે મારી ખતાઓ માફ કરશે. કારણકે મૌત અને હયાત માત્ર તેનાં જ કુદરતમાં છે.

આના બાદ હઝરતે દુઆ કરી કે અય અલ્લાહ ! મને હુક્મ અતા કર મને નેકોનાં સાથ-સંગાથ દુનિયા અને આખિરતમાં આપ અને આવનારી ઉમ્મતોમાં મારી નેકનામી, મારી યાદ બાકી રાખ !

અલ્લાહે આપની એ દુઆ કબૂલ કરી. આપની યાદ આપના બાદનાં તમામ નબીઓની ઉમ્મતમાં બાકી રહી અને તા કયામત રહેશે. કા'બતુલ્લાહને જુઓ તો હઝરત ઈબ્રાહીમ અને હઝરત ઈસ્માઈલ અલયહિમસ્સલામની યાદ તાઝી થાય. અલ્લાહે મકામે ઈબ્રાહીમને મુસલ્લા બનાવ્યો. સફા-મરવહની સઈ એમના એહલિયા મોહતરમા હઝરતે હાજેરાની યાદ છે. ઝમઝમ આપના ફરઝંદ હઝરત ઈસ્માઈલની યાદ છે. શયતાનને કાંકરી મારો, તો હઝરત યાદ આવે. કુરબાની કરો, ચાહે હજમાં, ચાહે દુનિયામાં ગમે ત્યાં, તો હઝરતની યાદ આવે, અને કરોડો અબજો મુસલમાનો કયામત સુધી નમાઝમાં દરૂદે ઈબ્રાહીમ પઢતા રહેશે. સુબ્હાનલ્લાહ, કેવો અલ્લાહનો કરમ છે. ! તમામ મુસલમાનો આપનાથી મહોબ્બત કરે છે.

## દુઆએ હઝરત સુલેમાન અલયહિસ્સલામ

પારા-૧૯, સૂરએ નમલ, આયત નં.૧૯

وَقَالَ رَبِّ اَوْزِعْنِیْٓ اَنْ اَشْكُرَ نِعْمَتَكَ الَّتِیْٓ اَنْعَمْتَ عَلَیَّ وَعَلٰی وَالِدَیَّ وَاَنْ اَعْمَلَ صَالِحًا تَرْضٰىهُ وَاَدْخِلْنِیْ بِرَحْمَتِكَ فِیْ عِبَادِكَ الصّٰلِحِیْنَ ۝۱۹

(અર્થાત) અય મારા રબ ! મને તૌફીક દે કે હૂં તારા એ અહેસાનનો શુક્ર અદા કરૂં, જે તેં મારા પર અને મારા માં-બાપ પર કર્યા. અને એ કે હું સારા /નેક કામો કરૂં, જે તને પસંદ પડે, અને તારી રહેમતથી એ ખાસ બંદાઓમાં શામિલ કર, જે તારા કુર્બે ખાસને લાયક છે.

બંદા માટે જરૂરી છે કે તે અલ્લાહનાં અહેસાનનો શુક્ર કરતો રહે અને અલ્લાહ પાસે તૌફીક માંગે કે અલ્લાહ દીનની ખિદમત કરવાની,

ઈલ્મે દીન ફેલાવવાની તૌફીક આપે અને પોતાના ફઝલથી આમાલને કબૂલ ફરમાવે.

## ફરિશ્તાઓની દુઆ મુસલમાનોનાં હકમાં

પારહ-૨૪, સૂરએ મુઅમિન, આયતનં ૭, ૮,

اَلَّذِيْنَ يَحْمِلُوْنَ الْعَرْشَ وَمَنْ حَوْلَهٗ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ وَيُؤْمِنُوْنَ بِهٖ وَيَسْتَغْفِرُوْنَ لِلَّذِيْنَ اٰمَنُوْا ۚ رَبَّنَا وَسِعْتَ كُلَّ شَيْءٍ رَّحْمَةً وَّعِلْمًا فَاغْفِرْ لِلَّذِيْنَ تَابُوْا وَاتَّبَعُوْا سَبِيْلَكَ وَقِهِمْ عَذَابَ الْجَحِيْمِ ۞ رَبَّنَا وَاَدْخِلْهُمْ جَنّٰتِ عَدْنِ ِالَّتِيْ وَعَدْتَّهُمْ وَمَنْ صَلَحَ مِنْ اٰبَآئِهِمْ وَاَزْوَاجِهِمْ وَذُرِّيّٰتِهِمْ ؕ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ۙ۞

(અર્થાત) અને તે (ફરિશ્તાઓ) જે અર્શને ઉઠાવે છે તે અને જે તેની આસપાસ છે, પોતાના રબની તારીફની સાથે તેની પાકી બયાન કરે છે અને તેના ઉપર ઈમાન લાવતા અને મુસલમાનોની મગ્ફિરત ચાહતા રહે છે, કહે છે, અય અમારા રબ ! તારી રહેમત દરેક ચીઝમાં સમાઈ છે. તો જેણે તૌબા કરી અને તારા રસ્તે ચાલ્યાં, તેમને બખ્શી દે. અને તેમને દોઝખનાં અઝાબથી બચાવી લે. અને અય અમારા રબ ! તેઓને જન્નતમાં રહેવાનાં બાગોમાં દાખલ કરે, જેનો તેં એમનાથી વાયદો કર્યો. અને તેમની ઔલાદ અને તેમના બાપ-દાદાઓમાંથી જે નેક છે, તેમને પણ દાખલ કર ! બેશક તું જ ઈઝઝત અને હિકમતવાળો છે.

જેઓ અર્શને ઉઠાવે છે, તે અર્થાત હામિલાને અર્શ એ બુઝુર્ગ

ફરિશ્તાઓમાંથી છે. આ ફરિશ્તાઓ, ફરિશ્તાઓમાં અફઝલ છે. આ હામિલાને અર્શ આઠ (૮) છે. તેઓ અલ્લાહ તઆલાની પાકી બયાન કરતા રહે છે. તેમાંના ચારની તસ્બીહ છે,

સુબ્હાન-કલ્લાહુમ્મ વ બેહમ્દેક લકલ હમ્દુ અલા હુક્મે-ક બઅદ ઈલ્મે-ક.

અને બીજા ચારની તસ્બીહ છે,

સુબ્હાનકલ્લાહુમ્મ વ બે મ્દેક લકલ હમ્દુ અલા અફુવ્વિક બઅદ કુદરતિક

અને તે ફરિશ્તાઓ ઈન્સાનોનાં ગુનાહોની સાથે કરમે ઈલાહીની નિસ્બતમાં આ શબ્દોથી દુઆ કરે છે, જે ઉપર મઝ્કૂર થયાં.

હક તઆલા તમામ ફરિશ્તાઓને હુક્મ કરે છે કે સવાર અને સાંજ એ'જાઝ અને ઈકરામની સાથે હામિલાને અર્શને સલામ કરે. આ ફરિશ્તાઓને "કરોબી" કહેવાય છે. તેઓ તેની ફરતા તવાફ કરતા રહે છે. તેને "તવ્વાફ" કહેવાય છે. અર્શને વચમાં રાખીને તેનો તવાફ કરનાર ફરિશ્તાઓની ૭૦,૦૦૦ (સિત્તેર હઝાર) સફો છે. તે તમામ નિહાયત ઝિક્ર અને શોખની સાથે અલ્લાહનો ઝિક્ર કરતા રહે છે, અલ્લાહ તઆલાની તમામ સિફતો અને સનાઓની સાથે.

તે હામિલાને અર્શની દુઆ આ છે કે જેઓએ તૌબા કરી અને તારી રાહ પર ચાલ્યાં, તેઓને જહન્નમનાં અઝાબથી બચાવી લે અને એમના બાપ-દાદા, એમની બીવીઓ અને એમની ઔલાદમાંથી જે ઈમાનવાળા છે, તેમને પણ પોતાના ફઝ્લથી તેમની સાથે જન્નતમાં દાખલ ફરમાવ!

અહીં એ વાત પણ સમઝવી જરૂરી છે કે "જન્નતે અદન" તથા "જન્નતુલ-ફિરદૌસ" ખાસ ખાસ લોકો માટે જ છે. સામાન્ય લોકો તેમાં દાખલ નહીં થાય. કેમકે દરેક મકામ માટે ખાસ અમલ છે. તે અમલવાળા

સિવાય કોઈ તેને યોગ્ય નથી. જ્યારે અમલ ઉચ્ચ હોય, તો મકામ પણ નેક હોય છે. તો "જન્નતે અદન" તથા "જન્નતુલ ફિરદૌસ"નાં જેમને વાયદો કરવામાં આવ્યો છે. એ ઝરૂરી નથી કે તેમના ઈમાનવાળા તથા નેક આમાલવાળા બાપ-દાદા અથવા બીવીઓ અથવા ઔલાદ પણ એ મકામનાં લાયક હોય. પરંતુ રબ્બે કરીમ પોતાના ફઝ્લથી જન્નતે અદન તથા જન્નતુલ-ફિરદૌસનાં રહેવાવાળાઓની ખુશી માટે, તેમના સુરૂરમાં વધારા માટે ઉપર લખ્યાં મુજબનાં તેમના નઝદીકી સગાઓને તેમનાથી મિલાવી દેશે. જેથી તેઓ બધા એકબીજાને જોઈને વધારે ખુશ થાય.

આનાથી સાબિત થયું કે તૌબા કરનારાઓની બરકત તેના બાપ-દાદા અને તેમની ઔલાદને પણ પહોંચે છે. તાકે તેઓ એમની નિસ્બતોની બરકતથી ફાયદો પામે. બીજુ એ પણ સાબિત થયું કે અલ્લાહ તઆલાથી કંઈક અર્ઝ કરતા પહેલા તેની હમ્દો સના કરવી જોઈએ કે એ દુઆનાં આદાબમાંથી છે.

એ પણ સાબિત થયું કે જે લોકો કહે છે, કયામતનાં દિવસે બંદાઓનાં આમાલ સિવાય કશું જ કામ નહીં આવે, તેઓ ઝુઠા છે. ફરિશ્તાઓ મોમિનો માટે દુઆ કરે છે, તે અલ્લાહનાં ચાહવાથી જ કરે છે. તેમની દુઆઓ મોમિનોનાં કામમાં આવશે. જન્નતુલ-ફિરદૌસને લાયક કામ કરવાવાળાઓની ઔલાદ તથા તેમના બાપ-દાદાઓને અલ્લાહ તે મકામ આપશે, તો બેટાની નિસ્બત માં-બાપનાં કામમાં આવી અને માં-બાપની નિસ્બત ઔલાદનાં કામમાં આવી. અને આ માટેની આ આયત સિવાયની પણ ઘણી દલીલો કુર્આનમાં છે.

દા.ત. સૂરએ રઅદ, આયત નં.૨૨ થી ૨૪ માં છે કે જેઓ હિસાબનાં બુરાઈનાં ડરથી કાંપે છે અને જેઓ સબ્ર કરે છે અને પોતાના

રબની રિઝા ચાહે છે અને અમારી રાહમાં ખુલ્લા તથા છુપા ખર્ચ કરે છે અને બુરાઈનાં બદલામાં ભલાઈ કરે છે. તેમના માટે આખિરતનાં ઘરનો ફાયદો છે. તેઓ જન્નતનાં બાગોમાં દાખલ થશે અને તેના બાપદાદા તથા તેમની ઔલાદ પણ. તો અહીં પણ એક નેક મુસલમાનની નિસ્બત કામમાં આવી અને

સૂરએ તૂર, આયત નં. ૨૧ માં રબ્બે કાઈનાત ફરમાવે છે,

જેઓ ઈમાન લઈ આવ્યાં અને તેમની ઔલાદે ઈમાનની સાથે તેમની પૈરવી કરી, તો અમો તેમની ઔલાદને તેમની સાથે મેળવી દઈશું અને તેમના અમલમાંથી કંઈ કમી નહીં કરીએ.

જન્નતમાં અગર બાપ-દાદા બુલંદ દરજામાં હશે, તો તેમની ખુશી માટે તેમની ઔલાદને પણ અલ્લાહ તેમની સાથે મેળવી દેશે. અને પોતાના કરમથી ઔલાદને પણ તે દરજા અને મર્તબા આપશે. એટલું જ નહીં, પણ એમના અમલનો પૂરો સવાબ આપવામાં આવશે. તેઓમાંથી કંઈ ઓછું કરવામાં નહીં આવે.

આ છે નિસ્બતોની બરકતો, અલ-હમ્દુ લિલ્લાહ...... અને આ છે ફઝ્લે બારી તઆલાકે ફરિશ્તાઓ અમો ગુનેહગારો માટે દુઆ કરે / માફી માંગે. જેવુંકે પારા-૨૫, સૂરએ શૂરા, આયત નં. ૪

وَالْمَلٰٓئِكَةُ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ وَيَسْتَغْفِرُوْنَ لِمَنْ فِي الْأَرْضِ ؕ

(અર્થાત) અને ફરિશ્તાઓ તેમના રબની તારીફની સાથે પાકી બોલે છે અને ઝમીનવાળાઓની ગુનાહની માફી માંગે છે. સુબ્હાનલ્લાહ,

## આલે ફિરઓનની દુઆ

પારહ-૨૪, સૂરએ મોમિન, આયત નં. ૪૪,

وَأُفَوِّضُ أَمْرِيٓ إِلَى اللّٰهِ ۚ إِنَّ اللّٰهَ بَصِيرٌۢ بِالْعِبَادِ ۝

અને મેં મારા તમામ કામ અલ્લાહને સોંપ્યાં. બેશક ! અલ્લાહ પોતાના બંદાઓને જોઈ રહ્યો છે.

ફિરઔનની કૌમમાંથી જે એક કિબ્તી મૂસા અલયહિસ્સલામ પર ઈમાન લઈ આવ્યો, આ તેની દુઆ છે. તેણે પોતાની કૌમને કુફ્ર છોડવા તથા ઈમાન લાવવા માટે ઘણી નસીહતો કરી. સમજાવટ જ્યારે કામ ન આવી અને ફિરઔને તેના કત્લનો ઈરાદો કર્યો, તો તેણે આ શબ્દો ઉચ્ચાર્યાં અને કૌમથી અલગ થઈ ગયો. અને અલ્લાહ તઆલાએ પોતાના મોમિન બંદાને દુનિયાની તકલીફો અને આખિરતનાં ગમથી બચાવી લીધો.

## દુઆએ સૈયદના સિદ્દીકે અકબર રદિયલ્લાહુ અન્હુ

પારહ-૨૬, સૂરએ અહકાફ, ૧૫,

قَالَ رَبِّ أَوْزِعْنِيٓ أَنْ أَشْكُرَ نِعْمَتَكَ الَّتِيٓ أَنْعَمْتَ عَلَيَّ وَعَلَىٰ وَالِدَيَّ وَأَنْ أَعْمَلَ صَالِحًا تَرْضَاهُ وَأَصْلِحْ لِي فِي ذُرِّيَّتِيٓ ۖ إِنِّي تُبْتُ إِلَيْكَ وَإِنِّي مِنَ الْمُسْلِمِينَ ۝

(અર્થાત) અર્ઝ કરી, અય મારા રબ ! મારા દિલમાં નાંખ કે હું તારી નેઅમતોનો શુક્ર કરૂં, જે તેં મારા પર અને મારા માં-બાપ પર કરી, અને હું એવા કામ કરૂં, જે તને પસંદ આવે, અને મારી ઔલાદમાં ભલાઈ રાખ, કે હું તારી તરફ ઝુકી ગયો અને હું મુસલમાન છું.

અને અલ્લાહ કરીમે આપની આ દુઆ પણ કબૂલ કરી. અને આપને નેક આમાલની એવી તૌફીક અતા ફરમાવી કે તમામ ઉમ્મતનાં

આમાલ પણ આપના આમાલની બરાબર નથી થઈ શક્તા. આપની તમામ ઔલાદ મોમિન છે. તેમાં પણ સૈયદા આઈશા સિદ્દીકાનો મર્તબો બલંદો બાલા છે.

બંદ-એ-મોમિને પણ આવી રીતે જ દુઆ માંગવી જોઈએ અને અલ્લાહ પાસે હુસ્ને અમલની દુઆ કરવી જોઈએ. તમામ નેક આમાલમાં અઝીમ તરીન અમલ પોતાના માં-બાપ સાથે સદવર્તન કરવું, તેમની ખિદમત કરવી, તેમની દુઆઓ લેવી, તે છે અને પોતાનો માલ રાહે મૌલામાં ખર્ચ કરવો વિગેરે છે.

## દુઆએ હઝરત નૂહ અલયહિસ્સલામ

પારહ-૨૭, સૂરએ કમર, આયત નં. ૧૦,

فَدَعَا رَبَّهٗۤ اَنِّیْ مَغْلُوْبٌ فَانْتَصِرْ۝

(અર્થાત) તો (હઝરતે નૂહે) દુઆ કરી, અય મારા રબ! હું મઝ્લૂમ છું. તો તૂં જ મારો બદલો લે!

અર્થાત અય અલ્લાહ! હૂં મઝ્લૂમ અને મગ્લૂબ છું. હું આ લોકોનો મુકાબલો કરવાની શક્તી નથી રાખતો. તો તૂ જ મારો બદલો લે.

અને અલ્લાહ તઆલાએ તેમની ઉપર આસમાનનાં દરવાઝા ખોલી દીધાં.

# રબ્બના અને મસ્નૂન દુઆઓ
# (કુર્આની દુઆાઓ)

---

પારહ-૧, અલ બકરહ, આયતનં. ૧૨૭,

આ દુઆ હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ અને હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામે જ્યારે તેઓ કાબતુલ્લાહ શરીફની દિવાલો અને પાયો ઉઠાવી રહ્યા હતાં, ત્યારે માંગી.

رَبَّنَا تَقَبَّلْ مِنَّا ۖ إِنَّكَ أَنْتَ السَّمِيعُ الْعَلِيمُ ﴿١٢٧﴾

(અર્થાત) અય અમારા રબ ! તૂ અમારાથી (અમારી આ કોશિશ) કબુલ ફરમાવ ! કે બેશક તૂં જ સાંભળનાર અને જોનાર છે.

---

(અલ બકરહ ૧૨૮)

رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ لَكَ وَمِنْ ذُرِّيَّتِنَا أُمَّةً مُسْلِمَةً لَكَ
وَأَرِنَا مَنَاسِكَنَا وَتُبْ عَلَيْنَا ۖ إِنَّكَ أَنْتَ التَّوَّابُ الرَّحِيمُ ﴿١٢٨﴾

(અર્થાત) અય અમારા રબ ! તૂ અમને તારી સામે ગરદન નમાવનારાઓ અર્થાત સજદા કરનારાઓથી બનાવ ! અને અમારી ઔલાદમાંથી એક ઉમ્મત તારી ફરમાંબરદાર (તારો હુકમ માનનાર) બનાવ અને અમને તારી ઈબાદતનાં તરીકા બતાવ અને અમારી ઉપર તારી રહમતથી રૂજુઅ ફરમાવ !

**ફાયદો :** આ દુઆ કૌમે મુસ્લિમ માટે એક બહેતરીન નમૂનો છે. અને હમેશા અલ્લાહથી આ શબ્દોમાં દુઆ માંગતા રહેવું જોઈએ અને અલ્લાહની ઈબાદતમાં મશ્ગૂલ રહેવું જોઈએ.

હઝરત ઈબ્રાહીમ અલયહિસ્સલામ અને હઝરત ઈસ્માઈલ અલયહિસ્સલામ અલ્લાહ તઆલાનાં ફરમાંબરદાર, ઈબાદત ગુઝાર અને પરહેઝગાર તથા મુખ્લિસ બંદા હતાં અને પયગંબરો માસૂમ હોય છે. છતાં તેનું તૌબા કરવું એ આપની આજિઝી અને ખાકસારી છે. અને અલ્લાહવાળાઓ માટે તાલીમ છે. જ્યારે આપણે ગુનાહોનાં દરીયામાં ડુબેલા હોવા છતાં તૌબા કરતા નથી. અને પોતાને પાકબાઝ માનીએ છીએ. આપણે ગૌરો ફિક્ર કરવી જોઈએ અને તૌબા તથા દુઆમાં મશ્ગૂલ રહેવું જોઈએ.

---

પારહ-૨, અલ બકરહ, ૨૦૧

અલ્લાહ તઆલાનાં બંદાઓની દુઆ એ કે

رَبَّنَآ اٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَّفِي الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ ۝

(અર્થાત) અય અમારા રબ ! અમને દુનિયામાં ભલાઈ આપ અને અમોને આખિરતમાં ભલાઈ આપ અને અમને અઝાબે દોઝખથી બચાવ !

યાદ રહે, મોમિન દુનિયાની ભલાઈ અને બહેતરી જે માંગે છે, તે પણ જાઈઝ કામો કરવા માટે અને દીનની મદદ માટે માંગે છે. માટે આ માંગવું પણ ઈબાદતમાં શામિલ છે.

મોમિન અગર દુનિયાની દૌલત મેળવે છે, તો યતીમો, ગરીબો, બેવાઓની ખબરગીરી માટે, યા મસ્જિદો, મદ્રસાઓ, ખાનકાહો તામીર કરવા માટે માંગે છે. મોમિન અગર તંદુરસ્તી માંગે છે, તો ઈબાદત પર કુવ્વત માટે માંગે છે. તે અગર નિકાહ કરે છે, તો ઝિના વિગેરેથી બચવા માટે કરે છે. અગર જિસ્માની કુવ્વત યા હથીયાર વિગેરે માંગે છે તો કાફિરોથી જિહાદ કરવા માટે તે દીન માટે જીવે છે, દીન માટે મરે છે. અને

આખિરતનાં કામોને દુનિયા ઉપર તર્જીહ આપે છે.

બંદાએ હમેશા પોતાના રબથી દુનિયા તથા આખિરતની ભલાઈ તથા અઝાબે જહન્નમથી પનાહ માંગતા રહેવું જોઈએ.

---

પારહ-૨, અલ બકરહ, આયત નં. ૨૫૦

رَبَّنَا أَفْرِغْ عَلَيْنَا صَبْرًا وَّثَبِّتْ أَقْدَامَنَا

وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ۝

(અર્થાત) અય અમારા રબ ! અમારા ઉપર સબ્રની વરસાદ વરસાવ (અમને ખૂબ જ સબ્ર અતા કર) અને અમારા કદમને મઝબૂત જમાવી દે અને કાફિર કૌમ પર અમારી મદદ ફરમાવ !

---

પારહ-૩, અલ-બકરહ, આયત નં. ૨૮૬,

رَبَّنَا لَا تُؤَاخِذْنَا إِنْ نَّسِيْنَا أَوْ أَخْطَأْنَا ۚ

(અર્થાત) અય અમારા રબ ! અગર અમારાથી કોઈ ભૂલચૂક થઈ જાય, તો અમારી પકડ ન કર !

رَبَّنَا وَلَا تَحْمِلْ عَلَيْنَا إِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِنَا ۚ

(અર્થાત) અય અમારા રબ ! અમારા ઉપર એવો ભારે બોઝ ન રાખ, જેવો તેં અમારાથી આગળનાઓ પર રાખ્યો હતો.

رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ۚ وَاعْفُ عَنَّا ۗ وَاغْفِرْ لَنَا ۗ

وَارْحَمْنَا ۗ أَنْتَ مَوْلٰىنَا فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ۝

(અર્થાત) અય અમારા રબ ! અમારા પર એવો ભારે બોઝ ન રાખ કે જેના

ઉપાડવાની અમારામાં શક્તિ ન હોય, અમોને માફ કરી દે. અને બખ્શી દે, અને અમારા પર રહેમ મહેરબાની કર ! તૂ અમારો મૌલા છે. તૂ કાફિર કૌમના મુકાબલામાં અમારી મદદ ફરમાવ !

અહીં અલ્લાહ તઆલા પોતાના મોમિન બંદાઓને તાલીમ આપી રહ્યો છે કે અય મારા બંદાઓ ! મારાથી આવી રીતે સવાલ કરો.

હઝરત અતા રાવી છે કે સૂરએ બકરહની છેલ્લી ૨ આયતો આયત નં.૨૮૫ અને ૨૮૬ "આમનર-રસૂલ......." થી શરૂ કરીને "ફન્સુરના અલલ-કૌમિલ કાફિરીન" સુધી, જ્યારે હઝરત જિબ્રઈલ અલયહિસ્સલામે નબીએ કરીમની સામે પઢી, તો આપે કહ્યું, "આમીન"

હઝરત અબૂઝર રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસ્સલમે ફરમાવ્યું, મને સૂરએ બકરહની ૨ આયતો અર્શનાં નીચેથી આપવામાં આવી. મારાથી પહેલા આ કોઈ પણ નબીને ન આપવામાં આવી. જે ઘરમાં ત્રણ રાતો આ બે આયતોની તિલાવત કરવામાં આવશે, તે ઘરમાં શૈતાન નહીં રોકાય.

---

પારહ-૩ સૂરહ આલિ ઈમરાન, આયત નં. ૮-૯

رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ⑧

(અર્થાત) અય અમારા રબ ! જ્યારે કે તેં અમને હિદાયત આપી, તો હવે અમારા દિલને ટેઢા વાંકા ન કર. અને અમોને પોતાના તરફથી રહેમત અતા કર ! બેશક તું બહુ જ વધારે આપનાર (અતા કરનાર) છે.

رَبَّنَآ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ۭ

إِنَّ اللَّهَ لَا يُخْلِفُ الْمِيعَادَ ۝

(અર્થાત) અય અમારા રબ ! તૂ તમામ લોકોને એ દિવસે ભેગા કરનાર છે, જેના આવવામાં કોઈ શક નથી. બેશક અલ્લાહનો વાયદો નથી બદલતો.

કયામતનાં દિવસે આગલા પાછલા મોમિન કાફિર તમામને અલ્લાહ તઆલા હિસાબનાં માટે ઉભા કરશે. તો જેઓના દિલ વાંકા, ટેઢા હશે, તેઓ હલાક અર્થાત તબાહો બરબાદ થઈ જશે. અને જેને દુનિયામાં હિદાયત ફરમાવી અને બચાવી લીધાં, તેઓ નજાત અર્થાત છુટકારો અર્થાત મૌક્ષ પામશે. એટલેકે અઝાબે જહન્નમથી બચી જશે. અને આ જ મોટી કામિયાબી છે.

---

પારહ-૩, આલિ ઈમરાન, આયત નં. ૧૬

الَّذِينَ يَقُولُونَ رَبَّنَا إِنَّنَا آمَنَّا فَاغْفِرْ لَنَا ذُنُوبَنَا
وَقِنَا عَذَابَ النَّارِ ۝

(અર્થાત) તેઓ કે જેઓ કહે છે, અય અમારા રબ ! અમો ઈમાન લઈ આવ્યાં, તો તૂં અમારા ગુનાહોને માફ કરી દે અને અમોને દોઝખનાં અઝાબથી બચાવી લે !

અલ્લાહનાં તે બંદાઓ જે સબ્રવાળા છે, સાચા છે, અદબ અને એહતેરામવાળા છે. અલ્લાહની રાહમાં પોતાનો માલ ખર્ચ કરવાવાળા છે. રાતમાં ઉઠીને નવાફિલ પઢનારા છે. અને આવા આવા નેક અમલ કરવા છતાં અલ્લાહથી ડરતા રહે છે. આ તેવા નેક લોકોની દુઆ છે. આવા લોકો જ મુત્તકી છે. તેમના માટે જ તેમના રબને ત્યાં જન્નતો છે.

પારહ-૩, આલિ ઈમરાન, આયત નં. ૫૩

رَبَّنَآ اٰمَنَّا بِمَآ اَنْزَلْتَ وَاتَّبَعْنَا الرَّسُوْلَ فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ۝

(અર્થાત) અય અમારા રબ ! અમે તેના પર ઈમાન લઈ આવ્યાં, જે તેં ઉતાર્યું અને અમે તારા રસૂલોનાં તાબેદાર થયાં. તો તૂં અમને હક્ક પર ગવાહી આપનારાઓમાં લખી લે.

---

પારહ-૪, આલિ ઈમરાન, આયત નં. ૧૪૭

وَمَا كَانَ قَوْلَهُمْ اِلَّآ اَنْ قَالُوْا رَبَّنَا اغْفِرْلَنَا ذُنُوْبَنَا وَاِسْرَافَنَا فِيْٓ اَمْرِنَا وَثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ۝

(અર્થાત) તેઓ આ દુઆ માંગવા સિવાય બીજું કશું જ નહોતા કહેતા કે અય અમારા રબ ! અમારા ગુનાહ અને જે ઝિયાદતીઓ અમારાથી થઈ, તેને માફ કરી દે અને અમને સાબિત કદમ રાખ અને આ કાફિરોનાં મુકાબ્લામાં (આ કાફિરોનાં વિરૂધ્ધ) તૂ અમારી મદદ ફરમાવ !

મગ્ફિરતની દુઆ માંગવાથી બંદાની નમ્રતા, મોહતાજી, બેબસી અર્થાત લાચારી અને શાને બંદગી ઝાહેર થાય છે. માટે જ અલ્લાહનાં નેક બંદાઓ જેનાથી ગુનાહ નથી થતાં તેઓ પણ આ પ્રમાણે દુઆ માંગતા જ રહે છે. માટે આપણા જેવા ગુનહગારોએ પણ આવી રીતે દુઆ માંગવી જોઈએ.

અને જ્યારે બંદો અલ્લાહથી દુઆ કરે છે, તો રબ્બે કાઈનાત તેને દુનિયાનાં ઈનામો આપે છે અને આખિરતનાં સવાબની ખૂબી અતા

ફરમાવે છે અને બંદાને પોતાનો મહબૂબ બનાવી લે છે.

---

رَبَّنَا مَا خَلَقْتَ هٰذَا بَاطِلًا ۚ سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ ﴿١٩١﴾

(અર્થાત) અય અમારા રબ ! બેશક તેં આ બેકાર નથી બનાવ્યું. તારા માટે જ પાકી છે. તૂ અમને અઝાબે દોઝખથી બચાવી લે. (૧૯૧)

رَبَّنَآ اِنَّكَ مَنْ تُدْخِلِ النَّارَ فَقَدْ اَخْزَيْتَهٗ ؕ

وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ ﴿١٩٢﴾

(અર્થાત) અય અમારા રબ ! જેને તેં દોઝખમાં મોકલ્યો. તો ઝરૂર તેં તેને ઝલીલ (રૂસ્વા-બે આબરૂ) કર્યો અને ઝાલિમોનો કોઈ મદદગાર નથી. (૧૯૨)

رَبَّنَآ اِنَّنَا سَمِعْنَا مُنَادِيًا يُّنَادِيْ لِلْاِيْمَانِ اَنْ اٰمِنُوْا بِرَبِّكُمْ فَاٰمَنَّا ۖ

رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَكَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الْاَبْرَارِ ﴿١٩٣﴾ ۚ

(અર્થાત) અય અમારા રબ ! અમે એક પોકારનારને સાંભળ્યો કે તે ઈમાનની તરફ બોલાવે છે, કહે છે કે ઈમાન લઈ આવો. તો અમો ઈમાન લઈ આવ્યાં. અય અમારા રબ ! અમારા ગુનાહ માફ કરી દે. અમારી બુરાઈઓ દૂર ફરમાવ અને અમારી મૌત નેક લોકો સાથે કર ! (૧૯૩)

رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ ؕ

اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ﴿١٩٤﴾

(અર્થાત) અય અમારા રબ ! અમને તે અતા ફરમાવ, જેનો વાયદો તેં

તારા રસૂલોથી કર્યો અને કયામતનાં દિવસે અમોને રુસ્વા ન કર ! બેશક તૂં કદી વાયદા-ખિલાફી નથી કરતો. (૧૯૪)

---

પારહ-૭, અલ-માઈદહ, આયત નં. ૮૩

يَقُولُونَ رَبَّنَآ اٰمَنَّا فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ۝

(અર્થાત) તેઓ કહે છે કે અય અમારા રબ ! અમો ઈમાન લઈ આવ્યાં. તો તૂં અમને હકની ગવાહી આપનારાઓમાં લખી લે.

---

પારહ-૮, અલ-અઅરાફ, આયત નં. ૨૨,

قَالَا رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا ٜ وَاِنْ لَّمْ تَغْفِرْ لَنَا وَتَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ۝

(અર્થાત) અર્ઝ કરી, અય અમારા રબ ! અમે પોતાનું ખરાબ કર્યું, અગર તૂં અમને માફ ન કરે અને અમારા પર રહેમત ન કરે. તો ઝરૂર અમે નુક્સાનવાળાઓમાંથી થઈ જઈશું.

આ સૈયદના હઝરત આદમ અલયહિસ્સલામની દુઆ છે. જ્યારે તેમનાથી લગ્ઝિશ થઈ, ત્યારે આપે પોતાના રબથી આ દુઆ કરી. યાદ રહે, નબીઓ અને રસૂલો માસૂમ હોય છે. અને ગુનાહોથી મહફૂઝ હોય છે. આ એમનો કમાલે ઈન્કેસાર અને આજિઝી યાને નમ્રતા છે. અને તેમની ઔલાદ માટે તાલીમ છે કે આપણે પણ સતત આપણા ગુનાહોની તૌબા કરતા રહીએ અને રડતા રહીએ.

---

પારહ-૮, અલ અઅરાફ, આયત નં. ૪૭

رَبَّنَا لَا تَجْعَلْنَا مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ۝

(અર્થાત) અય અમારા રબ ! અમોને ઝાલિમોની સાથે ન રાખ.

---

પારહ-૯ અલ અઅરાફ, આયત નં. ૧૨૬

رَبَّنَآ اَفْرِغْ عَلَيْنَا صَبْرًا وَّتَوَفَّنَا مُسْلِمِيْنَ ۝

(અર્થાત) અય અમારા રબ ! અમારા પર સબ્રનો વરસાદ વરસાવ અને મુસલમાન ઉઠાવ !

---

પારહ-૧૧, સૂરએ યૂનુસ, આયત નં. ૮૫

فَقَالُوْا عَلَى اللّٰهِ تَوَكَّلْنَا ۚ رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ۝

(અર્થાત) અમે અલ્લાહ પર જ ભરોસો કર્યો. તો અય અમારા રબ ! અમને ઝાલિમ લોકોનાં માટે આઝ્માઇશ ન બનાવ !

એવું કે એમને અમારા પર શક્તિ ન આપ, કે ગલ્બો ન આપ, કે તે અમોને સતાવે. એવું ન બને કે તેઓ એવું સમજી બેસે કે તેમના ધર્મ સત્ય છે અથવા તેઓ એમ સમજે કે તેઓ હક પર છે.

---

પારહ-૧૫, સૂરએ કહફ, આયત નં.૧૦

فَقَالُوْا رَبَّنَآ اٰتِنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً وَّهَيِّئْ لَنَا مِنْ اَمْرِنَا رَشَدًا ۝

(અર્થાત) બોલ્યા, અય અમારા રબ ! અમને તારી પાસેથી રહમત અતા ફરમાવ અને અમારા કામમાં અમારા માટે આસાનીનો સામાન અતા ફરમાવ !

---

પારહ-૧૮, સૂરએ મુઅમેનીન, આયત નં. ૯૩, ૯૪,

قُلْ رَّبِّ اِمَّا تُرِيَنِّيْ مَا يُوْعَدُوْنَ ۙ﴿۹۳﴾

رَبِّ فَلَا تَجْعَلْنِيْ فِي الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۹۴﴾

અર્થાત : તમે આવી રીતે અર્ઝ કરો કે અય મારા રબ ! અગર તૂ મને દેખાડે (એ અઝાબ), જેનો તેમને વાયદો કરવામાં આવ્યો છે. તો અય મારા રબ ! મને એ ઝાલિમોની સાથે ન રાખીશ.

યાને અય અલ્લાહ ! અમને એ કાફિરો, ઝાલિમોની સાથે ન રાખીશ.

---

પારહ-૧૮, સૂરએ મુઅમેનીન, આયત નં. ૯૭, ૯૮,

وَقُلْ رَّبِّ اَعُوْذُ بِكَ مِنْ هَمَزٰتِ الشَّيٰطِيْنِ ۙ﴿۹۷﴾

وَاَعُوْذُ بِكَ رَبِّ اَنْ يَّحْضُرُوْنِ ﴿۹۸﴾

(અર્થાત) તમે લોકો આવી રીતે દુઆ કરો,

અય અમારા રબ ! હું શયતાનનાં વસ્વસાથી તારી પનાહમાં આવું છું. અને અય મારા રબ ! તારી પનાહ કે તે મારી પાસે આવે.

---

પારહ-૧૮, સૂરએ મુઅમેનીન, આયત નં. ૧૦૯

يَقُوْلُوْنَ رَبَّنَآ اٰمَنَّا فَاغْفِرْ لَنَا وَارْحَمْنَا وَاَنْتَ خَيْرُ الرّٰحِمِيْنَ ۚ﴿۱۰۹﴾

કહે છે કે અય અમારા રબ ! અમે ઈમાન લાવ્યા તો અમને માફ કરી દે અને અમારા પર રહેમ કર અને તૂ બધાથી વધીને રહમ કરનાર છે.

પારહ-૧૯ સૂરએ ફુરકાન આયત નં. ૬૫

وَالَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا اصْرِفْ عَنَّا عَذَابَ جَهَنَّمَ ۖ إِنَّ عَذَابَهَا كَانَ غَرَامًا

અને એ લોકો જે અર્ઝ કરે છે. અય અમારા રબ! અમારાથી જહન્નમનાં અઝાબ દૂર કરી દે કે બેશક તેનો અઝાબ ગળાની હડી છે. (બહુ ખરાબ ચીઝ છે.)

---

પારહ-૧૯, સૂરએ ફુરકાન, આયત નં. ૭૪

وَالَّذِيْنَ يَقُوْلُوْنَ رَبَّنَا هَبْ لَنَا مِنْ اَزْوَاجِنَا وَذُرِّيّٰتِنَا قُرَّةَ اَعْيُنٍ وَّاجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا

(અર્થાત) અને જેઓ અર્ઝ કરે છે, અય અમારા રબ ! અમને અમારી બીવીઓ તથા અમારી ઔલાદમાં આંખોની ઠંડક અતા કર અને અમોને પરહેઝગારોની સરદારી અતા ફરમાવ.

આ દુઆથી નેક ઔલાદ અને નેક બીવીઓ મુરાદ છે. જ્યારે મુસલમાન પોતાની પત્ની તથા ઔલાદને ઝિંદગીમાં નેક અને પાક જુએ છે, તો તેનું દિલ ખુશ થાય છે અને આંખો ઠંડી થાય છે.

અને દુઆ કરે છે કે અમોને એવા મુત્તકી પરહેઝગાર બનાવી દે કે પરહેઝગારોની ઈમામતનાં લાયક બની જઈએ અને જેઓ પરહેઝગારીની ઝિંદગી વિતાવવી ચાહે છે. તેઓ અમારા આમાલની ઈત્તેબા-પૈરવી કરે. સુબ્હાનલ્લાહ,

પારહ-૨૦, સૂરએ કસસ, આયત નં. ૨૧,

قَالَ رَبِّ نَجِّنِيْ مِنَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۲۱﴾

(અર્થાત) અય મારા રબ ! મને ઝાલિમોથી બચાવી લે.

---

પારહ-૨૩, સૂરએ સ્વાદ, આયત નં. ૩૫,

قَالَ رَبِّ اغْفِرْ لِيْ وَهَبْ لِيْ مُلْكًا لَّا يَنْۢبَغِيْ لِاَحَدٍ مِّنْۢ بَعْدِيْ ۚ اِنَّكَ اَنْتَ الْوَهَّابُ ﴿۳۵﴾

(અર્થાત) અર્ઝ કરી, અય મારા રબ ! મને માફ કરી દે અને મને એવી હકૂમત અતા કર, કે મારા બાદ કોઈને ન મળે. બેશક તૂ જ બહુ વધારે આપનાર છે.

---

પારહ-૨૮, સૂરએ મુમ્તહિનહ, આયત નં. ૪, ૫,

رَبَّنَا عَلَيْكَ تَوَكَّلْنَا وَاِلَيْكَ اَنَبْنَا وَاِلَيْكَ الْمَصِيْرُ ﴿۴﴾

(અર્થાત) અય અમારા રબ ! અમોએ માત્ર તારા પર ભરોસો કર્યો અને તારા તરફ ઝુકી ગયાં. અને તારી જ તરફ પલટવાનું છે.

رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلَّذِيْنَ كَفَرُوْا وَاغْفِرْ لَنَا رَبَّنَا ۚ اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۵﴾

(અર્થાત) અય અમારા રબ ! અમને કાફિરોની આઝમાઇશમાં ન નાખ અને અમને બખ્શી દે. અય અમારા રબ ! બેશક તૂ જ ઇઝઝતવાળો હિકમતવાળો છે.

# સખીદાતાઓનાં નામ

★ મર્હૂમ મુન્તઝિરઅલી નઝીરઅલી શેખનાં ઈસાલે સવાબ માટે

હસ્તે મુઝફ્ફિરઅલી શેખ

★ મર્હૂમ હાસમ મીઠા સીદાનાં ઈસાલે સવાબ માટે

હસ્તે ડૉ. ઈકબાલભાઈ સીદા

★ હાજી અબ્દુલ-કાદર વડીયાવાલા

★ હાજી અબ્દુલમજીદ અ.રઝઝાકભાઈ નૂરાની

★ હાજી અ.રઝઝાકભાઈ મિલન પેકેજીંગવાળા

★ હાજી હબીબભાઈ કાસમભાઈ કામાણી

★ હાજી યૂસુફભાઈ હાજી નૂરમહંમદ હમઝાણી



# હમેં પતા કયા હૈ?

- હુઝૂર શૈખુલ-ઇસ્લામ

ખુદાએ બરતરો બાલા હમેં પતા કયા હૈ?
તેરે હબીબે મુકર્રમકા મર્તબા કયા હૈ?

જબીને હઝરતે જિબ્રઈલ પર કફે પા હૈ,
હૈ ઈબ્તિદાકા યે આલમ તો ઈન્તિહા કયા હૈ?

ખુદાકી શાને જલાલો જમાલકે મઝહર,
હર એક સમ્ત હૈ તૂ હી તેરે સિવા કયા હૈ?

કોઈ બિલાલસે પૂછે ખુબૈબસે સમઝે,
સઝાએ ઉલ્ફતે સરકારકા મઝા કયા હૈ?

સમઝ લો અહદે રિસાલતકે જાં નિસારોંસે,
યેહ સિદ્દ્ક કયા હૈ, સફા કયા હૈ, વફા કયા હૈ?

બશરકે ભેસમેં લા-કલ બશરકી શાન રહી,
યે મોઅજિઝા જો નહીં હૈ, તો મોઅજિઝા કયા હૈ?

હર એક દિલકો યહીંસે સુકૂન મિલતા હૈ,
જમાલે ગુંબદે ખઝરામેં અય ખુદા કયા હૈ?

કરમ કરમ, કે કરીમી હી શાન હૈ તેરી,
તેરી અતાકે મુકાબિલ મેરી ખતા કયા હૈ?

ગમે ફિરાકે નબીમેં જો આંખસે નિકલે,
ખુદા હી જાને ઉન અશ્કોંકા મર્તબા કયા હૈ?

જો મેરી જાનસે ઝિયાદા કરીબ હૈ મુઝસે,
ઉન્હેં મૈં ઢૂંઢ રહા હૂં મુઝે હુવા કયા હૈ?

ફકત તુમ્હારી શફાઅતકા આસરા હૈ હુઝૂર !
હમારે પાસ ગુનાહોંકે માસિવા કયા હૈ?

ખડા હૈ **અખ્તરે** આસી દરે મુકદસ પર,
હુઝૂર આપકી રહમતકા ફૈસલા કયા હૈ?